: પ્રકાશક :
ગોપાળરાવ ગજાનન વિદ્વાંસ
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

૩૦ મી એપ્રીલ ૧૯૩૧

: મુદ્રણસ્થાન :
શ્રીસરસ્વતી છાપખાનું
ભાવનગર

અનુક્રમ



આમુખ

મારી દીકરી બે અઢી વરસની થઇ એટલામાં તો તેનાં શિક્ષણ, નિયમન, પ્રવૃત્તિ અપ્રવૃત્તિ વગેરે સંબંધે કેટલાયે પ્રશ્નો મારી સામે ખડા થયા. મેં પુસ્તકો વાંચ્યાં, માસિકો જોયાં, મિત્રોની સાથે વાતચીત કરી પણ ક્યાંઇથી સંતોષકારક ઉત્તર મળ્યો નહિ. મારા સામાન્ય માનસશાસ્ત્રના પરિચયને લીધે જ મને મુશ્કેલીઓ વધારે દેખાયા કરતી હતી. બાળક ખાય છે, પીએ છે, નાચે છે, દોડે છે એટલે બધું સારૂં ચાલે છે એમ હું તો માની શકતી ન હતી; પણ મુશ્કેલીના ઉકેલનો રસ્તો જડતો ન હતો ને માત્ર મૂંઝવણ જ અનુભવતી હતી.

આવી સ્થિતિમાં ડૉ. મોન્ટીસોરીનું સાહિત્ય મારા હાથમા આવ્યું. મને થયું કે જાણે મારા ઉપર ઈશ્વરના આશીર્વાદ ઉતર્યા. એકાએક મારી

ઘણી મૂંઝવણો દૂર થઇ. ઘણીઓનો ઉકેલ કેમ થાય તેનો જાતે વિચાર કરવાની દષ્ટિ પણ મળી. છતાં મારી દીકરીના સીધા શિક્ષણનો પ્રશ્ન તો ઉભો જ રહ્યો. એટલું જ નહિ, પણ તે ઉલટો બમણો ગૂંચવાયો. તે પ્રશ્ન કેમ ઉકેલાયો એ વાત કોઇ બીજે પ્રસંગે. પણ એટલું તો સ્પષ્ટ જ કહું કે મોન્ટીસોરી પદ્ધતિએ મને નવી માતા બનાવી.

આમ મોન્ટીસોરી પદ્ધતિનો મારો પ્રથમ અભ્યાસ માબાપની દષ્ટિએ થએલો: બાળઉછેરમાં ઘરમાં પડતી મુશ્કેલીના ઉકેલની શોધમાં થએલો. ભાવનગર આવીને તે પદ્ધતિનો ઉંડો અભ્યાસ કરતી વખતે તેમ જ ત્યાંની મોન્ટીસોરી શાળામાં કામ કરતી વખતે પણ કોણ જાણે કેમ, મારા સામે આ ઘરની દષ્ટિ હમેશ રહ્યા જ કરી છે. તેથી જ આ મોન્ટીસોરી પદ્ધતિના મારા અભ્યાસ અને અનુભવમાંથી એક માતા તરીકે મને જે લાભ થયો તે અન્ય સઘળાં માતપિતાઓ આગળ મૂકવા હું પ્રેરાઇ છું.

બેશક આ પુસ્તકના વાચનથી બાળકના સમગ્ર શિક્ષણ પરત્વે સમાધાન થવાનું નથી જ. કારણ કે ભલે આપણે ઘરમાં બાલમાનસના વિકાસને આડે ન આવવાની સંભાળ લઇએ,

તેના વિકાસને પોષક વાતાવરણ આપવાનો પ્રયત્ન કરીએ, પણ તેથી મોન્ટીસોરી શાળાની ગરજ સરે છે એવું નથી. ઉલટું એ વિષયમાં જેમ જેમ આપણે વધારે ઉંડાં ઉતરીએ છીએ તેમ તેમ મોન્ટીસોરી શાળાની અનિવાર્યતા આપણને દેખાય જ છે. મેં પોતે તો ઘરમાં મોન્ટીસોરીનાં સાધનો રાખીને મારી દીકરી માટે મોન્ટીસોરી વર્ગ ચલાવવાનો પણ પ્રયત્ન કરી જોયો છે. મારો અનુભવ એવો આવ્યો છે કે ઘરમાં 'મોન્ટીસોરી શાળા' ન ચાલે. પણ ઘરમાં આપણે મોન્ટીસોરી પદ્ધતિના પ્રકાશમાં ચાલી શકીએ. ઘરમાં તેના કેટલાએક વ્યવહારો સારી રીતે અમલમાં ઉતારી શકીએ. કેટલાંએક સામાન્ય તત્ત્વો ધ્યાનમાં રાખીએ તો ઘડીએ ને પહોરે બાલવિકાસને આપણે હાથે જે હરકત પહોંચે છે તે અટકાવી શકીએ. આજે પાંચ વર્ષ સુધી મોન્ટીસોરી શાળામાં કામ કર્યા પછી, અને ઘરમાં બાળકને તેના પ્રકાશમાં ઉછેરવાનો પ્રયત્ન કર્યા પછી, મારો એક મત ચોક્કસપણે બંધાયો છે કે ઘરમાં તો આટલું જ બને: બાકીનું શાળા વિના રહી જાય. ઘર અને શાળાની વચ્ચેની સૂક્ષ્મ છતાં ચોક્કસ મર્યાદા મારી આંખ આગળ સ્પષ્ટ થાય છે. આ મર્યાદા આપણે

જાણવી જોઇએ. માટે જ આ 'ઘરમાં મોન્ટી-સોરી' ને કોઇએ ઘરમાં 'મોન્ટીસોરી શાળા' તરીકે ન સમજવી. વળી શાળાની અવેજીમાં દાખલ કરવાની વસ્તુ તરીકે હું આને મૂકતી નથી, પરંતુ મોન્ટીસોરી શાળા હોય તો તેની પૂર્તિ અથવા સહકાર રૂપે આ છે. અને શાળા ન હોય ત્યાં, સામાન્ય શાળાથી બાળકને કાંઇક ઓછું નુકશાન થાય એટલું માબાપો ઘરમાં કરી શકે, તેની મદદ આ પુસ્તક આપશે એમ માનું છું. આ ઉદ્દેશથી જ આ પુસ્તક લખાયું છે. હું ધારું છું કે આ વાંચીને માબાપોને ઘરમાં બાળક સાથે વર્તવાની બાબતમાં થોડુંએક માર્ગદર્શન તો થશે. પણ આ વાંચીને જો માબાપોને એ વિષય પરત્વે વધારે જાણી લેવાનું, જોઈ લેવાનું ને અભ્યાસ કરવાનું મન થશે તો આ પુસ્તક લખ્યાનું ખરું સાર્થક ગણાશે.

મોન્ટીસોરી પદ્ધતિના મુખ્ય સિદ્ધાંતો આ છે: એક સ્વાતંત્ર્યનો સિદ્ધાંત, બીજું [illegible] જન્ય પ્રવૃત્તિ અને ત્રીજું [illegible] પ્રત્યક્ષ સાધનો.

[illegible] ખ્યાલ, તેને લગતાં [illegible], [illegible]

વ્યક્તિગત અટપટા પ્રશ્નો વગેરેમાં સામાન્ય માબાપોએ બહુ ઊંડા ઉતરવાની જરૂર નથી. જરૂર હોય તો પણ તે ખ્યાલ લેવા માટે જે અભ્યાસ અને અનુભવની અપેક્ષા રહે છે તે માટે બધાં માબાપો વખત ન જ આપી શકે. ધારો કે ફરજીઆતપણે વખત અપાવવાનું આપણા હાથમાં હોય તો પણ પદ્ધતિનો તાત્ત્વિક અને વ્યાવહારિક ભાગ બધી રીતે શીખી લેવાની બધાં માબાપો તાકાત ધરાવે જ એમ પણ નથી. જેમ આપણને શરીર છે છતાં આપણે બધાં પાંચ પાંચ વર્ષ સુધી અભ્યાસ કરી ડાકટરો બનતાં નથી (ને સામાન્યતઃ બનવાની જરૂર પણ નથી,) પણ માત્ર બધાં શરીરીઓએ શરીરને લગતા આરોગ્યના સામાન્ય નિયમો જાણવાની જરૂર છે, જેમ બાળકોને ઉછેરવામાં શરીરની સામાન્ય સંભાળ લેવાની આવડતની જ જરૂર છે, તેમ જ બાળકોના શિક્ષણની બાબતમાં પણ શિક્ષણના મૂળભૂત એવા સામાન્ય સિદ્ધાંતો જ જાણવાની દરેક માબાપની ફરજ છે.

વળી આપણે ચોપડીઓ વાંચીને જો વાદકાપનાં સાધનો ઘેર વસાવીએ તો કામ ન જ આવે. સાધનોના ઉપયોગની આવડત તથા તેના ઉપયોગ દુરુપયોગ વગેરે પરત્વે પાકો ખ્યાલ ન

એક એક સાધનો જે સમજતાં ? નાણાં મોંઘાં હોવાથી ખરીદાય એટલે એક બે પણ જો ત્યાં ત્યાં સાધનો વસાવી મોન્ટીસોરી પદ્ધતિ શરૂ ન થાય; તેને માટે તો ખાસ શિક્ષણ લઈને મોન્ટીસોરી વાતાવરણ રૂપમાં જ તેનો ઉપયોગ ઉપજાવી શકાય છે. મોન્ટીસોરી પ્રયો-જક સાધનોની વાત પણ કાંઈક એવી જ છે. આ પદ્ધતિ સાયન્ટિફિક શાસ્ત્રીય છે, અને કોઈ પણ વિજ્ઞાનની પ્રયોગશાળા જેટલું જ મોન્ટીસોરી શાળામાં મહત્ત્વ છે. ઘરમાં સાધનો વસાવી દીધાં એટલે મોન્ટીસોરી શાળા થઈ જતી નથી. આ પદ્ધતિના ઓછામાં ઓછા બેએક વર્ષના અભ્યાસ પછી જ સાધનોના ઉપયોગ દુરુપયોગનો ખ્યાલ આવે છે; અને ખ્યાલ આવ્યા પછી પણ રીત-સરની શાળા વસાવ્યા વગર તે બહુ કામનાં નથી. માટે માબાપોએ સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિના અભ્યાસ. ધારે ધારે કેળવતા જવું; અને ઇંદ્રિય કેળવણી અને પ્રબોધક સાહિત્યના તાત્ત્વિક વિચા-રમાં ઊંડા ન ઊતરતાં ઘરમાં બાળકો કેમ સ્વ-તંત્રતા મેળે અને ઇંદ્રિયોને વપરાશ કેમ મળે તે સમજી લેવું. તે બાબતમાં માર્ગદર્શક વિચારો હવે પછી આપવામાં આવ્યા છે જે સામાન્ય માબાપો માટે પગથિયા રૂપ થશે.

આથી જ 'ઘરમાં મોન્ટીસોરી' માં મોન્ટી-સોરી પદ્ધતિની ઘરમાં ઉતારવા જેવી સામાન્ય વાતો સાધારણ લોકો (lay-men) સમજી શકે એવી રીતે લખવાનો પ્રયત્ન છે. ઘરમાં માતા તરીકે જેટલું મને પોતાને કરવા જેવું લાગ્યું ને કરી જોયું તેનો સમાવેશ આમાં કર્યો છે; તેમ જ મોન્ટીસોરી શાળાની શિક્ષિકા તરીકે શાળાનાં બાળકો પરત્વે જેટલું તેમનાં માબાપોએ કરવું જોઈએ એમ મને લાગ્યું છે, તેનો પણ આમાં સમાવેશ કર્યો છે.

આ પુસ્તકનો પ્રદેશ શિક્ષણનો હોવાથી બાળકોનું સામાન્ય આરોગ્ય, તેમની સ્વચ્છતા, કપડાં, ખોરાક, ઊંઘ વગેરે બાબતોને અહીં સ્થાન ન જ હોય. છતાં બાળકો બાલમંદિરમાં આવતાં-વેંત જે કામ અમારે કરવું પડે છે તેનો અહીં ઉલ્લેખ કર્યા વગર રહેવાતું નથી. બાળક બાલ-મંદિરમાં આવે કે તેના નખ તપાસીએ છીએ; મોટે ભાગે તે મોટા અને મેલ ભરેલા દેખાય છે. પછી આંખ જોઈએ છીએ; કોઈ કોઈને ચીપડા કાઢવાનું બનાવવું પડે છે. પછી નાક તપાસીએ છીએ; ઘણાંખરાંનાં નાકમાં ગુંગા હોય છે; અને શરીર પર ઘણા જણને મેલનું

નાક સાફ કરાવીએ છીએ. પછી કાન તપાસીએ છીએ; મેલ ઘણાઓના કાનમાં દેખાય છે; કેટલાકના કાન તો વહેતા પણ હોય છે. પછી દાંત તપાસીએ છીએ; કેટલાએકના છેક સડી ગએલા દેખાય છે. આ બધી તપાસ ખરી રીતે માબાપોએ ઘરમાં જ કરવાની છે, અને યોગ્ય જરૂર ત્યાં ડૉક્ટરની સલાહ લેવાની છે. પણ આજે આ બધું શાળામાં કરવું પડે છે. 'ઘરમાં મોન્ટીસોરી' પુસ્તકના પહેલા જ માબાપ આવું બધું તો કરી જ લે એવી આશા છે. સાથે વિચાર કરવા ક્યાં જવું ને તે બાબતના [illegible]

ત્યાં થૂંકવું એ આપણી ખાસ ગંદી ટેવો છે. તે તરફ ધ્યાન ખેંચવાનું કામ પણ કરવું પડે છે. પછી કપડાંની તપાસ આવે છે. રોજ ધોએલાં સાફ કપડાં પહેરાવવાનું થોડાં જ માબાપો સમજતાં લાગે છે. "સાફ કપડાં પહેરી આવો." એમ કહીએ તો બાળકો નવાં ને ઉંચી જાતનાં પહેરી લાવે છે, ને "નવાંની જરૂર નથી." એમ કહીએ તો હંમેશનાં બે પાંચ દિવસે ધોવાય એવાં ગંદાં પહેરે છે. કાં તો તેઓ અંદર ગંદાં અને બહાર ચોકખાં પહેરીને આવે એવું પણ બને છે. એ બધી વાતો પણ સામાન્ય આરોગ્યની છે, ને એ સિદ્ધ કર્યા વગર શિક્ષણ નકામું છે. તેથી જેમ અમે પહેલાં આ બધી તપાસ કર્યા પછી જ દ્દાની પેટી કે બીજું શિક્ષણનું સાધન હાથમાં લઈએ છીએ, તેમ જ માબાપોએ પણ આ બધું તો પહેલાં જ કરવાનું છે; પછી જ માબાપોએ ઘરમાં મોન્ટીસોરીને પધરાવવાની છે.

ધારી પ્રમાણે આ પુસ્તક માબાપોને સાચે-સાચ ઉપયોગી થાય છે કે કેમ એ તો એ પુસ્તક માબાપો વાંચે અને ઘરમાં અમલ કરી જુએ ત્યારે જ ખબર પડે. આમાંની રહી ગએલી બાબતોની પણ ત્યારે જ ખબર પડશે. અત્યારે તો આ

પુસ્તક લોકવાચનના એક પ્રયાસ રૂપે જ તૈયાર થઇને પ્રગટ થાય છે.

આશા છે કે માબાપો એને સહાનુભૂતિથી વધાવી લેશે.



પ્રકરણ બીજું



સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ

સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ

'મોન્ટીસોરી' શબ્દને ઉચ્ચારતાં જ જો કોઈ પણ પ્રકારનો વિચાર જાગૃત થતો હોય તો તે 'સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ' નો છે.

બાઈ મેરીઆ મોન્ટીસોરી પોતે બ્રહ્મચારિણી છે ને તેથી તે એક પણ બાળકની જાતે માતા નથી; છતાં તેનામાં બાળક પ્રત્યે વધારેમાં વધારે કોમળ લાગણી જન્મી, ને તેણે જ બાલપ્રેમની વધારેમાં વધારે સાચી કલ્પના જગત આગળ મૂકી. બાળ-સન્માન-બાળકને એક વ્યક્તિ તરીકે સન્માનવાનો પેગામ તેણે જ ફેલાવ્યો. 'બાળકનું સ્વાતંત્ર્ય' એવો વિચિત્ર લાગતો શબ્દપ્રયોગ તેણે જ પ્રથમ યોજ્યો અને પોતાની શાળામાં તેનો અમલ કર્યો.

અત્યાર સુધી તો એમ જ મનાતું કે બાળક નાનું છે, તેની સમજણ કાચી છે, તે સ્વતંત્ર ન જ હોઈ શકે. બાળક તો આજ્ઞાંકિત જ હોય. ડૉ. મોન્ટીસોરીએ સિદ્ધ કરી બતાવ્યું છે કે સ્વતંત્ર

વ્યક્તિના જે બધા નિયમો મોટા માણસને લાગુ પડે છે તે જ નિયમો બાળકને માટે પણ સાચા છે. બાળક આજ્ઞાંકિત હોય પણ તે બહારના દબાણથી –બહારની બીકથી નહિ, પરંતુ અંદરની સ્વતંત્ર સ્ફુરણાથી; પોતાની જાત ઉપર કાબુ મેળવ્યો હોય તેથી; પોતાની સ્વેચ્છાથી જ. બાળક અનિયંત્રિત, અવ્યવસ્થિત, ઉચ્છૃંખળ સ્થિતિમાંથી પોતાના જ પ્રયત્નો વડે નિયમનાધીન, વ્યવસ્થિત અને સ્વાધીન બને તે જ જરૂરનું છે. પરાણે રાખેલી વ્યવસ્થા અને નિયમન બાળકને સાચું નિયમન આપતાં જ નથી; ને તેથી જ દબાણ દૂર થતાંવેત બાળક અવ્યવસ્થિત અને નિયમનહીન દેખાય છે; વગેરે બાબતો ડૉ. મોન્ટીસોરીએ માત્ર ચર્ચાથી કે શબ્દોથી નહિ પણ ક્રિયાથી કરી બતાવી છે

આપણે અહીં તેની ઝીણી ચર્ચામાં ઉતરીએ. આપણે એટલું જ ધ્યાનમાં રાખીએ કે ઘરમાં બાળકોની સાથે કામ પાડતાં ડગલે પગલે તેમના સ્વાતંત્ર્યનો પ્રશ્ન આપણી સ આવવાનો છે. આપણે ધ્યાન રાખીએ કે બાળક કોઈ પણ સદ્પ્રવૃત્તિ વિકાસ પોષક હોવ તેમાંથી તેને અટકાવવું નહિ; તેને તે સ્વતંત્રત કરવા જ દઈએ. પ્રવૃત્તિ કદાચ જો બીજાની

આવતી હોય તો તેને જુદાં રમકડાં ને વખત ગોઠવી આપીએ, પણ પ્રવૃત્તિને રોકીએ નહિ જ.

વળી બીજી વિચારવાની વાત આપણી 'હા' 'ના'ની છે. આપણી હા અને નામાં તેનું સ્વાતંત્ર્ય અને પારતંત્ર્ય છે. એક ના કહી આપણે તેને ગુલામ બનાવી દઈએ છીએ, એક હા કહી તેને ઉડવાની પાંખો આપી શકીએ છીએ. એક જ સામાન્ય નિયમ ધ્યાનમાં રાખીએ કે જો બનતાં સુધી 'હા' પાડી શકતાં હોઈએ તો 'ના' ન જ પાડવી. મને એક બાઈ કહેતાં હતાં કે સામાન્યતઃ લોકોને એવી જ ટેવ હોય છે કે પહેલવહેલાં ના જ પાડવી. છતાં બાળક જો હઠ કરે તો પછી તે ત્યારે કરીને હા પાડવી. બાળક પૂછે કે 'ફરવા જઉં?' તો કહેવું 'ના' ને પછી બહુ રડે કકળે તો 'જા ત્યારે.' એમ કહેવું, એ રીત નબળા જુલમગારની છે; સ્વતંત્રના ઉપાસક સત્તાધારીની નથી. બનતાં સુધી 'હા' જ પાડવી છે, એવો નિયમ રાખીએ તો ક્યારે 'ના' પાડવી તેનો વિવેક સહેજે આપણામાં આવી જશે, અને બાળકના સ્વાતંત્ર્યની મર્યાદા નિશ્ચિત થશે.

બાળકને સ્વતંત્રતા આપવી તે વ્યક્તિગત વિકાસ માટે, તેને જાતે સ્વાધીન થવા માટે; પણ

જો બીજાને તે હરકત રૂપ થતું હોય (જેમ કે કોઇને મારતું હોય, કોઇની વસ્તુ લઇ લેતું હોય વગેરે.) તો તેને તરત અટકાવવું. અહીં તે સ્વતંત્ર નથી જ. સ્વતંત્ર એટલે પોતાનું તંત્ર જેને છે તે, સ્વને જે અધીન રહી પોતાનું તંત્ર ચલાવે છે તે, સ્વને માન આપી બીજાને જે માન આપે છે તે.

વળી બાળકનું સ્વાતંત્ર્ય એટલે તેને હરવા-ફરવાની છૂટ, ક્રિયા કરી પોતાના સ્નાયુઓ ઉપર કાબુ મેળવવાની છૂટ, પુનરાવર્તન કરી કરી આવડત વધારવાની છૂટ. આપણી જગ્યા જો નાની હોય તો બાળકને હરવા ફરવાની છૂટ હોતી નથી. વિશેષતઃ બાળકને હરવા ફરવાની છૂટ ખાસ જરૂરની છે, તેથી તેને અમુક વખત તો છૂટી જગ્યામાં લઈ જવાનું આપણું કામ થઈ પડે છે.

બાળક ચાલતું હોય, ચડતું હોય, કૂદકા મારતું હોય, વસ્તુઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જતું હોય; તો તે બધી ક્રિયા પોતાની મેળે અને પોતાની ગતિએ કરવાની તેને પૂરેપૂરી છૂટ રાખવી; આપણે વચ્ચે પડવું નહિ; તેમ જ આડે પણ આવવું નહિ. વચ્ચે વચ્ચે તેની ભૂલ કાઢીએ કે તેને દિશાસૂચન કરીએ તો ક્રિયા ઉપર કાબુ મેળવવામાં બાળકને તે વિઘ્નકર જ થઇ પડે છે.

બાળક એકની એક ક્રિયા ઘણી વાર ફરી ફરીથી કરે છે એટલે ઘણી વાર આપણે તેને અટકાવીએ છીએ. તે પણ તેની આડે આવ્યું જ ગણાય.

સામાન્યતઃ આમ શું કરે છે ને તેમ શું કરે છે, અથવા આમ કર ને તેમ કર, એમ જે વારંવાર કહેવાની આપણને ટેવ હોય છે તે પહેલી તકે સુધારીને બાળક કાંઈ પણ કરતું હોય તો તેમાં તેનો કાંઇ હેતુ છે કે કેમ, તે શું સિદ્ધ કરવા મથે છે, તેમાંથી તે કોઇ સ્નાયુગત ક્રિયા શીખવાનો પ્રયત્ન કરે છે કે કેમ, વગેરે જોતા રહેવું. આપણી ઉતાવળને લીધે કે આપણા અવલોકનને અભાવે આપણે બાળકોની ઘણી પ્રવૃત્તિઓને ક્રૂરતાથી એક ઝપાટે દબાવી દઇએ છીએ. તે બાબતમાં પૂરતું ધ્યાન રાખવાની જરૂર છે.

મતલબે સ્વાતંત્ર્ય એ મનુષ્યજીવનનો પ્રાણ છે ને બાલવિકાસનો એ આત્મા છે. બાળકને જાતે જ સ્વતંત્ર કરવા આપણે મહેનત ઉઠાવીએ; એને એનું કામ જાતે કરવા દઇએ; એને એની જાતને જાતે વાપરવા દઇએ; એને જીવનનો અનુભવ જાતે જ કરવાને માર્ગે મૂકીએ અને આપણે તેની આસપાસ વાડ રૂપે ઉભા ઉભા તેના સ્વતંત્ર વિકાસનું રક્ષણ કરીએ. જ્યારે માબાપો પોતાના

અનેક નકારોને ખેંચી લેશે, પોતાના વિચારોનું દબાણ ખેંચી લેશે, માબાપો પોતાના આદર્શોને બાળકે ઉપાડવા જ જોઇએ એમ વિચારવાનું બંધ કરશે, એટલે બાળક સ્વાતંત્ર્યની હવા લેશે. ત્યારે તે શરીર અને આત્માથી સ્વાધીન થશે અને એક વ્યક્તિ થશે. 'ઘરમાં મોન્ટીસોરી' ઘરમાં આવે અને એટલું ન થાય તો ઘરમાં મોન્ટીસોરી આવી નહિ કહેવાય.

બીજું, બાળકની પ્રવૃત્તિ અથવા કામને ત્યારે જ કાંઇ પણ વિકાસક કિંમત મળી શકે કે જ્યારે બાળકે તે પ્રવૃત્તિ પોતાની અંદરની સ્ફૂરણાથી એટલે સ્વેચ્છાથી કરી હોય. બાળક પાસેથી આપણે પરાણે કરાવીએ તેથી બેશક કામ થાય છે, પણ બાળક તેમાંથી કાંઇ શીખતું નથી; બાળક તેમાં ખરી રીતે કાંઇ કરતું જ નથી. તેથી ઉલટું જ્યારે બાળક અંદરની ભૂખથી કાંઇ પણ કામ હાથમાં લે છે અને કરે છે ત્યારે તે કામ ઉપર તે પોતાનો જીવ રેડે છે, બધી શક્તિ વાપરે છે, અને તેથી તે કામમાં તે એકાગ્ર થાય છે, શાંત થાય છે, વ્યવસ્થિત થાય છે ને પ્રવીણતા મેળવે છે. કામ પૂરું થયા પછી તે પ્રસન્ન થાય છે; કામથી તે થાક્યો કે કંટાળી જતું નથી પણ બીજું કામ બમણા જોરથી ઉપાડવાનો ઉત્સાહ ને સ્ફૂર્તિ,

તેનામાં દેખાય છે. પણ જ્યારે બાળક પાસે પરાણે કોઇ કામ કરાવીએ છીએ ત્યારે તેનું ચિત્ત તેમાં ચોટતું નથી, તેનું ધ્યાન ઘડીક ઘડીકમાં બેધ્યાન થાય છે, કામ પૂરું થયા પછી છૂટ્યાની હાશ તેના મોઢામાંથી નીકળે છે, તે થાકી ગએલું દેખાય છે ને પોતાને ગમતું એવું બીજું કામ પણ હાથમાં લેવાની તેને સ્ફૂર્તિ રહેતી નથી.

સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિ આ રીતે બાળકને બધી રીતે લાભકારક છે. તેમાં જ તેની એકાગ્રતાનો ઉત્તમ પ્રકાર થઇ શકે છે; તે દ્વારા તે ટીકચાલ વગેરેની વ્યવસ્થિતતા કેળવે છે; તેમાંથી તે પોતાના ઉપર કાબુ મેળવતાં શીખે છે. આપણે એના ઉપર લાદેલા કામથી એને ઘણું જ નુકશાન નીપજે છે. આજ દિવસ સુધી આપણે જેને જેને મહત્ત્વના માન્યા એવા વિષયોમાંથી અને આપણે ગોઠવેલ વખતે જ શીખવવાના અથવા કરાવવાના પ્રયત્નમાંથી એવું અનુભવ-અવલોકન નીકળ્યું હતું કે બાળકોનું ધ્યાન ભટકતું છે; વીશ મિનિટથી વધુ એક વિષય ઉપર તે ચોટી શકતું નથી; અર્ધા કલાકના કામ પછી તે થાકી જાય છે. આ અવલોકન સાચું હતું, પણ કારણ જુદું હતું. પહેલાના લોકોએ માન્યું કે બાળકનું મન પ્રકૃતિથી

જ એવું ચંચલ છે, જ્યારે ખરું કારણ એ હતું કે આપણે પસંદ કરેલા કામ કે વિષય ઉપર, આપણે નક્કી કરેલે વખતે અને આપણે કહીએ તેમ જ બાળકને કરવાનું હોવાથી તે થાકી જતું અને બેધ્યાન થતું હતું. ઘરમાં બાળકો સાથે વસનાર આપણે સૌ ઘણી વાર જોઇએ છીએ કે બાળક એકાદ નાની પ્રવૃત્તિ ઉપર પણ કલાક સુધી અથવા કેટલીક વાર તો કલાકો સુધી મંડયું રહે છે. આપણે બાળકને સ્વયંસ્ફુરિત વ્યાપાર કરવાની અનુકૂળતા કરી જ આપીએ. અને બીજા આપણને ગમતા વ્યાપારોમાં બાળકને ન લગાડીએ.

સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિમાં બાળકને સમયની પસંદગીની છૂટ જોઇએ. સામાન્યતઃ બાળકો ઇંદ્રિયોના વ્યાપારો માગે છે. એવા બધાં કામો કરવાની સગવડ કરી આપવી. પછી તેમાંથી અમુક ક્ષણે બાળકે શું કરવું તે તેણે પોતે જ નક્કી કરવાનું છે. પસંદગીનો પાયો તેની ઇંદ્રિયની ભૂખ હોય છે, તેનું અંતર રસનું હોય છે. જેમ કે આપણે રેતીનું, માટીકામ, ચિત્રકામ વગેરે પ્રવૃત્તિઓ [illegible] ચિત્રકામનું [illegible] જેનામાં છે તે બાળક ચિત્રકામ [illegible] ને ભલે ગમે તેટલો વખત બેસે. તેને તે વખતે 'અત્યારે માટી-

કામનો વખત છે માટે તે લેવું જોઈએ.' એમ કહીએ ને માટીકામ લેવરાવીએ તો બાળક ચિત્રકામમાં જે પ્રવીણતા મેળવત અથવા મૌલિક સર્જન કરત તે તો અટકે છે જ; ઉલટું જેમાં તેનું મન નથી એવું માટીકામ લેવાથી કામમાં કદાચ આગળ ઉપર તેનામાં જે શક્તિ આવી જવાનો સંભવ છે તે પણ બંધ થાય છે. કારણ કે એક ઇચ્છા પ્રબળ હોય ત્યારે તેને રોકી બીજું કામ હાથમાં લેવાથી ઉલટો તે કામ પ્રત્યે પણ કંટાળો બંધાય એ સંભવનીય છે.

તેથી ઘરમાં કામો પૂરાં પાડતી વખતે પણ આપણે ધ્યાનમાં રાખવાનું કે બાળક જે પ્રવૃત્તિ તરફ શોખ બતાવતું હોય તે જ પ્રવૃત્તિ મનમાગે તે વખતે તેને પૂરી પાડવી. સીવણકામ ઉપયોગી છે એમ ધારી તે જ પૂરું પાડવાનું નથી. આપણાં બાળકને બાગકામનો શોખ હોય ને આપણે તેને સીવણકામ પૂરું પાડીએ તે શા કામનું ? આપણા જમવા ખાવાના વગેરે સમયો નક્કી રાખીને બાળકને પોતાની પ્રવૃત્તિ માટે વખત ગોઠવી આપ્યા પછી તેના એ વખતમાં બાળક વાંચે કે લખે યા રેંટિયો કાતે કે બાગકામ કરે તે પસંદગી તેના હાથમાં છોડવી. આપણે એટલું

જ જોવાનું કે બાળક કાંઇક કામમાં એકાગ્ર છે કે નહિ, કાંઇક સાધ્ય કરવાની મહેનતમાં છે કે નહિ, કાંઇક ઉદ્યોગમાં છે કે નહિ.

પોતાના પ્રયત્નથી–પોતાની બુદ્ધિથી એક એક ડગલું ભર્યાની કિંમત આપણા દિશાસૂચન પછી આપણી મદદથી દસ ડગલાં ચાલ્યા કરતાં સોગણી વધારે છે. તેથી માટીકામ વગેરેમાં આપણે તેને શીખવીએ અને મદદ કરીએ તો તે સુઘટિત ઘાટો બનાવશે; પણ પોતાના પ્રયત્નથી માંડમાંડ બનાવેલું રીંગણું એ ઘાટો કરતાં વધારે કિંમતનું છે. માટે બાળકે પોતે શું ચીતર્યું છે, એણે પોતે શું લખ્યું છે, એણે પોતે કઈ રાંગોળી પૂરી છે, તે જોતા રહેવાનું છે. તેને દિશાસૂચન માટે તે તે જાતનું કામ બતાવીએ; કોઇ વાર આપણને જ આવડતું હોય તો આપણે કરીએ; પણ સીધા અનુકરણમાં જાણી જોઇને ન મૂકીએ. તે પોતાની પસંદગીથી કોઇનું અનુકરણ કરે તો વાત જુદી.

સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિના પ્રશ્નો બહુ જ અટપટા છે. અહીં તો માત્ર થોડોએક સામાન્ય ખ્યાલ આપ્યો છે. હવે પછી બતાવેલી બધી પ્રવૃત્તિઓ આ સિદ્ધાંતોના પ્રકાશમાં કરવાની છે.



પ્રકરણ ત્રીજું

ઇદ્રિયોનો વપરાશ

ઇંદ્રિયોનો વપરાશ

બાળશિક્ષણની શરૂઆત ઇંદ્રિય કેળવણીથી જ થવી જોઇએ, કેમ કે ઇંદ્રિયો જ્ઞાન મેળવવાનાં સાધનો છે. આ સાધનો તૈયાર થાય તો જ્ઞાન મેળવવાનું કામ તો બાળકો પોતાની જાતે જ કરી શકે છે. એને બદલે આજે આપણે સામાન્યતઃ સીધે સીધું જ્ઞાન આપવા પ્રેરાઇએ છીએ. આજની નિશાળોમાં પણ એકદમ લેખન, વાચન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, પદાર્થવિજ્ઞાન વગેરે જ્ઞાનના વિષયોથી જ શિક્ષણની શરૂઆત થાય છે. આ જ્ઞાન આપ્યા જ્ઞાન બરાબર છે; અને 'આપ્યું ને તાપ્યું' એ કહેવત પ્રમાણે આપેલું જ્ઞાન કેટલા દિવસ ચાલવાનું ? જો બાળકને જ્ઞાન લેવાનો માર્ગ ઉઘાડી દઇએ તો અનંત જ્ઞાનના ભંડાર તેની આગળ ખુલ્લા થાય છે; જ્યારે આપીએ તેટલું જ બાળક લે, શીખવીએ તેટલું જ શીખે, એમ રાખીએ તો જ્ઞાન લેવાનો બાળકનો ઉમંગ

આધાર આપણે એટલે શિક્ષકો ને મોટેરાંઓ બની રહીએ છીએ. આમાં પરાવલંબન છે. વળી મોટો તોટો તો એ છે કે આપણે જે જ્ઞાન આપવા નીકળીએ છીએ તેમાં બાળકને રસ પડતો નથી– કારણ કે જ્ઞાન ગ્રહણ કરવાવાળી ઇંદ્રિયો અંદરથી જ્ઞાન લેવા માટે તરવર તરવર કરતી હોતી નથી, કારણ કે ઇંદ્રિયોની કેળવણીના વિચારને આપણા બાળઉછેર અને શિક્ષણની રીતિમાં અવકાશ નથી.

આપણને બાળકની જ્ઞાનેંદ્રિયો કે કર્મેંદ્રિયોના તંદુરસ્ત વ્યાપારોની પરવા જ નથી. આપણે ઇંદ્રિ-યોનું હલનચલન માગતા નથી. બાળકને જાત-જાતના અવાજો સાંભળવા ગમે છે તો ચાલો આપણે ઘંટડીઓ વગાડીએ; તેને જાતજાતનાં કપડાંને અડવાનું મન છે તો ચાલો નાનાં નાનાં જાતજાતનાં કપડાંના કટકા બતાવીએ; તેને સૂંઘવું ગમે છે તો ચાલો નવી નવી ગંધોનો અનુભ કરાવીએ. એવી એવી બાબતો આપણા લક્ષમ જ નથી. આપણે તો માત્ર જ્ઞાનના લોભી થ છીએ. બાળક ૭ વરસનું થયું ને હજી વાંચ કેમ નથી? હજી પલાખાં કેમ આવડતાં નથી હજી મોપાટ કડકડાટ બોલતું કેમ નથી? એ આપણને થાય છે. દસ બાર વરસનું બાળક થ

ર્હ? આપણી રાજધાનીનું નામ જાણતું કેમ નથી? વગેરે જાતની ચિંતા આપણે કરીએ છીએ. આ ચિંતા ઘણે ભાગે વૃથા છે. તેવી જ રીતે મારા બાળકને તો આ આવડે છે, આ આવડે છે એમ કરીને આપણે સંતોષ માનીએ છીએ તે પણ વૃથા જ હોય છે; એ સમજણ વિનાનું અભિમાન છે. આપણે માબાપોએ તો ખરી રીતે એ જોવાનું છે કે બાળક પોતાની ઇંદ્રિયો વાપરીને કાંઈ નવું નવું જાણવાના પ્રયત્નો કરે છે કે નહિ; તેનામાં એકંદરે જ્ઞાન લેવા માટેની ઇંદ્રિયો તંદુરસ્ત છે? તેની આંખો, કાન, નાક, સ્પર્શ વગેરે ઇંદ્રિયો વાતાવરણમાંથી વગર આપ્યું જ્ઞાન લઈ રહ્યાં છે?

ઇંદ્રિયોનો વિકાસ અને તરવરાટ મોન્ટીસોરી શાળામાં પ્રબોધક સાધનો વડે થાય છે. પણ આપણો પ્રશ્ન તો ઘરનો છે. ઘરમાં ઇંદ્રિયોની શક્તિ વધારવા આપણે શું કરી શકીએ?

આપણે ઉછળતી ઇંદ્રિયોના વ્યાપારોને ઘરમાં અવકાશ આપી શકયાં નથી તેથી નાનાં બાળકોને રાખવાનું કામ વધારેમાં વધારે અઘરૂં થઈ પડે છે. પહેલવહેલી જ નડતી વાત એ હોય છે કે બાળક જ્યાં ત્યાં અડે છે, ને જે તે લેવા દોડે છે. આપણે સામાન્યતઃ બાળકની આ વૃત્તિને એક

ઉપાધિ રૂપ ગણી તેને તેમ કરવાની ના પાડીએ છીએ, ને મારીને વઢીને કે સમજાવીને અડવાની ના સિદ્ધ કરીએ છીએ. ઉપરાંત તેના હાથમાં વસ્તુઓ જ ન આવે એવી ગોઠવણ કરીએ છીએ– એટલે કે વસ્તુઓ ઉંચે મૂકીએ છીએ, કબાટમાં મૂકીએ છીએ, વગેરે. પણ આ રીતે બાળક પરત્વે આપણે શું સાધીએ છીએ? ઇંદ્રિયોના વ્યાપારની મંદતા–જ્ઞાનના સાધનનું જ અપંગ-પણું! માટે 'ઘરમાં મોન્ટીસોરી' આવે એટલે પ્રથમ પ્રશ્ન બાળકને માટે ઇંદ્રિયોના વ્યાપારો કેવી રીતે સુલભ કરશું તે ઉભો થાય છે.

ઇન્દ્રિય કેળવણી તો તે માટેનાં સાધનો ઉપર પદ્ધતિસર કામ કરવાથી જ સધાય છે; ઘરમાં ઇન્દ્રિય કેળવણીનાં માત્ર સાધનો વસાવવાથી તે નથી જ બનવાનું. પરંતુ માબાપો સાધનો અને પદ્ધતિ સિવાય જુદી જુદી રીતે બાળકોની ઇંદ્રિયોને વ્યાપાર કરવાનું–વાપરવાનું ક્ષેત્ર આપી શકે છે. અને આવા વપરાશથી પણ લાભ તો છે જ.

સ્પર્શેન્દ્રિય

બાળકની પહેલી ને મહત્ત્વની ઇંદ્રિય સ્પર્શે-ન્દ્રિય ગણાય. અહીં સ્પર્શ વ્યાપક અર્થમાં છે. બાળકને સ્પર્શવાની ગોઠવણ કરી આપવી જોઇએ.

સ્પર્શમાં કોઈ પણ પદાર્થની કોર ફરતાં આંગળાં ફેરવીને તેનો આકાર ગ્રહણ કરવાનો એક પ્રકાર છે; વસ્તુની સપાટી ઉપર હાથ ફેરવીને સુંવાળું ખરબચડું જાણવું તે બીજો પ્રકાર છે; અડીને અથવા આંગળાં બોળીને ગરમ ને ઠંડું પારખવું ને ત્રીજો પ્રકાર છે; આંખની મદદ વગર સ્નાયુના ચાળવણીથી આકાર પારખવો એ ચોથો પ્રકાર છે ને હાથ ઉપર વસ્તુને તોળવી એ પાંચમો પ્રકાર છે

ઘરમાં ટેબલ હોય, વાસણો હોય, બીજી વસ્તુઓ હોય, તે ઉપર નાનું બાળક ઘણી વાર હાથ ફેરવતું દેખાય છે. બાળક જેમ કરતું હોય તો તેને અટકાવવું નહિ પણ તે શાંતિથી તેમ કરી શકે એવી ગોઠવણ કરી આપવી. ચોરસ, ગોળ, ત્રિકોણ વગેરે સમજાય આકારો હોય તો તેના ઉપર આપણે આંગળાં ફેરવીને બતાવીએ પણ ખરાં કે આંગળાં કેમ ફેરવાય. જો બાળકને આકારનો પરિચય ચોક્કસ થયો છે એમ લાગે તો આકારના નામો પણ આપીએ. આથી ઇંદ્રિયજન્ય અનુભવ શબ્દમય બને. પરંતુ એટલું ધ્યાનમાં રાખવાનું કે બાળકના પાછળ પડીને તેને કશું શીખવવા બેસવાનું નથી. બાળક જે કરતું

હોય તેને ન અટકાવવા પૂરતું માબાપો કરે તો પણ ઘણું શિક્ષણકાર્ય કર્યું ગણાશે.

બાળક સપાટી ઉપર હાથ ફેરવવા માગતું હોય ત્યારે હાથ ધોઇને કપડાથી લૂછી નાખી પછી ફેરવવાનું બતાવીએ. તેથી સ્પર્શની સૂક્ષ્મતા વધે છે. હાથ ફેરવતાં વસ્તુ બગડે નહિ કે ભાગે તૂટે નહિ તેની સંભાળ બતાવવાની જરૂર હોય ત્યાં તે બતાવીએ. જેમ કે નવું કાચનું વાસણ આવ્યું હોય તો આપણે જ તે પ્રથમ પકડીને આસ્તે આસ્તે સંભાળથી હાથ કેમ ફેરવાય તે બતાવીએ તો બાળક તે સારી રીતે શીખે છે. નવાં લુગડાં ઉપર હાથ ફેરવવાનું બાળકને બહુ ગમે છે. તે વખતે હાથ ધોઇને પછી હાથ ફેરવવાની આપણે રજા આપી શકીએ. મંદિરોની લાદીઓ વગેરે ઉપર પણ હાથ ફેરવતાં ને આળોટતાં આપણે તેમને જોઇએ છીએ. અહીં સ્પર્શગમ્ય અનુભવનો આનંદ બાળકો લે છે.

ગરમ ઠંડા પાણીમાં હાથ બોળવાની રમત બાળકને ઘણી પ્રિય છે. એક બાજુએ બે વાટકા ને બે કળશા આપીએ; એકમાં ગરમ પાણી ને એકમાં ઠંડું પાણી રાખીએ. બાળક વાટકામાં પાણી કાઢે, વધારે ગરમ, ઓછું ગરમ, સતપ,

ઠંડું, સાવ ઠંડું વગેરે પ્રયોગથી અનુભવે ને કોઇ વાર વળી આપણે ગરમ, સતપ, ઠંડું એવાં પાણીનાં નામો પણ આપીએ. પાણીની રમતમાં પોતાનાં કપડાં સાચવીને કેમ રમત થાય, નીચે પાણી ઢોળાય તો કેમ લૂછી નખાય વગેરે પણ બતાવીએ તો બાળક તે સુચનાઓ અમલમાં મૂકે છે. બાળક ગરમ ઠંડાનો અનુભવ કરવાને બદલે બીજી રમત ઉપર ચડી ગએલું દેખાય તો પાણી લઇને ફેંકી દઇએ ને રમત પૂરી કરી દઇએ.

હાથના સ્નાયુઓની ચાળવણી માટે માત્ર હાથ જ જઇ શકે એવા સાંકડા મોઢાની કોથળીઓ સારૂં કામ આપે છે. કોથળીમાં સાચાં અથવા લાકડાનાં ફળો, શાક, આકાંઅવળાં રમકડાં, ડાબલી, સોપારી, સોગઠી, વગેરે ગમે તે નાખી બાળકને કોથળી આપવી. બાળક જોયા વગર હાથથી જ વસ્તુને ઓળખી કાઢે એ રમત તેને ખૂબ મજા આપે છે.

બાળક જુદી જુદી વસ્તુઓ હાથમાં લઇ આંગળાંના વેઢાના ભાગ ઉપર મૂકી તોળી જુએ; બે હાથમાં બે વસ્તુઓ લઇ આ આનાથી હલકી છે ને આ આનાથી ભારે છે વગેરે અનુભવતાં શીખે. હલકું ભારે એ શબ્દો પણ એ અનુભવને

આપણે આપી શકીએ. બાળક અહીં પોતાનો સ્પર્શ અને સ્નાયુ વાપરશે.

આંખની ઇન્દ્રિય

સ્પર્શ પછી આંખની ઇંદ્રિય આવે છે. જેમ જેમ બાળક મોટું થતું જાય છે તેમ તેમ તે સ્પર્શની સાથે આંખને વધારે વધારે વાપરતું જાય છે. આખ બે બાબતો જુએ છેઃ વસ્તુનું રૂપ અને વસ્તુનો રંગ.

પરંતુ વસ્તુનો ઘાટ અથવા આકાર એ સ્પર્શગમ્ય પણ છે. માટે આકાર ઉપર હાથ ફેરવતાં આંખની મદદ બાળક લે છે. એ ક્રિયામાં તેની બે ઇંદ્રિયોને વ્યાપાર મળે છે, તેને બદલે કોઈ વાર આંખે પાટા બાંધીને સ્પર્શ કરવાની રમત દાખલ કરીએ તો સ્પર્શેંદ્રિય જુદી પડે છે. આંખ ઉઘાડી હોય ત્યારે તે આકારગ્રહણનું કામ કરે જ છે. હાથ ફેરવીને આકાર જોવામાં આંખને હાથની મદદ મળે છે; આ અનુભવ આગળ ઉપર લખતી વખતે અને અક્ષર શીખવવામાં ખૂબ કામમાં આવે છે.

સ્પર્શ ન કરી શકે પણ માત્ર આંખ જ કરી શકે એવું આંખનું કામ રંગ જોવાનું છેઃ

ઘરમાં એને લગતી શાસ્ત્રીય રમતો તો ન થઈ શકે; પણ બાળકો વસ્તુના રંગો જુએ, ને આપણે તે તરફ ધ્યાન ખેંચીએ ને રંગનાં નામો બોલીએ. આ ટમેટું રાતું છે, બેતર લીલું દેખાય છે, વગેરે વાક્યોથી બાળકોનું ધ્યાન ખેંચાય છે. ઘરમાં રંગબેરંગી વિધવિધ વસ્તુઓને છૂટથી જોવા દેવામાં રંગની શક્તિનો સારો વપરાશ થશે.

શ્રવણેન્દ્રિય

અવાજની ઇંદ્રિય એટલે કાન–શ્રવણેંદ્રિય. શાંતિની રમતમાં બાળકનું ઝીણા મોટા અવાજ તરફ સારી રીતે ધ્યાન જાય છે. બાળક ઘણી વાર વસ્તુઓ પછાડીને કે એક ઉપર એક ભટકાવીને વગેરે રીતે અવાજ કરતું દેખાય છે; તે નકામું ગણી અટકાવવું નહિ. ઘરમાં બાળક પ્યાલા અને થાળીઓ તેમ જ રકાબી ઉપર દાતણ મારી અવાજનો તફાવત પારખે છે. બાળકો આ અવાજ કોનો, આ અવાજ કોનો, એની રમત પણ રમી શકે. દૂરના અને નજીકના અવાજને પારખવાની રમત પણ ચાલી શકે.

સ્વાદ અને ગંધ

બાળક સ્વાદ અને ગંધ લેવાની–સૂંઘવાની

બાબતમાં પણ જેટલું કરવા માગતું હોય તેટલું તો કરવા જ દઇએ. આંખ બંધ કરી સ્વાદ કે ગંધ પારખવાની રમત મજા આપે છે. ફરવા નીકળે તોયે પાંદડાં ચોળીને સૂંઘે, ફૂલ સૂંઘે, બજારમાં નીકળે તો અથવા ઘરમાં આવેલી જુદી જુદી વસ્તુઓ સૂંઘે, વગેરે જરૂરનું છે. વસ્તુ મોઢામાં નાખીને પારખવાની ટેવ બાળકને બહુ જ નાનપણથી હોય છે. પણ તે રીત જરા જોખમભરી છે, એટલે આપણને પૂછ્યા વગર બાળક કોઈ વસ્તુ ચાખે નહિ, તેમ જ ધોયા વગર કોઇ વસ્તુ મોઢામાં નાખે નહિ એવો રિવાજ રાખવો જોઇએ. પરંતુ બીજી રીતે, ચાખી જોવાની ટેવ સ્વાદને તીવ્ર કરે છે. ખેતરમાં નીકળ્યા હોઇએ તો મગના બે દાણા ચાવી જોવા, મેથીનું પાંદડું ચાવી જોવું, વગેરેથી વસ્તુના સાચા સ્વાદની ખબર પડે છે. આપણા ભોજનમાં તો વિવિધ સ્વાદ ને વાસનો મેળ હોય છે. એનું પૃથક્કરણ કરવાની ટેવ રમત રૂપ થઇ પડે છે.

છેલ્લે એટલું તો કહેવું જ જોઇએ કે આવું બધું કરવાથી ઇંદ્રિય કેળવણી થાય છે એમ માનવાનું નથી; છતાં કાંઇક કાંઇક ઇંદ્રિયોના વ્યાપારો મળવાથી ઇંદ્રિયો વતી જ્ઞાન લેવાની વૃત્તિ ખીલે છે.

તેમ જ ઇંદ્રિયોમાં થોડી ઘણી ચપળતા આવે છે; તે સતેજ થાય છે એટલું તો બને જ છે. વિશેષતઃ માબાપો અજાણે બાળકોની આવી પ્રવૃત્તિઓ નકામી ગણી તેમ જ અડચણ રૂપ ગણી અટકાવે છે તે તરફ ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે. બાળકોને પોતાની જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયથી કંઈક કરવા દો; એમની ઇંદ્રિયોને કદિ બાંધી રાખો નહિ.

પ્રકરણ ચોથું



ઘરમાં બાળક

ઘરમાં બાળક

આપણે સૌને ઘેર બાળકો રહે છે. પણ આપણે ત્યાં એક દિવસ માટે આવેલા મહેમાનને રીઝવવા માટે આપણે જેટલી [illegible] કાળજી [illegible] તેમ તેટલીએ આપણાં બાળકો માટે કદી આપીએ છીએ ? બાળકનો ખૂણો કે તેની ઓરડી એવું તો આપણે રાખતાં જ નથી. બાળક આપ- [illegible] આપણી સાથે રહે છે. આપણું [illegible] ગમતું હોય છે, તેથી તે આપણી સાથે જ્યાં ત્યાં આથ- ડ્યા કરે છે, ને આપણે પણ તેની સાથે જાણે કે [illegible] હોઈએ. વળી આપણે ઘરે એટલાં [illegible] માટે [illegible] ને બેઠકો [illegible] બાળકને રહેવું પડે છે. આપણાથી [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] ત્યાં એ દિવસ આપણે રહેવાને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ત્યાં ચિત્રો ને ફોટા ઉંચા હોય તે આપણે કેમ જોઇ શકીએ ? આપણાં કપડાં તેઓ ઉંચી ખીંતીએ ટાંગી દે, પછી તેમની પાસે વારંવાર માગવા જ જવું પડશે. આપણે કેટલાં મૂંઝાઈશું ? બાળકો આપણી વચ્ચે આમ જ મુંઝાય છે. બાળકો માટે તેઓ ઉપાડી શકે એવી નાની અને હળવી વસ્તુઓ આપણે કદિ વસાવીએ છીએ ? તેઓ પહોંચી શકે એવી રીતે ખીંતીઓ કે પાણીના ગોળા કે કાંઈ રાખવાની તકલીફ આપણે લઇએ છીએ ?

બાળકને આપણી સાથે રાત દિવસ રહેવું છે ત્યારે તેનો રહેવાનો હક્ક આપણે સ્વીકારવો જ જોઇએ, અને આપણું ઘર તેને રહેવા યોગ્ય બનાવવું જ જોઇએ. એક ગાય વસાવીએ તો તેને રહેવા યોગ્ય રહેઠાણ આપણે કરવું પડે છે–કરીએ છીએ, અને આપણે ત્યાંનાં બાળકો માટે કશું નહિ ?

બાળકની પ્રથમ જરૂરીઆત તેની જુદી જગ્યા (શક્ય હોય ત્યાં ઓરડી અને નહિ તો ઓરડીનો એક ખૂણો) ચોક્કસ મર્યાદા આંકીને તેને સોંપી દેવી. ત્યાં તેને બેસવા માટે આસન હોય, તેની પ્રવૃત્તિનાં સાધનો મૂકવાની ગોઠવણ હોય, તેનાં રમકડાં ને તેનું બધું તે પોતાનું.

ઘરમાં ગોઠવી શકે એમ હોય. ત્યાં એકાદ આભરાઈ ને એકાદ બે ખીંતીઓ તેની ઉંચાઇને ધોરણે ખોડેલાં હોય. તેનો સામાન મૂકવા માટે એકાદ કબાટ અથવા પેટી કે ખોખું આપીએ. અને તેના ઘર પ્રત્યે ને તેની વસ્તુઓ પ્રત્યે આપણે સંપૂર્ણ માનથી વર્તીએ. તેને પૂછયા સિવાય તેનું ગમે તેમ ઉપાડી લઈએ, વીંખી નાખીએ એ તેને અસહ્ય થાય. તેનું પોતાનું ઘર થશે એટલે બાળક આપણી વસ્તુઓ પ્રત્યે પણ માન રાખતાં શીખશે. તેને બરાબર ખ્યાલ આવે છે કે જેમ મારી પેન્સિલ કોઇ ઉપાડી ન જઈ શકે, તેમ જ મારાથી પણ બાપાની ચોપડી ઉપાડાય નહિ કે બાનું શીવણ વીંખાય નહિ.

બીજું આપણા ઘરમાં જ્યાં જ્યાં બાળકને સમૂહમાં રહેવાનું છે ત્યાં તેને માફક આવે એવી વસ્તુઓ વસાવીએ. આપણે માટે ઉંચે પાણિયારે ગોળો મૂકયો હોય તો તેને માટે નીચી ઘડમાંચી ઉપર માટલી ને પ્યાલો મૂકીએ. તેને માફક આવે એવી થાળી, વાટકો, પાટલો, ગાદલું વગેરે જરૂર વસાવીએ. બાળકની વસ્તુઓ હળવી હોવી જોઇએ. પોતે ઉપાડીને આમ તેમ ફેરવી શકે, સાફસૂફ કરી શકે, એ જાતનો તેને માટે સામાન

હોય. આપણે બેવડો ન વસાવી શકતાં હોઇએ તો બાળક માટેના સામાનથી ચાલી શકે ત્યાં આપણે મોટેરાં ચલાવીએ: જેમકે બાળકની નીચી માટલી-માંથી આપણે પાણી પી શકીએ.

એકંદરે બાળકને રહેવા યોગ્ય એવું આપણું ઘર રાખવું. તેથી સગવડ પડે છે, તેથી તેનું વ્યક્તિત્વ સન્માનાય છે, તેથી તેને વ્યવસ્થિત થવાની સારી તક મળે છે. આટલું કરશું ત્યારે તો માત્ર બાળકનો જીવવાનો હક્ક જ આપણે સ્વીકાર્યો કહેવાશે.



પ્રકરણ પાંચમું

શાંતિની રમત

શાંતિની રમત

ઓરડામાં બારીબારણું હોય, અંદર એકાદ બે સળગતી ધૂપસળીઓની વાસ ઓરડાને સાત્ત્વિક શાંતિ આપતી હોય, ચળકતા ગુલાબી ફૂલ જેવા તેમના સળગતા છેડાઓ કેવળ અંધારામાં ઝાંખું અજવાળું પૂરતા હોય ને અંદર વીશ પચીશ નાનાં નાનાં બાળકો શાંત બેઠાં હોય—કોઈ બાળક મોટા યોગીની માફક ધ્યાન કરતું હોય; કોઈ આંખ ઉઘડી જાય છે માટે આંખે પાટો બાંધીને બેઠું હોય; કોઈ આ શાંતિનું દૃશ્ય જોવાની જ મજા લેતું આમ તેમ આંખો ફેરવીને અંધારામાં શું દેખાય છે ને કેવું દેખાય છે તે જોતું હોય; તો કોઈ આ આખા દૃશ્યથી છક થઈને શાંત થઈને બેઠું હોય. આ સ્થળે અવાજમાં તો માત્ર ઘડીયાળનું ટીક ટીક, કાં તો બાળકોના શ્વાસો-શ્વાસના ધીમા ધીમા ગુમકાર, કાં તો બહાર આવતા દૂર [illegible] પવનચાલ, કાં તો કંઈ [illegible]

લીના કિલકિલાટ, વચ્ચે વચ્ચે શિક્ષકનો સૂચના આપતો કે અવાજ તરફ ધ્યાન ખેંચતો ધીમો અવાજ: આખો અનુભવ અદ્ભુત હોય છે. આખું દૃશ્ય અદ્ભુત !

વાંદરાંની જેમ એક ક્ષણ પણ સ્વસ્થ કે કે શાંત ન બેસી શકનાર આ વીશ પચીશ વાંદરાંઓ પંદર પંદર, વીશ વીશ મિનિટ સુધી યોગીની જેમ ધ્યાન ધરીને બેસતાં જોઇ હરકોઈ માણસ સહેજે આશ્ચર્યાનંદમાં ડૂબી જાય.

બાળમાનસશાસ્ત્રની દૃષ્ટિએ ડૉ. મોન્ટીસોરીએ કરેલી શિક્ષણ વિષયક શોધોમાં શાંતિની શોધ અજબ છે.

આજ. દિવસ સુધીમાં સઘળા ધુરંધર શિક્ષકો બાળકોને શાંત કેમ રખાય તેની ભાંજગડમાં હેરાન હેરાન થઇ ગયા હતા. માતપિતાઓ તો ઘરનાં ચાર છ બાળકોથી પણ કંટાળી ગયાં હતાં. સમગ્ર બાલઅનુભવીઓના સાર તરીકે માનસશાસ્ત્રીઓએ પણ એ જ સિદ્ધાન્ત સ્વીકાર્યો હતો કે બાળકોનું ધ્યાન બહુ જ થોડો વખત એકાગ્ર થઇ શકે છે, ને બાળક બહુ જ થોડો વખત એક .જગ્યાએ સ્થિર બેસી શકે છે. પણ મોન્ટીસોરી બાઇએ આ બન્ને સિદ્ધાન્તોને પોતાના અમૂલ્ય પ્રયોગોથી ધક્કો

માર્યો છે, અને બતાવ્યું છે કે બાળકનું મન શાંત અને સ્થિર રહી શકે છે. વ્યવસ્થિત ચાલતી મોન્ટીસોરી શાળામાં જઇને જોનારને ઉપરનો અનુભવ જરૂર થશે.

બાળજીવનમાં શાંતિનું કેટલું મહત્ત્વનું સ્થાન છે તે માબાપોએ જાણી લેવું જોઇએ, અને તેને આપી દેવું જોઇએ. આપણે જો એમ માનતા હોઇએ કે બાળકો ઘડી પણ શાંત બેસી જ ન શકે તો તે માન્યના ઉપલો અનુભવ ખોટી ઠરાવે છે. બાળકોને શાંતિનો અનુભવ ચખાડીએ તો તેઓ તેની મીઠાશ લઇ શકે છે, ને તેથી તેમના એકંદર હીલચાલ ઉપર ને તેમના જ્ઞાનતંતુઓ ઉપર ઘણી જ સુખકર અસર થાય છે. સાથે સાથે જ તેમની સન્મુખ જાણે કે એક નવી ગુપ્ત દુનિયા ઉઘડે છે તે પણ એક મોટો લાભ છે. હમેશ ઘોંઘાટ ગડબડમાં જ મચ્યાં હોઇએ ત્યારે આપણી આસપાસ જે ઝીણા, મધુર કે કર્કશ અવાજો થતા હોય છે, જે સૂક્ષ્મ સુગંધો કે દુર્ગંધો ફેલાએલી હોય છે, જે કેટલીયે ધીમી હીલચાલો ચાલે છે, એ બધા તરફ આપણું ધ્યાન જ જતું નથી. આસ્તે આસ્તે આપણી જ્ઞાનેન્દ્રિયો એટલી જડી બને છે કે સૂક્ષ્મ ગ્રહણ માટે તે

નાલાયક થાય છે. અર્થાત્ સૂક્ષ્મ સંસ્કારિતાનો આપણો માર્ગ બંધ થાય છે.

બાળકો શાંત થઈને બેસે છે ત્યારે આ બધી ઝીણી વસ્તુઓ તરફ તેમનું ધ્યાન જાય છે. જાણે કે કોઈ જુદી જ દુનિયામાં-નવી દુનિયામાં પ્રવેશ કર્યો હોય એમ તેઓ નવું નવું સાંભળે છે, નવું નવું સૂંઘે છે, નવું નવું જુએ છે ને નવનવા અનુભવો કરવા ઉત્સુક એવી એમની ઇંદ્રિયો બહુ જ સતેજ બને છે-સૂક્ષ્મ બને છે.

આપણે આ શાંતિની રમત ઘરમાં દાખલ કરવા જેવી છે.

શાંતિની રમત જેટલી ઉપયોગી છે, જેટલી મહત્ત્વની છે, જેટલી લાભકારક છે તેટલી જ તે બાળકો આગળ ધરવામાં અઘરી છે. શાંતિનો પૂરેપૂરો સ્વાદ ચાખતાં છતાં તેમાં રમતપણું રહે, ને રમતપણું રહેવા છતાં ઝીણા અનુભવોમાં બાળકો વધારે ને વધારે ઊંડા ઊતરતાં જ જાય એ સાધવું અઘરું છે; છતાં અશક્ય નથી જ. આપણે આધ્યાત્મિક જીવન કહેવાતા હિંદીઓએ તો ખાસ સંભાળ રાખવાની કે આ રમતમાં આપણે વધારે પડતી ગંભીરતા ન લાવીએ. આપણી બાળકોનું જીવન એટલે ગંભીરતા ન માનતા હોઈએ. તેમ જ

બીજી બાજુએ પણ ઢળી ન જઇએ તે પણ જોવાનું રહે.

બાળક અથવા બાળકોને શાંતિની રમતમાં નીચે પ્રમાણે અનુભવો કરાવવાના હોય.

પહેલો અનુભવ શાંત બેસવાનો. હાથ ન હલે, પગ ન હલે, માથું ન હલે, આંખની પાંપણ પણ ન હલે. બાળકો આ રમતમાં તરત દાખલ થાય છે. આપણે તેમની સામે શાંત થઇ બેસીએ ને તેમને આપણું કાંઈ હલે છે કે કેમ તે જોવાનું કહીએ તો તેમને બહુ મજા પડે છે. આપણું કાંઇ હલે કે તેમણે આંગળી ઉંચી કરવાનો રિવાજ રાખવો એટલે શાંતિનો ભંગ થયા વગર રમત ચાલુ રહેશે. પછી તેમનામાંથી એકેક સૌની વચ્ચે શાંત બેસે ને બીજાં બધાં આંગળી ઉંચી કરવામાં રહીએ. પછી બધાં જ એક સાથે એમ બેસે, વગેરે રમત ચાલે. પ્રથમ અરધી પા મિનિટ જ શાંત બેસવાથી શરૂ કરવું. જતે દહાડે બાળકોને ખૂબ લાંબો વખત એટલે બે ત્રણ મિનિટ શાંત રહેવામાં મજા પડશે.

બીજો અનુભવ અંધારાનો. ઓરડામાં અજવાળું હોય તે એક પછી એક બારીબારણાં આસ્તે આસ્તે બંધ થતાં ચાલ્યું જાય ને અંધારું થતું

[illegible]

ત્રીજો અનુભવ આપણે શાંત બેસી આસપાસની દુનિયાનો અનુભવ કરવાનો છે. જેમ કે આપણે શાંત બેસીએ એટલે બહાર મોટર કે ટ્રામો જતી સંભળાય; દૂર દૂરથી એંજીનની સીસોટી સંભળાય; ક્યાંકથી પક્ષીનો અવાજ આવે; ક્યારેક ગધેડાં ભૂંકે, તો ક્યારેક કોયલ ટહૂકે. અવાજની જેમ જ જાતજાતની ગંધ પણ આવે છે. કોઈ વાર રસોડામાંથી કાંઈ વાસ આવે, કોઇ વાર ફૂલઝાડ ઉપરથી આવે તો કોઇ વાર ખાળમાંથી આવે. તેમ જ આજુબાજુની હીલચાલનું યે ભાન થાય. બહાર કોઈ જતું હોય, મેડી ઉપર કોઇ બોલતું હોય, પડખેની ઓરડીમાં ટેબલ ફેરવાતું હોય વગેરે. પોતે તટસ્થ થઇ આ બધા અનુભવો કર્યા કરવા એ બહુ મજા આપે તેવું છે. બાળકો તેવો અનુભવ રસથી કરે છે.

ચોથો ને ખરેખરો મહત્ત્વનો અનુભવ તે શાન્તિનો. ગડબડ ગડબડ ને ધમાલ વગેરેમાંથી નિવૃત્ત થઇ આમ બેસવાથી જ્ઞાનતંતુઓ સમતોલ બને છે, મગજ શાંત થાય છે, ને તેથી જાણે કે થાક ઉતરી ગયો હોય એવો અનુભવ થાય છે. બાળકને પણ આ અનુભવ થાય છે. આજના ધમાલિયા જગતમાં આસપાસના ગડગડાટ ને

ટણટણાટ ને સતત હીલચાલથી આપણે આપણા જ્ઞાનતંતુઓને કેટલા થકવી નાખીએ છીએ એની આપણને કલ્પના જ નથી. નાનપણથી આ શાંતિ મેળવી લેવાની ટેવ અત્યંત કિંમતી છે.

માબાપોએ ઘરમાં નાની ઉંમરથી બાળકને શાંતિનો અનુભવ કરાવવો જરૂરનો છે.



પ્રકરણ છઠ્ઠું



સામાજીક જીવનની તાલીમ

સામાજિક જીવનની તાલીમ

સમાજમાં એટલે કે પોતાની આસપાસની દુનિયામાં રહેવા માટે બાળક લાયક બને તે માટે પ્રથમ તો તે સ્વાશ્રયી અને સ્વમાનવાળું થવું જોઈએ. તેથી પોતાનાં કપડાં પહેરવાથી આ કામોની શરૂઆત થાય છે. પછી સાફસૂફ, ખાવા-પીવાની આવડત વગેરે આવે. તે કામો બરાબર આવડે તે માટે શરીરનું અંગનોલપણું શીખવાનું આવે ને અંગસ્વચ્છતા આવે. આવી બધી બાબતો આવડે એટલે બાળક સામાન્યતઃ ઘરમાં કે શાળામાં રહેલા મોટે—ચાર માણસોની વચ્ચે ભળવા માટે લાયક બને છે. દરેક બાળકને સામાન્ય જીવનની જરૂરિયાતનું ભાન અને તેને લગતા કામકાજની સામાન્ય આવડત હોય તો બધાં જોડે ભળાય ત્યારે કોઈ કોઈને ભારે પડતું નથી. તેમનામાં જો સ્વમાનવૃત્તિ ઉત્પન્ન કરી શકાય જોઈએ (અને એ વૃત્તિ પોતાનું કામ પોતે

કરી નાખવામાંથી જરૂર આવે છે.) તો સામાજીક વ્યવહાર સરલ, સાદો અને બધાને સુખાવહ એવો થાય છે. આજની આપણી સામાજીક ખટપટ ને કજીયાકંકાસનો ૫૦ ટકા ભાગ તો આપણી અણઆવડતને લીધે છે, ને ૫૦ ટકા કામ કરી નાખવાના શિક્ષણને બદલે કામમાંથી છટકી જવાનું જે શિક્ષણ આપણે બાળકોને આપણા આચરણથી ને વાણીથી આપીએ છીએ તેને આભારી છે. માણસમાં કામનો શોખ અને આવડત આવે તો કામ જોઇને કૂદી જ પડવાનું મન થાય. આપણે માટે કોઈ કામ કરી આપે તેમાં બીજા ઉપર ફાવ્યાનો આનંદ નહિ, પણ બીજાં ઉપર આધાર રાખવો પડ્યો તેની શરમ ઉત્પન્ન થાય. આવી રીતે સામાજીક વ્યવહાર સુલભ અને સુખાવહ થાય તેની કેળવણી બાલ્યાવસ્થામાં ઘરમાં ને શાળામાં મળે તેની ગોઠવણ આ પદ્ધતિમાં આવે છે.

બુતાન બીડવાં

બાળકને વહેલી તકે પોતાની મેળે કપડાં ઉતારતું તેમ જ પહેરતું કરી દેવું જોઇએ. તે માટે પ્રથમ તો કપડાંનાં બુતાન કે નાડી આગળ રાખવાં જોઇએ, તેમ જ બુતાન બીડવાં ઉઘાડવાં

દાવે એટલાં મોટાં રાખવાં જોઇએ; નાડી પણ બહુ જાડી નહિ બહુ બારીક નહિ એવી, ને બાંધવા છોડવામાં ઠીક પડે એટલી લાંબી રાખવી જોઇએ.

બાળક બે અઢી વરસનું થાય ત્યારે તેને કોઈ વાર વખત જોઈ બુતાન બીડવાની કે ઉઘાડવાની ક્રિયા આસ્તેથી બતાવવી. આંગળાની દરેક ક્રિયા સ્પષ્ટ ને ધીમે ધીમે તેમ જ બાળકનું ધ્યાન ખેંચાય તેવી રીતે ચીપીને કરવી. બુતાનનું આવડ્યા પછી નાડી બાંધવાનું બતાવવું. બધું એકી સાથે બતાવવાથી આવડે નહિ.

બાળક બધું એક સાથે ગ્રહણ કરતું નથી એમ લાગે તો કટકે કટકે બતાવવું. જેમ કે બુતાન બીડવામાં બાળક માત્ર ગાજમાં બુતાન ભરાવે ને બીજી બાજુથી આપણે ખેંચી રાખીએ. નાડી બાંધવામાં પ્રથમ માત્ર નાડી ખેંચીને કેમ છોડવી, પછી પહેલી ગાંઠ કેમ વાળવી, પછી નીરગાંઠ કેમ વાળવી ને પછી સરગાંઠ કેમ વાળવી, એ બતાવી શકીએ.

બને તો મોન્ટીસોરી પદ્ધતિમાં વપરાતી બુતાન ને નાડીની ફ્રેમો મંગાવી તેના ઉપર એ બધું બતાવવું.

બતાવ્યા પછી બાળકને જાતે મહેનત કરી કાબુ મેળવવા છૂટું મૂકી દેવું.

બીજે દિવસે ફરીથી આપણે બતાવવું. બાળકને આવડે ત્યાં સુધી રોજ એકાદ વાર ફરી બતાવવું.

બાળક પાસેથી પરાણે કરાવવું નહિ. "તને કેમ નથી આવડતું ?" કે "આવડવું જોઈએ." વગેરે કહેવું નહિ. બાળક એ ક્રિયા એક રમત તરીકે શીખે એ જરૂરનું છે.

બાળક ઝટ શીખી જાય એવો લોભ કે ઉતાવળ જરાયે રાખવી નહિ. એને સ્વાધીનતાને રસ્તે દોર્યા પછી આસ્તે આસ્તે પોતાને યોગ્ય વખતે બાળક તે રસ્તે ચડશે જ.

ચાલાક બાળકો અઢી ત્રણ વરસે એ ક્રિયા શીખી લે છે, જ્યારે કેટલાએક વધારે વખત લે છે. સામાન્યતઃ સાડા ત્રણથી ચાર વરસ સુધીમાં બાળક એ [illegible] તદ્દન [illegible] સ્વાધીન થઈ જવું જોઈએ.

ચાલવું

[illegible] તેવું તો [illegible] ઓઢું [illegible]

લીટીમાં ચાલી શકતાં નથી. એક ભીંતથી બીજી ભીંત સુધી જવું હોય તો તેઓ સીધા લીટીમાં જઈ શકતાં નથી, તેમ જ વચમાં વસ્તુઓ પડી હોય તો તેઓ તારવીને જવા ધારતાં હોય તો પણ શરીર ઉપર ઓછો કાબુ હોવાથી ભટકાય છે. આપણે બાળકોને વઢીએ છીએ કે "જોઈને કેમ નથી ચાલતું ?" "સીધું ચાલ. ભાન વગરનું!" વગેરે. પરંતુ એમ કહેવાથી કે વઢવાથી તેમનામાં યોગ્ય કાબુ આવતો નથી. ઉલટું વધારે રોકીએ તો તેઓ વધારે મૂંઝાય છે, ગભરાય છે ને વધારે વાંકાંચૂંકાં ચાલે છે. એને માટે રસ્તો તો એક જ છે, ને તે એ કે બાળકોને શરીરનું તોલન આવે તેવા ચાલવાના સાધનો તેમની આગળ મૂકવાં, તેનો ઉપયોગ તેમને બતાવવો અને પછી તેના ઉપર ચાલીને શરીરતોલન સાધવા તેમને છૂટાં મૂકવા.

એવા સાધનોમાં ૪"×૮"ના માપનું લાંબું લાકડું આવે છે. ઘરની ઓસરીમાં કે ફળિયામાં એ મૂકી રાખી કોઈ કોઈ વાર પોતે તેના ઉપર ચાલી બતાવવું. આપણે ચાલતી વખતે પગ પણ લઈને ચાલવું. પછી બાળકોને ચાલવાની બક્ષ.મણ કરી આપણે ત્યાંથી નીકળી જવું. બાળક આવું

પરંતુ એ બધું ચાલવાનાં શોખીન બાળકો પોતાની ઇચ્છાથી કરે છે. બાળકોને જો કોઇ કહેવા જશે કે "તમે કેમ નથી ચાલતાં ? તમે ચાલો, તમે ચાલો." તો જરૂર પડવાનાં. અકસ્માતો વારંવાર થશે. 'ચાલો' જ એવો આગ્રહ ન હોય તેમ જ ચાલવાની બંધી ન હોય તેથી બાળકો સ્વેચ્છાએ ચાલી ચાલીને શરીર સમતોલ કરે છે.

આ સાધન પણ ચાલવાની ઉત્તમતા કેળવવા માટે સારૂં છે. બેશક, મુંબઈ જેવા શહેરમાં ચોથે પાંચમે માળે આવા પ્રયોગો ન જ હોઈ શકે. સામાન્યતઃ આપણે જેટલા ઓછા વચ્ચે પડીએ ને જેટલું ઓછું ધ્યાન આપીએ તેટલું ચાલવાનું કામ સારી રીતે ચાલતું દેખાશે.

સુપડી સાવરણી

મોન્ટીસોરી બાળશાળામા વપરાતાં સામાજીક જીવનની તાલીમ આપનારાં સાધનોમાથી સુપડી સાવરણીનું સાધન દરેક ઘરમા સહેલાઇથી રાખી શકાય એવું છે.

બાળકના ગણાતા ખૂણામા બે ખીલીઓ પર એક નાની ટીનની સુપડી અને એક સાવ-

રણી ટીંગાડી દઈએ તો બાળકના જીવનમાં એક સાચા હર્ષની ક્ષણ જોઈ શકીશું.

સુપડી સાવરણીનું કામ અત્યંત બાલપ્રિય નીવડ્યું છે. આપણે ઘરમાં પણ બાળકને મોટી સાવરણી લઈને વાળવાનો પ્રયત્ન કરતું ઘણી વાર જોઈએ છીએ. પણ સાવરણી મોટી હોવાથી તે તેને ફાવતી નથી. વળી વાળવાના કામનો તેને પરવાનો પણ હોતો નથી. મોટે ભાગે બાળકને તેમાંથી અટકાવવામાં આવે છે અથવા તો તે તરફ દુર્લક્ષ કરી તેને તે કરવા દેવામાં આવે છે.

ખરી રીતે એ કામ ઉત્તેજન આપવા જેવું છે. એક તો સાવરણીથી કચરો બરાબર સુપડીમાં વાળીને લેવાની ક્રિયામાં બાળક પોતાના હાથ પગના ઘણા સ્નાયુઓ ઉપર કાબુ મેળવે છે એટલે શરીરના તોલનમાં અને હાથની કુશળતા ...ાધવામાં એ ઉપયોગી છે; ને બીજો લાભ ...નામાં સ્વચ્છતાની અભિરુચિની સાથે સાફ ...રવાની આવડત પણ આવે છે તે છે. આપણા ...ામાં કાગળની કટકીઓ અથવા બોર જાંબુના ...આ કે શેરડીના કૂચા કે બીજો કચરો આસપાસ ...ો હોય છે, ને તેમાં જ બાળકો રમતાં હોય ...ી મોટાંઓ હરતાં ફરતાં હોય છે; તેથી તેવા

રણી ટીંગાડી દઇએ તો બાળકના જીવનમાં એક સાચા હર્ષની ક્ષણ જોઈ શકીશું.

સુપડી સાવરણીનું કામ અત્યંત બાલપ્રિય નીવડયું છે. આપણે ઘરમાં પણ બાળકને મોટી સાવરણી લઇને વાળવાનો પ્રયત્ન કરતું ઘણી વાર જોઇએ છીએ. પણ સાવરણી મોટી હોવાથી તે તેને ફાવતી નથી. વળી વાળવાના કામનો તેને ચરવાનો પણ હોતો નથી. મોટે ભાગે બાળકને તેમાંથી અટકાવવામાં આવે છે અથવા તો તે તરફ દુર્લક્ષ કરી તેને તે કરવા દેવામાં આવે છે.

ખરી રીતે એ કામ ઉત્તેજન આપવા જેવું છે. એક તો સાવરણીથી કચરો બરાબર સુપડીમાં વાળીને લેવાની ક્રિયામાં બાળક પોતાના હાથ પગના ઘણા સ્નાયુઓ ઉપર કાબુ મેળવે છે એટલે શરીરના તોલનમાં અને હાથની કુશળતા સાધવામાં એ ઉપયોગી છે; ને બીજો લાભ તેનામાં સ્વચ્છતાની અભિરુચિની સાથે સાફ કરવાની આવડત પણ આવે છે તે છે. આપણાં ઘરોમાં કાગળની કટકીઓ અથવા બોર જાંબુના ઠળીઆ કે શેરડીના કુચા કે બીજો કચરો આસપાસ પડ્યો હોય છે, ને તેમાં જ બાળકો રમતાં હોય છે ને મોટાંઓ હરતાં ફરતાં હોય છે; તેથી તેવા

કચરાની સૂગ તો શું, પણ તેનું ભાન પણ ઘણી વાર બાળકોને હોતું નથી. વળી ધારો કે કોઇને ભાન હોય તો પણ તે કેમ કરી તરત દૂર થાય તેની તેમને માહિતી કે આવડત હોતી નથી. સુપડી સાવરણીના પ્રવેશથી આ બધી બાબતો એકી સાથે સધાય છે.

સુપડાના ઘાટની નાની ટીનની સુપડી કરાવી તેના ઉપર ધોળો અથવા આછો ભૂરો એનેમલ રંગ દેવો, એટલે સુપડીને સાફ કરીને રાખવાનું સહેલું થાય છે. આંખને એવી સુપડી વધારે ગમે પણ છે. સાવરણી જૈન લોકો વાપરે છે તેવી મળે તો વધારે સારી. ન મળે તો નાની ધંટી વાળવાની આવે છે તે હોય તો પણ ચાલે.

સુપડી સાવરણી સાથે એક ત્રીજું સાધન ખાસ જરૂરનું છે તે કચરો નાખવાનો ડબો. બાળક ઘરનો કચરો વાળીને આંગણામાં કે શેરીમા નાખે તેનો કશો અર્થ નથી. ઓશરીમાં કે પગથિયાં પાસે કે બીજી સગવડવાળી જગ્યાએ એકાદ ટોપલી કે જૂનો ગ્યાસલેટનો ડબો મૂકવો; અને વાળેલો કચરો હમેશ તેમાં જ નખાય તેનું ઘરનાં મોટાંઓએ પણ ધ્યાન રાખવું.

સાધનો એકઠાં થયા પછી તેનો વપરાશ એક બે વાર બાળકને બતાવવો જોઇએ. બતાવવામાં વધારે બોલવાની જરૂર હોતી નથી. ' જો હું કચરો વાળું છું ' એમ કહી ધીમે ધીમે ચીપીને વાળવાની, કચરો સુપડીમાં લેવાની ને પછી સુપડીનો કચરો ટોપલી કે ડબ્બામાં નાખી આવવાની ક્રિયા કરવી ને પછી બાળકને છૂટું મૂકવું. બાળક વાળવા લાગે ત્યારે આમ નહિ ને તેમ નહિ એવું જરાએ કહેવું નહિ. સાધનનો દુરુપયોગ એટલે સુપડી માથે મૂકવી કે સાવરણી મોઢામાં નાખવી, વગેરે થતું હોય તો અટકાવવું; પણ બાળક વાળવાની ક્રિયામાં હોય ત્યાં સુધી વચ્ચે પડવાની જરાએ જરૂર નથી. બીજે દિવસે જરૂર જણાય તો ફરી વાર આપણે સરસ વાળી બતાવીને ઓછા શબ્દે ને વધારે કાર્યે કરી બતાવવું.

એ કામ અઢી ત્રણ વરસના બાળકને બતાવી શકાય. બાળક તેના ઉપર કેટલી એકાગ્રતાથી ને કેટલો વખત મંડી પડે છે તે જોઇને આપણે આશ્ચર્ય પામશું. બાળકની એકાગ્રતાનો ભંગ બનતા સુધી ન કરવો.

એ કામ બતાવતી વખતે બાળકથી બધું સાફ થશે ને ઘરનો કચરો વળાઇ જશે એવી

આશા કે ઇચ્છા ન રાખવી. બાળકના પ્રયત્નની તેમાં કિંમત આંકવાની છે. ઘણી વાર આરંભમાં કચરો વળાવાને બદલે ચારે કોર વધારે ફેલાએલો દેખાશે. તેથી અસંતુષ્ટ થવાની જરૂર નથી. પાછળથી આપણે તેને ઠપકો આપ્યા વગર સાફ કરી નાખવું.

આરંભમાં બાળકને ઝીણી ધૂળ કે એવો કચરો વાળવાનું ફાવતું નથી, પણ જ્યાં મોટો કચરો હોય—જેમ કે બોરના ઠળીઆ કે શાક સુધારાએલો કચરો કે કાગળના ડૂચા હોય તે લેવો ફાવે છે. એવો કચરો સ્વાભાવિક રીતે પડેલો ન હોય તો ઓશરીને એકાદ ખૂણે થોડી જાડી રેતી કે કાગળનો કચરો પાથરી રાખીને તે વાળવા બાળકને છૂટું મૂકવું. વાળવાના કામ પછી હમેશ સુપડી સાવરણી તેની ખીલીએ જાય તે પણ જોવાનું છે. કામ પછી સાધનો જ્યાં ત્યાં રખડે છે અથવા રમત પછી રમકડાં રખડતાં હોય છે એ અણઘડપણું તરફ પ્રથમથી જ ધ્યાન આપીએ તો તે બાબતમાં સુઘડતાની ટેવો પ્રારંભથી જ પડે છે. વારંવાર ટોકવાથી એ ટેવ પડતી નથી, પણ પહેલે જ દિવસે આપણે [illegible] બરાબર બનાવવું

જોઇએ. અને બીજે દિવસે કામ શરૂ થાય તે પહેલાં જ કહી દેવું જોઇએ કે "વાળ્યા પછી સુપડી સાવરણી ખીલી ઉપર." કદાચ બાળક ભૂલી જાય તો ફરી એક વાર કહેવું: "સુપડી સાવરણી ખીલી ઉપર."

શિક્ષણનાં સાધનોમાં પાટીને પૂજનીય અને વિદ્યાનું ચિન્હ ગણવામાં આવેલ છે. પણ સુપડી સાવરણીનું સાધન બાલશિક્ષણમાં સૌથી પહેલાં આવતું હોવાથી અને બીજી પણ અનેક રીતે તે આપણા સંસારજીવનનું શુભ ચિન્હ હોવાથી તેને પૂજનીય ગણવું જોઇએ. તેને ચાંદલો થાય કે આદરભાવ સાથે ગંધ પુષ્પ ચડે તો જરાયે ખોટું નથી. બાળજીવનને તો તે એક આશીર્વાદ રૂપ જ છે.

હાથ ધોવા

સુપડી સાવરણી ને કચરાના ડબ્બાની પાછળ જ હાથ ધોવાનાં સાધનો આવે છે. કચરો સાફ કરવાની સાથે જ પોતાની જાત પરત્વેની સાફસુફી આવવી જોઇએ.

આપણા ઘરની ગંદકી આપણે જાતે જ સાફ કરી શકીએ એ વસ્તુની સાથે જ સાફસુફ કર્યાં પછી જાતે સ્વચ્છ થઇ જવાની વાત બાળકોને

બનાવવી જોઈએ. આથી ધોળાં કપડાં પહેરનારાંઓ ગંદકી સાફ ન કરી શકે એવો સમાજમાં આજે જે પ્રચલિત ખોટો ભ્રમ છે તે નીકળે તેની સાથે જ ગંદકી સાફ કરનાર તો મેલાં જ હોય એ ભ્રમ પણ દૂર થાય. જુઓ આપણો ઉજળીઆત વર્ગ તેમ જ આપણા ભંગી, આપણા કામવાળા, વગેરે. આપણે પહેલેથી એવી જ ટેવ પાડવી જોઈએ કે ઘરમાં ગંદકી દેખાય તો તુરત તે જાતે સાફ કરી નખાય; ને આવી સ્વચ્છતા પછી હાથ, પગ, મોઢું કે આખું શરીર જરૂર હોય તે પ્રમાણે ધોઈને જાતે સાફ થવાય.

[illegible]

[illegible]

રમકડાંયે બનાવાય, બાગકામ પણ થાય, વાસણ ઉટકવાનું કે ઘર વાળવાનુંયે થાય ને રેતીમાં કૂવા કરવાનું કે કૂદકા મારવાનુંયે થાય. ને હાથ પગ મેલા થાય તો ધોઇને સાફ પણ કરાય. આ રસ્તો ખરો છે. એક બાજુથી એટલું અણઘડપણું ને અસંસ્કારિતા કે ગંદાપણું સાલે જ નહિ કે દેખાય જ નહિ, ને બીજી બાજુએ સ્વચ્છતાની એટલી બધી ગુલામી હોય કે પ્રવૃત્તિ માત્રમાંથી નિવૃત્ત જ થઇને પથરા જેમ બેસવું પડે, એ બન્ને વસ્તુ બાલવિકાસમાં હાનિ પહોંચાડનાર જ છે. બાળકમાં ગંદકીની સુગ આવવી જ જોઇએ. પણ તેની સાથે જ ગંદકી સાફ કરવાની સુગ જવી જોઇએ. ધૂળ માટીમાં કામ કરવાની કે રમત રમવાનીયે તાકાત આવવી જોઇએ; ને પરિણામે હાથ પગ મેલા થાય તો ધોઇને સાફ થવાનીયે તાકાત આવવી જોઇએ.

હાથ ધોવાનાં સાધનોમાં એક નાની બાલદી, કળશો અથવા વાટકો, સાબુ અથવા અરીઠાં કે ચિકાખાઇનું પાણી ને હાથ પગ લુછવા માટે લુગડાના કટકાઓ એટલી વસ્તુની જરૂર છે. બાલદી ને કળશો હોય તો બીજાએ હાથ ધોવરાવવાની જરૂર પડે છે પણ એકાદ નાનું ટીપ ને તેને નળ

હોય તો બાળક જાતે જ હાથ પગ મોઢું ધોઇને સાફ થઇ શકે છે.

આરંભમાં હાથ કેમ ધોવાય તેની સમગ્ર ક્રિયાઓ ધીમે ધીમે બાળક આગળ આપણે કરી બતાવવી. ક્રિયામાં હાથ કેમ પલાળવા, સાબુ કેમ ઘસવો, પછી બધી આંગળીઓ ને હાથની પાછળની બાજુ વગેરે બધું કેમ ધોવું વગેરે ક્રિયાઓ સ્પષ્ટ ને બાળકનું ધ્યાન ખેંચીને કરવી. હાથ ધોયા પછી ટુવાલથી આંગળીએ આંગળી અને નખ વગેરે બધું ધીમે ધીમે લુછીને બાળકને બતાવવું. પોતાના સ્વચ્છ હાથ પણ તેને બતાવવા.

પછી બાળકને હાથ ધોવા છુટું મુકવું. આ પછી બધી ક્રિયાઓ તેના ધ્યાનમાં આવે ત્યાં સુધી રોજ તે ક્રિયાઓ આપણે કરી બતાવવી, પરંતુ તે ધોતું હોય ત્યારે ટોકવું નહિ. બાળક બહુ નાનું હોય ને તેના હાથ જાતે ધોય. પછી સ્વચ્છ ન થયા હોય તે [illegible] હોય; પણ રોજ પ્રથમ [illegible]

ઘરમાં પાણી પાણી ન થાય વગેરે બાબતોની બંદોબસ્ત જરાક વિચાર કરી પરિસ્થિતિ પ્રમાણે કરી લેવો. અવલોકનથી નક્કી કરવું કે બાળક હાથ ધોતાં શીખે છે કે કોઇ બીજે જ રસ્તે ચડ્યું છે? હાથ ધોતાં શીખવાની ગરજ સર્યા પછી હાથ ધોવાનાં સાધનો કાઢી નાખી જરૂરને વખતે જ નીચે મૂકવાની વ્યવસ્થા કરવી. સાધન મૂકીએ ત્યારે તે સાધનનો ધારેલો જ ઉપયોગ થાય એ જરૂરનું હોય છે, માટે પાણીની બીજી રમતો કે સાબુની રમતો વગેરે હાથ ધોવાનાં સાધનો સાથે ન ચલવી લેવાય. હાથ ધોવાનાં સાધનો સાથે તો હાથ મ્હોં ધોઇને જાતે સાફ થવાની ક્રિયાઓ જ જોડાએલી હોય. બીજે વખતે સાબુની રમતો શક્ય હોય તો બાળક ભલે કરે, પણ આ સાધનોથી તો નહિ જ.

હાથ ધોવાનું કહ્યું તેમ જ પગ, આંખ, નાક, મોઢું, દાંત વગેરે બધું સાફ કરવાની બાબતમાં સમજવું.

હાથ પગ ધોવાના પ્રસંગો પણ નક્કી કરી દેવા જોઇએ; જેમ કે સાવરણીથી સાફસૂફ કરી લીધા પછી હાથ ધોવાનું હોય જ. ધૂળની રમતો પછી, જમવા જતાં પહેલાં, જમ્યા પછી

હોય તો બાળક જાતે જ હાથ પગ મોઢું ધોઇને સાફ થઇ શકે છે.

પ્રારંભમાં હાથ કેમ ધોવાય તેની સમગ્ર ક્રિયાઓ ધીમે ધીમે બાળક આગળ આપણે કરી બતાવવી. ક્રિયામાં હાથ કેમ પલાળવા, સાબુ કેમ ઘસવો, પછી બધી આંગળીઓ ને હાથની પાછળની બાજુ વગેરે બધું કેમ ધોવું વગેરે ક્રિયાઓ સ્પષ્ટ ને બાળકનું ધ્યાન ખેંચીને કરવી. હાથ ધોયા પછી ટુવાલથી આંગળીએ આંગળી અને નખ વગેરે બધું ધીમે ધીમે લૂછીને બાળકને બતાવવું. પોતાના સ્વચ્છ હાથ પણ તેને બતાવવા.

પછી બાળકને હાથ ધોવા છૂટું મૂકવું. આપણી બધી ક્રિયાઓ તેના ધ્યાનમાં આવે ત્યાં સુધી રોજ તે ક્રિયાઓ આપણે કરી બતાવવી, પરંતુ તે ધોતું હોય ત્યારે ટોકવું નહિ. બાળક બહુ નાનું હોય ને તેના હાથ જાતે ધોયા પછી સ્વચ્છ ન થયા હોય તો પાછળથી આપણે ધોઈ દેવા; પણ રોજ પ્રથમ તેને ધોવાની પૂરતી તક આપવી. અઢી ત્રણ વરસનું બાળક એ ક્રિયાઓ શીખી લેવા ખાતર દિવસમાં ઘણી વાર હાથ ધોવા લાગે છે. તે વખતે તેને તેમ કરવાની છૂટ આપવી. બેશક કપડાં ન પલળે, શરદી ન થાય,

ઘરમાં પાણી પાણી ન થાય વગેરે બાબતોનો બંદોબસ્ત જરાક વિચાર કરી પરિસ્થિતિ પ્રમાણે કરી લેવો. અવલોકનથી નક્કી કરવું કે બાળક હાથ ધોતાં શીખે છે કે કોઇ બીજે જ રસ્તે ચડ્યું છે? હાથ ધોતાં શીખવાની ગરજ સર્યા પછી હાથ ધોવાનાં સાધનો કાઢી નાખી જરૂરને વખતે જ નીચે મૂકવાની વ્યવસ્થા કરવી. સાધન મૂકીએ ત્યારે તે સાધનનો ધારેલો જ ઉપયોગ થાય એ જરૂરનું હોય છે, માટે પાણીની બીજી રમતો કે સાબુની રમતો વગેરે હાથ ધોવાનાં સાધનો સાથે ન ચલવી લેવાય. હાથ ધોવાનાં સાધનો સાથે તો હાથ મ્હોં ધોઇને જાતે સાફ થવાની ક્રિયાઓ જ જોડાએલી હોય. બીજે વખતે સાબુની રમતો શકય હોય તો બાળક ભલે કરે, પણ આ સાધનોથી તો નહિ જ.

હાથ ધોવાનું કહ્યું તેમ જ પગ, આંખ, નાક, મોઢું, દાંત વગેરે બધું સાફ કરવાની બાબતમાં સમજવું.

હાથ પગ ધોવાના પ્રસંગો પણ નક્કી કરી દેવા જોઇએ; જેમ કે સાવરણીથી સાફસૂફ કરી લીધા પછી હાથ ધોવાનું હોય જ. ધૂળની રમતો પછી, જમવા જતા પહેલા, જમ્યા પછી

ઘરમાં પાણી પાણી ન થાય વગેરે બાબતોનો બંદોબસ્ત જરાક વિચાર કરી પરિસ્થિતિ પ્રમાણે કરી લેવો. અવલોકનથી નક્કી કરવું કે બાળક હાથ ધોતાં શીખે છે કે કોઇ બીજે જ રસ્તે ચડ્યું છે? હાથ ધોતાં શીખવાની ગરજ સર્યા પછી હાથ ધોવાનાં સાધનો કાઢી નાખી જરૂરને વખતે જ નીચે મૂકવાની વ્યવસ્થા કરવી. સાધન મૂકીએ ત્યારે તે સાધનનો ધારેલો જ ઉપયોગ થાય એ જરૂરનું હોય છે, માટે પાણીની બીજી રમતો કે સાબુની રમતો વગેરે હાથ ધોવાનાં સાધનો સાથે ન ચલવી લેવાય. હાથ ધોવાનાં સાધનો સાથે તો હાથ મ્હોં ધોઇને જાતે સાફ થવાની ક્રિયાઓ જ જોડાએલી હોય. બીજે વખતે સાબુની રમતો શક્ય હોય તો બાળક ભલે કરે, પણ આ સાધનોથી તો નહિ જ.

હાથ ધોવાનું કહ્યું તેમ જ પગ, આંખ, નાક, મોઢું, કાન વગેરે બધું સાફ કરવાની બાબતમાં સમજવું.

હાથ પગ ધોવાના પ્રસંગો પણ નક્કી કરી દેવા જોઇએ; જેમ કે સાવરણીથી સાફસૂફ કરી લીધા પછી હાથ ધોવાનું હોય જ. ધૂળની રમતો પછી, જમવા જતાં પહેલાં, જમ્યા પછી

ને કાંઈ પણ ખાવું હોય તે પહેલાં હાથ ધોવાની ટેવ જરૂરની છે. વળી બહાર જઈ આવ્યા પછી હાથ પગ ધોઇને ઘરમાં આવવું, સૂતા પહેલાં હાથ પગ ધોઇને પથારીમાં જવું, વગેરે બાબતો પણ દાખલ કરી શકાય.

વાત નાની છે પણ તેની પાછળ સારી પેઠે મહેનત લેવી પડે છે; ને મહેનત લઇ તે સાધ્ય કરવા જેટલી મહત્ત્વની તો છે જ

મોટા પાયા ઉપર સાફસૂફ

આપણે ઉપર સુપડી સાવરણીની વાત કરી ગયાં છીએ. સાફસૂફના કામમાં બાળકો થોડા દિવસ પલોટાયા પછી એમને મોટા પાયા ઉપરની સાફસૂફ બતાવી શકાય. ઘરનાં બારી બારણાં, ભીંતો વગેરેની સાફસૂફ એની અંદર આવે. ટેબલ ખુરશીઓ વગેરે લાકડાનો સામાન હોય તો ભીના લુગડાથી લુછી નાખવો અથવા બહાર ઉપાડી જઇ ધોઇને સાફ કરવો, વગેરે કામો પણ બતાવી શકાય. મોટી સાવરણી લઇ આખા ઓરડા વાળવો, ઓશરી કે આગણું સાફ કરવું વગેરે પણ થઇ શકે.

એક રીતે સામાન લુછવાની સાફસૂફ નાના

પાયા ઉપર સુઘડી સાવરણીની સાથે જ શરૂ થઇ શકે. અહીં ત્રણ વરસના બાળકના હાથમાં એક લૂગડાનો કટકો આપી નાની નાની નીચેની વસ્તુઓ લૂછવાનું બતાવીએ તો બાળક પોતાની શક્તિ પ્રમાણે તે કરે છે. ને બહુ જ નાની ઉંમરે કદાચ તેનાથી બરાબર સાફ ન થાય તો પણ ટેબલ ખુરશી ઉપર કે ટીંગાડેલા ફોટા ઉપર કેટલી ધૂળ બેસે છે, ને બેઠી હોય તો તે સાફ કરવી જોઇએ, એ વાત તો તેના ધ્યાનમાં આવે જ છે. આપણે પાશ્ચાત્યના વાંદરા અનુકરણમાં ઘરમાં આડુંઅવળું ફર્નિચર ભરી દેવાનું તો શીખ્યાં છીએ, પણ તેની સાથે જ તેને ગોઠવવાની કળા શીખ્યાં નથી, કે તેને સાચવવાની ને સાફ રાખવાની જરૂરીઆત આપણે જોઇ નથી. ટેબલ ખુરશી ઉપર કેટલીયે ધૂળ હોય તો બેસનારનાં કપડાંથી જ તે ખવાય એવી આપણી યોજના છે! જૂના જમાના પ્રમાણે બેઠક તો કોઇક જ રાખતું હશે ને રાખતું હોય ત્યાં પણ ધૂળની બાબતમાં બેદરકારી તો દેખાશે જ. બાળકનું ધ્યાન આવી બાબતો તરફ નાનપણથી જ ખેંચશું ને તે કેમ સાફ થાય તે બતાવશું તો આજે આપણે જે જોતાં જ નથી, જોતાં હોઇએ તો શું કરવું તે જાણતાં નથી,

ને જાણતાં હોઇએ તો ઝટ કરી નાખવાની શક્તિ ધરાવતાં નથી, એવી સ્થિતિ આવતી પેઢીની રહેશે નહિ.

મોટા પાયા ઉપરની સાફસૂફ આઠ આઠ દિવસે કરવાનો રિવાજ રાખીએ ને તેમાં બાળકોને પૂરતો ભાગ લેવા દઇએ તો તેઓ ઘર સાફ રાખવાનો શોખ કેળવતાં થશે ને પોતાનો શોખ પૂરો પાડવાની આવડતવાળાં પણ થશે. આમા બારીબારણા ખૂણે ખાંચરેથી બાવાં પાડવાં, પાણીથી અથવા તેલ અને પાણીથી સાફ કરવા, ફોટાની પાછળની ધૂળ ઝાટકવી તેમ જ બધું ફર્નિચર અને જમીનની સાફસૂફ બતાવવાની ઉત્તમ રીત તો તે કામ આપણે જાતે ધીમે ધીમે કરી બતાવવું તે છે. એક સાથે અનેક કામો પહેલેથી જ દાખલ કરવા નહિ, પણ એક એક નવું વધારતા જવું. જેમ કે પહેલે દિવસે [illegible] એકલા [illegible] કે જે [illegible] કરવું [illegible] સાફસૂફ [illegible] [illegible]

[illegible]

[illegible]

તેમની શક્તિ બહાર કે તેમની ધીરજ ખૂટે ને કંટાળો ઉત્પન્ન થાય ત્યાં સુધી કોઇ વાર તાણવું નહિ. સાફસુફનું વાતાવરણ ઉભું કરીને જ આપણે બાળકોને શોખથી તેમાં ભાગ લેતા કરી શકશું.

કોઈ પણ સાફસુફ પછી હાથ પગ ધોઇને જાતે સાફ ને વ્યવસ્થિત થઇ જવાનું બતાવવાનું કદિ ભૂલવું ન જ જોઇએ. જાડાં ને ગંદાં કામો કરવા છતાં પોતે તો સ્વચ્છ, સંસ્કારી ને સુઘડ જ રહેવું જોઇએ એ વાત ઉપર આપણે જેટલો ભાર મૂકીશું તેટલો આજે ઓછો જ છે.

પીરસવું

ડૉ. મોન્ટીસોરીએ પોતાની બાળશાળામાં જે કેટલાએક અજબ જેવા ફેરફારો કર્યા છે, તેમાંથી એક એ છે કે તેણે શાળાને બાલગૃહ બનાવી દીધું. જેમ ઘરમાં બાળકો રમે, કૂદે, ફરે હરે, ખાય પીએ, સુવે તેમ જ બધી પ્રવૃત્તિઓ તેટલી જ સ્વાભાવિકતાથી બાળશાળામાં થાય એવી યોજના તેણે રાખી. તેથી જ મોન્ટીસોરી શાળાની કેટલીએક પ્રવૃત્તિઓ તે કેવળ ઘરની પ્રવૃત્તિઓ ગણી શકાય એવી છે.

મોન્ટીસોરી શાળામાં બાળકોને એક વખ-

લીધાં કોઈ વાર ન લૂછ્યાં, કોઈ વાર વાસણો ખખડાટ વગર મૂક્યાં કોઈ વાર એમ ને એમ પછાડ્યાં, એવું જે જે કરશું તે તે બાળકો કરવાનાં છે. માટે પ્રથમ જમવાની તૈયારીમાં કે પીરસવામાં જે કેટલીએક બાબતો આવે છે તે હમેશ તે જ ક્રમમાં થાય એની સંભાળ રાખવી જોઈએ. બેદરકારીને લીધે અપવાદ ન બને; પણ બહારગામ જવાને વગેરે ખાસ કારણે એમાંથી કાર્યક્રમ ઘટે તે કારણો બાળકને સમજાવી દેવાય.

બીજું, બધું કામ બાળક આગળ પહેલેથી આપણે સુઘડતાથી કરી બતાવવું ને તે તરફ બાળકનું ખાસ ધ્યાન ખેંચવું. જેમ કે વાટકો નીચે મૂકવો હોય અથવા પ્યાલામાં પ્યાલા મૂકવા હોય તો તે વિશેષ ખખડાટ કે ધમપછાડ વગર જ થાય એમ આપણે પોતે ચીપીને બાળકને કરી બતાવવું. આપણે વાટકો કેમ મૂક્યો તે તરફ જો બાળકનું ધ્યાન ન ગયું હોય તો તેને કહેવું: "જો હું વાટકો મૂકું છું; અવાજ થાય છે? જો સાંભળ." પછી તેને કહેવું: "લે, તું મૂક જોઈએ ને સાંભળજે કે અવાજ થાય છે કે નહિ."

બાળકને બતાવ્યા પછી ફરી વાર તે ખખ-

હાટથી મૂકે તો કદાપિ રોકવું તો નહિ જ. "અવાજ કેમ કર્યો? તને શું કહ્યું હતું? બરાબર કેમ નથી કરતો?" વગેરે વાક્યો કદિ ન વાપરવાં. બાળકને ફરી ફરીથી તે ક્રિયા બતાવવી; ને છતાં બાળક તે ન કરતું હોય તો તેનું કારણ શોધી કાઢવું જોઇએ. કદાચ બાળકના સ્નાયુઓ તેને માટે હજી લાયક થયા ન હોય તો તે કામ તેની આગળ ધરવાનું બંધ કરી તે પહેલાંની ને વધારે સાદી બાબતો તેની પાસે ફરીથી ધરવી. કદાચ માંદગી વગેરેને લીધે તેનામાં તાત્કાલિક અશક્તિ આવી હોય તો અમુક મુદ્દત સુધી કામ બંધ રાખવું. કદાચ ઘરમાં બીજાં બધાં ને આપણે પોતે પણ બીજે વખતે ધમપછાડ જ કરતાં હોઇએ ને તેથી બાળકને આપણે બતાવીએ તેમાં મહત્ત્વ ન લાગતું હોય; અથવા આવડતું હોવા છતાં બાળક બેદરકારીથી અથવા જાણી જોઇને આપણી સામે થવા ખાતર પણ ખખડાટ કરતું હોય. તેની ઇચ્છા વિરુદ્ધ આપણે તેની પાસેથી કામ કરાવતાં હોઇએ અથવા બરાબર અભિમુખ થયા પહેલાં કરાવતાં હોઇએ તો પણ બાળક ઘણી વાર સામે થઇ જાય. અથવા બીજી કોઈ બાબતમાં તેને વાંધો પડ્યો હોય તો

પણ બાળક થાકી જાય. આવે વખતે એ કામ છોડી જ દેવું જોઈએ ને વાંધો ક્યાં પડ્યો છે તેનો ઉપાય શોધી લેવો જોઈએ. બેદરકારી હોય તો તેનું કારણ પણ શોધવું જોઈએ.

ઉપર કહ્યું તેમ ઘરનાં બીજાંઓની બેદરકારીને લીધે બાળક પણ બેદરકાર બને છે. એમ નહિ તો કેટલાંએક બાળકોને એવી ટેવ પડી ગએલી હોય છે: ખાસ કરી શ્રીમંતનાં બાળકોને વસ્તુ જ્યાં ત્યાં નાખી દેવી, જેમ તેમ મૂકવી વગેરે એટલું સ્વાભાવિક બની જાય છે કે તેમને એવી વાત સાવ મામુલી લાગે છે. "હવે હીરલો આવીને લઈ લેશે બધું." "કો'ક કરી દેશે." એવી મનઃસ્થિતિને લઇને પણ બાળક આ બધાં કામોની પાછળ રહેલી મજા પકડી શકતાં નથી ને તેનાથી વંચિત રહે છે. મા કે બાપ કે મારી કે કોઇની પોતાના ઉપર ખાસ મહેરબાની છે ને પોતે જે કરશે તે ચાલવાનું જ છે એવી મનઃસ્થિતિ પણ બેદરકારી આણે છે.

બાળક પાસેથી ઘરમાં કામો લેતી વખતે આવાં ઘણાં સૂક્ષ્મ કારણો આડે આવવાનાં છે. શાળામાં આવી બાબતમાં મુશ્કેલીઓ કાંઈક ઓછી આવે છે, કારણ કે ત્યાં બાળકો વધારે હોવાથી એકાદું

બાળક બધાંથી છૂટાં પડવાનું મોટે ભાગે પસંદ કરતું નથી. તેમ જ શાળા જૂની હોય તો અમુક વાતાવરણ ને રીતભાત બંધાઈ જ જાય છે કે જેને લીધે ત્યાં તો બાળક તેની અંદર ગોઠવાઈ જ જાય છે. વળી શિક્ષક સાથેનો સંબંધ કાંઈક દૂરનો હોવાથી પોતાની બા કે મોટી મા આગળ કરવાની હઠો તે ઘર માટે જ રાખે છે. અથવા બા કે બાપા આગળ થતી હઠો માટે જે અનુકૂળ વાતાવરણ મળે છે તેનો શિક્ષક અભાવ જ રાખે છે.

ઘરમાં વધારે બાળકો હોય તો તેમને કામના વિભાગ પાડી વારાફરતી તે બદલાય એમ ગોઠવી આપી શકાય. જેમ કે એક જણ વાળાને પાટલા મૂકે, બીજું થાળી વાટકા લે ને પાણી ભરે, ત્રીજું પીરસે. ઘરમાં તો નાનાં મોટાં બાળકો હોય છે તેથી સહેલું કામ નાનાંને ને અઘરું કામ મોટાંને એમ પણ આપી શકાય. માત્ર નાનું અઘરા કામને માટે કોઈ દિવસ લાયક થાય જ નહિ, હમેશ નાનું જ ગણાય, એમ ન બને તેની સંભાળ રાખવી પડે.

જમ્યા પછીની સાફસૂફ

બાળકોને જેમ આપણે અમુક હદ સુધી પીરસવાનું કામ સોંપી શકીએ તેમ જમ્યા પછીની

સાફસૂફમાં પણ તેઓ સારી રીતે ભાગ લઇ શકે છે. નાસ્તા કે દૂધ જેવું ખાણું હોય ત્યારે તો પોતાનાં વાસણો ધોઇ ઘસીને સાફ કરવાનું કામ પણ તેમને સોંપી શકાય. રીતસરના જમણ પછીનાં વાસણો ઉટકવાં જરા અઘરાં છે. છતાં તેમાંયે થાળી વાટકા ઉપાડીને ખાળમાં મૂકવા, જમીન ઉપર ભાત શાક દાળ વગેરે જે વેરાયું હોય તે ઉપાડી લેવું, પાટલા ઉપાડવા વગેરે કામો બાળકોને જરૂર સોંપી શકાય. આગળ પાછળનો જરાએ વિચાર કર્યા વગર જમીને ઉભા થઇ જવાની ટેવ બહુ જ બેદરકારીભરી ગણાય. છતાં આપણે બાળકને "થઇ જા ઉભું." એમ જ કહીએ છીએ. તેના કરતાં પોતપોતાનું એંઠું ઉપાડીને થાળી વાટકા ઉપાડવાની રીત સહેલાઇથી દાખલ કરી શકાય. બાળક પોતાની શક્તિ ને આવડત ઉપરાંતનું કરવા માગે ને આપણા કામમાં આડે આવે એ આપણે ન ચલાવી લઇએ. આવે વખતે 'ના' પણ પાડીએ. પણ બનતા સુધી 'ના' પાડીએ ને પહેલાં વિચારી તો લેવું જ કે કેટલી વાર બાળકને 'હા' પડાય એવું છે ! બાળક પરત્વે 'હા. ના.' નો અનુભવ એવો છે કે "બેન, આ બધા વાસણો ઉટકવા

લઇ જતી નહિ." એમ કહેવા કરતાં "બેન, જા તારે આ પાણી પીવાના પ્યાલા ઉટકવાના છે, તેટલા બહાર લઈ જા. આ રહી રાખ ને આ બાલદીમાં પાણી છે." એમ શું લઈ જવું તે ચોક્કસ બનાવવાથી શું ન લઇ જવું તે એની મેળે જુદું પડે છે. છતાં બાળક હકારાત્મક કહેલું ખુશીથી માને છે ને નકારાત્મક માનવા નાખુશ હોય છે.

બાળકને કામ સોંપતી વખતે એક બીજી વાત ધ્યાનમાં રાખવાની તે એ કે બાળક ઘણું બધું કરવા જાય ને જેવું તેવું કરે તે પસંદ ન કરવું; થોડું કરે પણ તેને આખર સુધી પહોંચાડે તે ઇચ્છવા જોગ છે. બાળક વાસણોનો એક ખડકલો લઇને બેસે એટલે જેવું તેવું ઉટકે ને ચારે કોર રાખ રાખ કરીને ઉભું થઈ જાય એ સંભવિત છે; કેમ કે આટલાં બધાં વાસણો ઉટકવાં તેની શક્તિ બહારની જ વાત છે. તેના કરતાં બે પાણીના પ્યાલા લે, ઉટકે, ધુએ, જગ્યા ઉપર મૂકી દે, ઉટકેલી જગ્યા સાફ કરે, પોતાના હાથ બરાબર ધુએ, કપડાથી લુછે ને કામ પૂરું થવાનો આનંદ ને વ્યવસ્થિતતા અનુભવે એ બાળકની દૃષ્ટિએ વધારે લાભકારક છે; ને આપણી દૃષ્ટિએ પણ તે આપણને ઓછું નડનારું છે.

આપણી સામાન્ય રીત એવી છે કે બાળકો પાંચ સાત વરસનાં કે તેથીયે મોટાં થાય ત્યાં સુધી તેમને કામ સોંપવું નહિ; કરવા આવે તો "તને નહિ આવડે." વગેરે કહીને વારવાં. ને છતાં પછી મોટી ઉંમરે તેઓ કામ કરે તેમ ઇચ્છવું, ને નથી કરતાં માટે તે વખતે નારાજ થવું.

બાળક કરવા માગે ત્યારે તેને લાયકનું કામ આપતાં રહેશું તો જણાશે કે ઘણી નાની ઉંમરે બાળક ઘણું કામ કરી શકે છે. ને કામની આવડત મેળવવાની ને શોખ કેળવવાની ઉંમર તો એ જ છે. તે ઉંમર આપણે નકામી ગુમાવવી ન જોઇએ.

ૐ

પ્રકરણ સાતમું



શારીરિક રમતો

શારીરિક રમતો

હવે ઘરમાં બાળકની શારીરિક કેળવણી વિષે થોડો વિચાર કરીએ.

ડૉ. મોન્ટીસોરી શાળામાં વગેરે ઠેકાણે ચાલતી કસરતને એટલે ડ્રિલને શારીરિક કેળવણીના સાધન તરીકે ઓળખવાની સાફ 'ના' પાડે છે. એ કસરત સમૂહગત ક્રિયા તથા હુકમને અનુસરવામાં ઉપયોગી હોય, પણ તે નાનાં બાળકોનાં હાડકાં મજબૂત કરવામાં કે સ્નાયુઓના બંધારણમાં મદદ કરતી નથી.

નાનાં એટલે કે અઢી ત્રણ વરસના બાળકનું ધડ પગના પ્રમાણમાં મોટું અને ભારે હોય છે. તેથી તેના પગ ઉપર શરીરનો ભાર ન આવે એ જાતની કસરતની વધારે જરૂર હોય છે. નાની ઉંમરે પગ ઉપાડી શકે તેથી વધારે ભાર ઉપાડવો પડતો હોવાથી ઘણી વાર બાળકના પગનાં હાડકાં વળી જાય છે. આ ઉંમરનાં બાળ-

રાખવા જેવી છે. એમાં બ્હીવા જેવું કશું નથી.

આળોટવાની સાથે બાળકને પેટે લપસવાની કસરત બહુ જ સુંદર છે. બહુ ઢાળ ન હોય એવું લાકડાનું અથવા ચૂનાનું લપસણું એ તેને માટે ઉત્તમ સાધન છે. દાદરા પાસેનો કઠેડો મળી જાય તો બાળકો લપસવાનું ચૂકતાં નથી. પણ તે પડી જશે એ બીકથી આપણે તેમને તેમ કરવા દેતાં નથી. દાદરાનો કઠેડો એ ખરું લપસણું નથી. તેના ઉપર શરીરનું સમતોલપણું કેળવાય છે; પણ પહોળા ને ઓછા ઢાળવાળા લપસણા ઉપર બાળક પેટે સાપની જેમ લપસે તેમાં પેટ વગેરેને જે કસરત મળે છે તે અમૂલ્ય છે.

ટીંગાવાની કસરત પણ બાળકો માટે સુંદર છે. ઝાડની ડાળીઓ નીચી હોય તો બાળક ત્યાં ટીંગાય; નહિ તો આપણે તેને વાસનું અથવા લોઢાનો નળ વગેરેનું ટીંગાવાનું સાધન કરી આપવું જોઇએ. બાળકની બધી હીલચાલમાં ઉપર કહ્યું તેમ તેના પગ ઉપર ઘણો ભાર આવે છે, કારણ તેને આખો વખત આખા શરીરનો ભાર ઉપાડીને ચાલવું, દોડવું કે કુદવું પડે છે, તેમાં પ્રમાણમાં તેના હાથને કસરત ઓછી મળે છે. બાળક ટીંગાય ત્યારે તેના પગ છૂટા થઈ જાય છે

પ્રકરણ આઠમું

બાળઉદ્યોગ

બાળઉદ્યોગ

ત્રણથી ૭ વર્ષનાં બાળકોને સાચવતાં માબાપો કંટાળી જાય છે; બહુ જ હેરાન થઇ જાય છે. ત્રણથી નાનાં હોય ત્યારે તે બહુ હીલચાલ કે ગડબડ ઘોંઘાટ કરી શકતાં નથી; બાળક ક્યાં ગયાં તે શોધવા તેમની પાછળ ફરવું પડતું નથી; સામાન્યતઃ તે માની આસપાસ જ હોય છે. ૭ વર્ષથી મોટાં બાળકો સ્વતંત્ર રીતે શેરીમાં જઇને ગમ્મત કરવા, રમવા કે જરા લડાલડી કરવા જેવડાં મોટાં હોઈ તેમની પણ માબાપોને બહુ ચિંતા કરવી પડતી નથી. ઉપરાંત ૭થી ઉપરનાં બાળકો માટે નિશાળો છે, ને રજાને દિવસે તેઓ ઘરની બહાર વખત કાઢી શકે છે. હવે પ્રશ્ન રહ્યો આ વચલી ઉંમરનાં બાળકોનો, કે જેમને માટે સામાન્યતઃ શાળાઓ પણ નથી, ને જે માની પાસે રહેવા જેટલાં છેક નાનાં પણ નથી. ક્યાં જવું, ક્યાં અડવું, શું લેવું, શું ન લેવું વગેરેમાં

તેમને કશાનું ભાન હોતું નથી. છતાં તેઓ કાંઇક કાંઇક કરવા તો માગે જ છે. ને એ કાંઇક કાંઇક ઘણી વાર બાળકને નુકશાન થઇ બેસે એવુંયે બની જાય છે. ઘણી વાર ઘરમાં કાંઇ નુકશાન થાય, વસ્તુઓ બગડે વગેરે પણ બની જાય છે. આથી માબાપોને તેમનાથી બહુ પજવણી થાય છે અને માબાપો તરફથી એવાં બાળકો ઉપર બહુ જ જુલમ થાય છે. માબાપો વારંવાર તેમની પ્રવૃત્તિની આડે આવે છે. પણ તેથી માબાપો જાણતાં નથી એટલું નુકશાન બાળકને થઈ બેસે છે.

ખરી રીતે આ બધી મૂંઝવણ બાળકના ઉદ્યોગને અભાવે છે. આ ઉંમરે બાળકની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો વ્યાપાર માગે છે. એટલે કે બાળકની આંખ, કાન, હાથ વગેરે કંઇક જોવા, સાંભળવા, સ્પર્શવા વગેરે માટે ઉત્સુક બનેલા હોય છે. તેના હાથ પગ અને આખું શરીર કાંઇ કાંઇ કરવા દોડે છે. તે આસપાસની દુનિયાને અને તેના ગુણ ધર્મ વગેરેને જાણવા માગે છે. તેનું શરીર પણ ઝાલ્યું ન રહે એટલું પ્રવૃત્તિમય હોય છે. ક્યાંક ચડી જવું, ક્યાંક ચાર કૂદકા મારવા, ક્યાંક ટીંગાવું એવું કાંઇ કાંઇ તે કર્યા જ કરે છે. પરંતુ આ ઉંમરને

યોગ્ય એવા ઉદ્યોગો ઘરમાં આપણે તેમને પુરા પાડતાં નથી તેથી આપણી અને બાળકની બન્નેની પૂરી હેરાનગતિ થાય છે. એમાંયે આપણી હેરાનગતિના વિચાર કરતાં બાળકને થતા નુકશાનનો વિચાર મહત્ત્વનો છે. મનુષ્યના મન વિષેનું એક સામાન્ય તત્ત્વ આપણે જાણીએ છીએ કે માણસ નવરો બેઠો નખોદ વાળે છે. એટલે કે માણસનું મન નવરૂં રહે, એને કાંઇ ઉદ્યોગ ન મળે તો તે એકું એકું સડે છે. આ નિયમ બાળકોને પણ લાગુ પડે છે. બાળકોને ઉદ્યોગ ન મળે તો તે અનુદ્યોગી તો ન જ રહી શકે. તેથી ઘણી વાર દુરુદ્યોગમાં જોડાય છે, ને પોતાને ઘણી જાતનું નુકશાન કરી બેસે છે.

પણ એવાં સાચેસાચ દુરુદ્યોગમાં જોડાએલાં બાળકો ઓછાં જ હોય છે. મોટે ભાગે એમ બને છે કે આપણે તેમને ઉદ્યોગની દિશા ન બતાવીએ, ઉદ્યોગ માટે સગવડ ન કરી આપીએ, તેમના ઉદ્યોગોની મર્યાદા અમર્યાદા ને અતિમર્યાદા વગેરે નિશ્ચિત કરી ન દઇએ, એટલે બાળકો ઉદ્યોગ શોધવાનું કામ પોતાના હાથમાં લઇ લે છે. બાળકનાં ઘણાં ખરાં અડપલાં ઉદ્યોગની ખોજમાં કરેલા વૃથા પ્રયત્નો હોય છે. પેલા છવા નામના

અડપલા છોકરાએ ચીંકણીની ડાબલી ઉઘાડી ને હેરાન થયો, એ વાર્તામાં આ ઉંમરનાં બાળકોની બધી કરુણ કથની આવી જાય છે. તેમની કરુણ અવસ્થાનું ભાન આપણામાંથી ઘણા જ થોડાને હોય છે. આપણે તો માત્ર આપણી દૃષ્ટિએ તેમની પ્રવૃત્તિ, તેમની હીલચાલ વગેરેનું માપ કાઢીએ છીએ. આપણી ચીંકણી ઢોળાઇ, આપણી ચોપડી ફાટી, આપણું આ બગડ્યું ને તે બગડયું, એ વિચાર આપણી આગળ હોવાથી આપણે બાળકોને ઉલટો ઉપદેશ કરવા નીકળીએ છીએ કે "જો, નકામો નકામો ચીંકણીની ડાબલી લીધી; [illegible] ચીંકણી ગયાની તને [illegible] અડતો નહિ; કાંઈ [illegible]."

[illegible] તેના હાથ કંઈક [illegible] રંગ તપાસવા [illegible] છે; તેના કાન [illegible] અંદર નાખ્યું [illegible] શું ? આપણાં [illegible] ઉપદેશથી, [illegible] આપણે આપણી [illegible] નચાવી શકીએ

ને બચાવીએ છીએ પણ ખરાં. પણ બિચારા જીવાના હાથ અને પગે શું કરવું? તેમણે નિષ્ક્રિય થવું? તેમણે દુનિયામાંથી નિવૃત્ત બનવું? તેમણે હીલચાલ માત્રનું આકલન કરી સમાધિ લેવી કે શું?

સાર એ છે કે બાળકને આ ઉંમરે યોગ્ય પ્રવૃત્તિની ગોઠવણ કરી ન આપીએ તો તેથી તેને જે નુકશાન થાય છે તેની ભરપાઇ પાછળથી! હાઇસ્કૂલ કે કૉલેજના શિક્ષણ વખતે તેની પાછળ હજારો રૂપીઆ ખરચવાથી પણ થતી નથી.

બાળકોને યોગ્ય એવા ઉદ્યોગો આપવાની સાથે જ તેની વ્યવસ્થા પણ બતાવવી જોઇએ, તેના ઉદ્યોગક્ષેત્રની મર્યાદા પણ ચોક્કસ રાખવી જોઇએ. તેમાં આપણી સગવડ સચવાય છે એ તો ગૌણ વસ્તુ ગણાય: પણ એથી બાળકનું મન વ્યવસ્થિત, શાંત ને પ્રવૃત્તિમય રહે છે. જ્યારે બાળકે ક્યાં રમવું, શું કરવું, ક્યાં સાધનો લેવાં, ક્યાંથી લેવાં, ક્યાં મૂકવાં, વગેરે બધું અનિશ્ચિત હોય છે ત્યારે તેનું મન ગોટાળામાં જ હોય છે–મૂંઝાએલી સ્થિતિમાં હોય છે. કેમ કે ક્યારે આકાશવાણી થશે કે "ત્યાં અડીશ નહિ. ત્યાં શું કામ ગયો? તે શું કામ લીધું? આ શું

કરે છે? રહેવા દે છે કે નહિ?" અને ક્યારે વાંસા ઉપર વજો પણ તૂટી પડશે એની તેને ખબર જ હોતી નથી!

માટે આ ઉંમરના બાળકો માટે આબાપોએ પહેલું કામ તો એ જ કરવાનું કે ઘરમાં બાળકો માટે ઉદ્યોગભૂમિ નિશ્ચિત કરવી. એને બાળકની રમવાની ઓરડી કહો કે ગમે તે કહો. તે માટે ઓરડી જ જોઇએ એવું નથી. ઓશરીનો એક ભાગ કે મોટા ઓરડાનો એક ખૂણો પણ ચાલશે. પણ જે જગ્યા હોય તેની કાંઇક મર્યાદા નિશ્ચિત હોવાની જરૂર છે. એમાં પણ જ્યાં જ્યાં ઓરડી જેવું કાંઇ આપવાનું શક્ય હોય ત્યાં તો તેમ જ કરવું વધારે સારું; કારણ કે ત્યાં મર્યાદાઓ વધારે સ્પષ્ટ રીતે નક્કી થાય છે અને બાળકને પોતાના કામમાં જોઇતી શાંતિ વધારે મળ[illegible] છે. આવે સ્થળે બહારથી ઓછી દખલ થા[illegible] ને બાળક પોતાનું કામ એકાગ્રતાથી કરી [illegible]

બીજું કામ બાળકને તેના ઉદ્યોગના સાધ[illegible] પૂરાં પાડવાનું છે. તેના કાગળ, તેની [illegible] તેનું સર્વ કાંઇ જુદું હોય તો બાળક બાપ[illegible] ટેબલ વીંખશે નહિ કે બાને કબાટમાંથી વારે [illegible] કાતર ને સોય ને એવું એવું લઇને ભાગશે ન[illegible]

એટલું જ નહિ પણ પોતાની વસ્તુઓ વ્યવસ્થિત રાખવાની સંભાળ રાખશે, કારણ અવ્યવસ્થિત રાખવામાં કેટલી મુશ્કેલી પડે છે તેનો તેને અનુભવ થશે. બાપાની કે બાની ઉપયોગી વસ્તુને રજા વગર શા માટે ન અડવું તેનું પણ તેને ભાન થશે, કેમ કે પોતાની પેન્સિલ કોઇ લઇ જાય તો શું થાય તેની તેને ખબર હોય છે.

બેશક બાળકને ઉદ્યોગનાં સાધનો પૂરાં પાડતી વખતે તેની ઉંમરને માટે કેવા ઉદ્યોગો હોય, તેમ જ આપણા બાળકને તેમાંથી કયો ઉદ્યોગ ગમે છે તે નક્કી કરીને જ સાધનો વસાવવાં જોઇએ. વળી પોતાની વસ્તુઓ કેમ વ્યવસ્થિત રાખવી, કેમ સાફ રાખવી, કેમ વાપરવી, ક્યાં મૂકવી, વગેરેના પાઠો આપી બાળકને બતાવવું. તેની ઓરડી પરત્વેના તેમ જ અન્યના ઓરડા એટલે કે બાનો ઓરડો, બાપાનો ઓરડો કે બીજાના ઓરડા પરત્વેના નિયમો તેને આપતા જવું; એથી આપણું કામ તો સરલ થશે જ, પણ મુખ્ય તો બાળકનું કામ સુલભ થશે. તેના મનનું અવ્યવસ્થિતપણું અને મૂંઝવણ પણ ટળશે. તેને પ્રવૃત્તિની સગવડ કરી આપવાથી આપણે તેનું જીવન જેટલું સુખમય કરશું તેટલું તેને માટે લાખોનાં

ઘરેણાં ઘડાવવાથી, સેંકડોનાં કપડાં સીવડાવવાથી કે તેને રમકડાં ને ખાવાનું આપવાથી ન જ કરી શકીએ.

ટૂંકમાં બાળક અડપલાં કરે છે એનો અર્થ તે જીવવા માગે છે. બાળકનું નાક મ્હોં દાબીએ ત્યારે તે શ્વાસ લેવા માટે ફાંફાં મારે તેને જો આપણે અડપલાં કહીએ તો જ ઉદ્યોગની શોધમાં થતા તેના પ્રયત્નોને અડપલાં કહી શકીએ.

બાળકને ઉદ્યોગ પૂરા પાડીએ એટલે તેને જીવવાની ગોઠવણ કરી આપી કહેવાય; અને સાચું જીવવું એટલે જ વિકસવું—એટલે જ જીવનસાર્થક્ય.

બાળક માટે જુદા જુદા ઉદ્યોગો હોઈ શકે છે. બાળક સુપડી સાવરણી લઈને વાળે ને સાફ સુફ કરે એ પણ ઉદ્યોગ છે. એમાં બાળક હાથની અમુક હીલચાલ શીખે છે, સાથે સાથે તે ક્રિયા- [illegible] મેળવે છે. બાળક દોરો લઈને [illegible] એ પણ ઉદ્યોગ અથવા પ્રવૃત્તિ તો છે જ. [illegible] એ પણ પ્રવૃત્તિ છે. શારી- [illegible] ફરી હીલચાલ તથા [illegible] આ બધી પ્રવૃત્તિ કામની [illegible] લઈને વાંચે તો પણ તે

ઉદ્યોગમાં છે એમ જ કહી શકાય. આ વખતે તે ઐંદ્રિક ઉદ્યોગ કરતું હોય છે. બાળક પોતાના ભાઇબંધને પાણી લાવી આપે, તે પડી ગયું હોય તેની સારવારમાં ને મદદમાં જાય તે પણ ઉદ્યોગ જ ગણાય. તે પ્રવૃત્તિ લાગણી વિષયક પ્રવૃત્તિ કહેવાય.

આ બધાથી જુદી એવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ હોય છે. જે ઉદ્યોગ દ્વારા બાળક કાંઇ નવું ઉપજાવે છે તે તેનું સર્જન છે; તેમાં તેણે કાંઇ નવું ઉત્પન્ન કર્યું કહેવાય, જન્મ આપ્યો કહેવાય. પ્રાણીમાત્રની અંદર સર્જનશક્તિ ને વૃત્તિ પ્રબળપણે વસે છે. મનુષ્ય આ શક્તિનો ઘણો જ સારો એવો ઉપયોગ કરી શકે છે; એટલું જ નહિ પણ તેનો જો સારો ઉપયોગ ન કરે, તેને સર્જનાત્મક પ્રવૃત્તિમાં ન વાપરે તો તેનો દુરુપયોગ પણ તેટલો જ થઇ શકે છે.

બાળકો મનથી સુદૃઢ બને માટે તેમને તેમનો પુષ્કળ સમય સર્જનાત્મક પ્રવૃત્તિમાં કાઢવા દેવો જોઇએ.

નાનાં બાળકો બે પથરા આમ ગોઠવે, ઉપર કાંઇક મૂકે, બાજુમાં કાંઇક મૂકે, આમ ગોઠવે તેમ ગોઠવે ને કહે છે: "મેં ઘર બનાવ્યું."

બાળક પેન્સિલથી લીંટા કાઢે છે; આમ ખેંચે, તેમ ખેંચે, ખૂબ મહેનતથી કાંઈ ચીતરી લાવે છે ને કહે છે: "મેં ઘોડો ચીતર્યો, મેં માણસ ચીતર્યું." વગેરે. આ બધું તેને માટે નવું સર્જન છે; અને આપણે શીખવીને કાંઇ કરાવી લેવા કરતાં આ તેના મૌલિક સર્જનની કિંમત ઘણી જ વધારે છે–બલકે આ જ ખરી કિંમતી વસ્તુ છે. પેલી આપણે શીખવીને ને બતાવીને કરાવી લીધેલી વસ્તુમાં બાળકનાં આંગળાં થોડાં હલ્યાં એ સિવાય કશી કિંમત નથી.

આ પછીના પ્રકરણમાં જે કળા અને હાથ-કારીગરી સંબંધમાં લખવામાં આવ્યું છે, તેમાં માબાપોએ ધ્યાન રાખવાનું કે બાળકનું મૌલિક સર્જન કયું છે. જુદી જુદી કળાનાં સાધનો કેમ વપરાય તે બતાવવાનું જ માત્ર આપણું કામ છે; જેમ કે ચિત્રકામમાં પેન્સિલ કેમ પકડાય એ બતાવવું, તેમ લીટા કરવાનું બતાવવું જેથી બાળકને પેન્સિલ ઉપર કાબુ આવે. શું ચીતરવું, કેમ ચીતરવું, કયા રંગો પૂરવા વગેરે બધું તેને જ સોંપી દેવું જોઈએ. એ જ નિયમ બીજા બધા ઉદ્યોગોને પણ લાગુ પડે છે.

પ્રકરણ નવમું

હાથકારીગરી અને કળા

હાથકારીગરી અને કળા

બાલજીવનમાં સર્જનાત્મક કળાની પ્રવૃત્તિઓને જેમ આપણે ઘરમાં સ્થાન આપીએ તેમ જ હાથકારીગરીને પણ સ્થાન આપવું જ જોઇએ. અહીં હાથકારીગરીનો મહિમા ગાવાની જરૂર નથી. તેના બીજા અનેક મહત્ત્વના લાભો સાથે માબાપો એક તો લાભ જોશે જ કે બાળકોને ઘરમાં આવી આવી પ્રવૃત્તિઓ પૂરી પાડીએ તો તેઓ નકામા જ્યાં ત્યાં અડતાં કે જે તે લઇને ઉપાડી જતા અટકે છે, તેમ જ પ્રવૃત્તિ વગરનાં ન હોવાથી આપણને પજવતાં પણ મટે છે.

બાળકોને માટેની હાથકારીગરીમાં શીવણ, ગૂંથણ, રેંટિયો, રસોઈ, કાગળ કાપવા, સહેલું સુતારીકામ વગેરેને સ્થાન હોય.

શીવણકામ

શીવણનું કામ સાધારણ રીતે પાંચ વર્ષના બાળકથી શરૂ થઇ શકે છે. શીવણ માટે લુગડાની

ગૂંથણ

ગૂંથણમાં બહુ નાનાં બાળકો કામ કરી શકતાં નથી. તે જરા મોટી ઉંમરે એટલે આઠ દસ વરસની ઉંમરે બતાવવું. તેમાંયે પ્રારંભમાં પોતાને ફાવે તે બનાવવાની છૂટ રાખી શકાય. નાનપણમાં એક સોયાના ગૂંથણમાં અમુક રીતે ગૂંથતાં ગૂંથતાં ટોપીના આકારનું કાંઇક બનાવેલું મને યાદ આવે છે. એને અમે સિપાઇની ટોપી કહેતાં અને તે નાના બાબલાને પહેરાવતાં. મારી ઘણી સખીઓને આ મારી શોધનો મેં લાભ આપેલો સાંભરે છે. એક સોયાનું ને બે સોયાનું ઊનનું ગૂંથણ સાચે જ ઉપયોગી છે, ને નાની ઉંમરે છોકરા છોકરીઓ શીખી લે તો ગમ્મત સાથે એક ઉપયોગી હુન્નર ઘરમાં ચાલે.

શીવણ ગૂંથણ માત્ર છોકરીઓને શીખવાય ને છોકરાઓને નહિ, એવું રાખવાની તો જરૂર નથી જ. પણ કાંઇક અંશે બન્નેને શીખવવાનો આગ્રહ રાખીએ તો ખોટું નથી.

બાળકને આ કામમાં મજા ન જ પડતી હોય તો તેને પ્રારંભના ઉદ્યોગમાંથી બાદ કરી શકાય, અને આગળ ઉપર પોતાને જરૂરી ઉદ્યોગ તરીકે જરૂરી ભાગ તેને શીખવી શકાય.

રેંટિયો

શીવણ જેટલી જ ઉપયોગી અને હુન્નર તરીકે ઉચ્ચ સ્થાન ભોગવતી રેંટિયાની હાથકારીગરી છે.

બરાબર ચાલતો રેંટિયો અને પુણીઓ એટલાં જ એનાં સાધનો છે. આપણે બાળકને કાંતી બતાવીએ અને પછી બાળકને તાર કાઢવાની મહેનત કરવા દઈએ.

એક વાર સુતર નીકળવા લાગે એટલે તો બાળકો હર્ષથી ઘેલાં થઈ જાય છે. પછી તો સાધનો વધારે સારાં કરતા જઈ સુતરનો આંક, સમાનતા વગેરે તરફ તેમનું ધ્યાન ખેંચી આ હુન્નર તેઓ સફાઈની પરાકાષ્ટાએ લઈ જાય તેની ગોઠવણ કરતા જવાની છે. એમાં સ્વભાવ ભેદે બાળક જુદી જુદી દિશામાં વિકાસ બતાવશે. જેમ કે કોઈ જથ્થાબંધ સુતર કાઢવામાં આનંદ લેશે, કોઈ ઝીણું ને સુંદર કાંતવાનો પ્રયત્ન કરશે, કોઈ રેંટિયો સમો કરવા કરાવવામાં મજા લેશે, વગેરે. આ ઉંમરે તેમના અંદરના વલણ પ્રમાણે જ તેમને વિકસવા દેવાં. આ વખતની રેંટિયાપ્રવૃત્તિનો ઉદ્દેશ જાતે કાંતીને પોતાનાં કપડાં ઉત્પન્ન કરવાનો નથી, પણ બાળકની વિકસતી

શક્તિને પ્રમાણ આપવાનો કે આવાં કપડાં ઉત્પન્ન કરવા માટે કે કાંતેલી વણેલી ખાદી ગમતી થવા શાળાનો જ લેવી જોઈએ એવી એમાં જરૂર નથી. આઠમે વર્ષે પ્રાથમિક પછી બાર પંદર વરસની ઉંમરે આવે ને ખાદીને કે એવી ગમત લાગતા હોય તો તેમને ભાર લાગશે નહિ.

દા.ત. મારે રેંટિયો, હાથશાળ કે તકલી તો તેને બરાબર ચલાવવાનું ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ. રેંટિયામાં ઘડીમાં માળ પડે કે ઢીલી થાય, ઘડીમાં ત્રાકને કાટ થાય કે ઘડીક પુણીમાં કાટ વાગે આવે એવા કાચા પાકા સાધનોથી કાંતનારનો શોખ જાગવાને બદલે ઉલટો કંટાળો. મન કમજ થાય છે. મારે બાળકોમાં એવા ગોટાળા થાય એવી જાતના રેંટિયા વસાવી તેને આપણે હમેશા તૈયાર સ્થિતિમાં રાખવા જોઈએ. આવું બધું ન થઈ શકતું હોય તો તકલી વસાવવી. એને વધારે જગા જોઈતી નથી. એમાં ઘણાં સાધનો નથી, ઘણી ખટપટ નથી. એ પણ સુંદર સાધન છે. માત્ર રેંટિયાના ગુંજનમાં બાળકોને જે ગમ્મત આવે છે તે પ્રારંભમાં આમાં આવતી નથી.

રેંટિયાકામ સાથે જ તેની વ્યવસ્થા દાખલ

કરવાનું ભૂલવું નહિ. રેંટિયાને તેલ પૂરવું, રેંટિયો કપડાથી લૂછી નાખવો, તૈયાર સુતર ક્યાં ને કેવી રીતે રાખવું, કચરો ક્યાં નાખવો વગેરે બધી બાબતો પહેલેથી જ બરાબર બતાવવી ને વ્યવસ્થાથી તે થાય તે જોવું.

રસોઈ

રસોઇ શિક્ષણની બાબતમાં આપણી સામાન્ય પદ્ધતિ એ છે કે પહેલાં એટલે કે બાળક કાંઇક નાનું હોય ત્યારે તે રસોડામાં આવવા માગતું હોય, હોંશે હોંશે બતાવેલું કામ કરતું હોય, તે વખતે આપણે તેને રસોડામાંથી કાઢી મૂકીએ છીએ. આપણે એમ માનીએ છીએ કે આટલી નાની ઉંમરે બાળકને આવું કામ આવડવાનું જ નથી. બીજું આપણે એમ પણ માનીએ છીએ કે રસોઇનું કામ દેવતા સાથે હોઇ આ ઉંમરે બાળકને ચૂલા પાસે ન જ આવવા દેવાય, કારણ તેમાં જોખમ છે. પણ ખરું કારણ તો એ હોય છે કે આ ઉંમરના બાળકના ઉમંગને આપણે પોષી શકતાં નથી, તેમ તેને માફકનું કામ બાળકને સોંપી તેની મદદ આપણે લઇ શકતાં નથી. ઉલટું બાળક આપણને શી મદદ કરી શકે એમ માનીને આપણા કામમાં તે આડું

આવતું મટે એમ ઇચ્છીએ છીએ.

ખાવું પીવું એ આપણી પ્રથમ જરૂરીઆત છે, ને તેને લગતું કામકાજ દરેક મનુષ્યને આવડવું જ જોઇએ. ત્રણ ચાર વર્ષનું બાળક રસોડામાં સારી રીતે ઘણાં કામો કરી શકે છે. બે અઢી વર્ષના બાળકને પણ સફાઇથી છરી વાપરી બટેટાં સુધારતાં મેં જોયું છે.

ત્રણ ચાર વર્ષની ઉંમરે આ કામની હોંશ તો ઘણાં ખરાં બાળકોમાં દેખાય છે. તેમને તે કરવાની તક આપણે આપવી જોઇએ. જેમ બીજા બધાંમાં તેમ આમાં પણ નવું કામ ધીમેથી દરેક ક્રિયા છૂટી પાડીને ને ચીપીને કરી બતાવવું જોઇએ. તે પછી બાળકને ઠીક પડે ત્યાં સુધી તેનું પુનરાવર્તન પોતે કરે.

રસોડાને અંગે અનેક નાનાં મોટાં કામો હોય છે; તેમાં બાળક કરી શકે તેવાં કામો છૂટાં પાડીને તેને સોંપવાં. આપણે ધ્યાનમાં એ રાખવાનું કે બાળક આપણી સાથે કામ કરવા આવ્યું નથી પણ શીખવા આવ્યું છે. કામ છૂટું પાડીને આ રીતે બાળકને આપી શકાય. જેમ કે સાંડશીથી વાસણ ઉપાડવું એ રસોડાનાં કામોમાંનું એક કામ છે, તો બાળકને સાંડશી ને થોડાં વાસણો

સોંપી દેવાં. સાંડશીથી વાસણુ પકડીને બાળક ઉપાડે, એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જાય, અંદર બટેટાં, ચોખા વગેરે સૂકી વસ્તુઓ મૂકીને લઈ જાય લાવે, પાણી જેવા પ્રવાહી પ્રદાર્થો મૂકીને લાવે, વગેરે ક્રિયા તે આપણા કામથી સ્વતંત્ર રહીને શીખે, જેથી આગળ ઉપર રસો-ઇનાં વાસણો આમતેમ ફેરવતી વખતે તેને તે શીખવાની જરૂર ન રહે. સાંડશી ને નાનાં મોટાં વાસણો બાળકને આ ઉંમરે અત્યંત આકર્ષક સાધન થઇ પડે છે. જેમ જેમ બાળકને ઉપાડ-વાની ને ઉપાડીને ફેરવવાની ક્રિયા સાધ્ય થતી જાય તેમ તેમ પછીથી તેને વાસણ મૂકવા કર-વાની સફાઇ બનાવવી. જરાએ ખખડાટ થયા વગર વાસણ કેમ મૂકાય, કામ પૂરું થયા પછી વાસણ ક્યાં મૂકાય, સાચી જગ્યાએ જ મૂકાય વગેરે બાબતો બનાવીએ તો બાળક જરૂર મદદ કરે છે. ચીપીયાથી કોલસા ઉપાડવા, સગડીમાં ભરવા, સગડીમાંથી નીચે મૂકવા, વગેરે ક્રિયાઓ પણ એ જ જાતની છે.

પ્રત્યક્ષ રસોઇમાં પૂરી કે રોટલી વણવાના કામથી શરૂઆત ઠીક થાય છે. બાળકને થોડો લોટ, પાટલી ને વેલણ આપી તેને વણવાની કળા

મદદમાં આપણે જવું.

માબાપો કહેશેઃ "આટલું બધું કરવા અમારે વખત ક્યાંથી કાઢવો?" ખરી રીતે આમાં વખત કરતાં થોડીએક ચાલાકી વાપરીએ તો બાળકને લાભ થાય ને આપણને પણ સરલતા થાય. કામ ન મળવાથી બાળકો રાંધનાર માતાને શું ઓછાં પજવે છે? રીતસર સોંપેલું કામ ન હોવાથી બાળક દાળ, ચોખા ભેગાં કરે ને એવું એવું રસોડામાં બીજું કાંઇ ઓછું કરે છે? દરેક વખતે દરેક મામલો સ્વતંત્ર રીતે પતાવવામાં કાંઇ ઓછો વખત જતો છે? આપણે આપણાં કામો કર્યાં કરવાં ને ત્યાંજ એક બાજુએ બાળકને તેને માફક હોય એવું કામ સોંપવું. તેમાં થોડી બુદ્ધિ વાપરીએ તો તેનું કામ પણ આપણી મદદમાં આવી શકે. જેમ કે બાળકને લોટ ચાળવાનું કામ સોંપવું હોય તો તે જ દિવસની રોટલીનો લોટ આપીએ તો કામ ન આવે, કેમ કે બાળક તેની ગતિએ કામ કરશે. તે દિવસનો લોટ આપણે ચાળી લઇએ ને તેને બીજા દિવસ માટેનું ચાળવાનું આપીએ તો બીજે દિવસે તેનો ચાળેલો લોટ જરૂર આપણને મળે. બાળક ચાળતાં ઢોળે તે ન ફાવે એમ કહીને તેને ચાળવા જ ન દેવું

એમ નહિ; પણ નીચે મોટો કાગળ પાથરવો કે લૂગડું પાથરવું ને તે ઉપર જરા મોટી થાળી મૂકવી. આવી નાની નાની યુક્તિઓથી તેનું કામ સુલભ થાય ને આપણને ઉપયોગી પણ થાય એવું કરી શકીએ. દાળ ચોખા વીણવાં, શાક સુધારવું, ભાજી વીણવી, મીઠું કે ચટણી વાટવી, ખાંડવું વગેરે કામોમાં પણ બાળક આપણને સીધી મદદ આપી શકે છે. પણ બાળકની મદદ બાળકની શક્તિ પ્રમાણેની જ હોય. મદદ લેવા જતાં આપણે વધારે પડતી મદદ લેવાની આશા તો ન જ રાખીએ.

શીવણની જેમ રસોડામાં પણ કહેવું પડે છે કે છોકરા છોકરીઓનો ભેદ આ કામ પરત્વે ન જ હોય. કામ બાળકના શોખ પ્રમાણે હોય; તેમાં સ્ત્રીભેદ બંધન ન હોય. કોઈ ઘરમાં એમ પણ દેખાય કે દીકરો ચટણી વાટે છે ને દીકરી ચોપડી વાંચે છે, અથવા બાગમાં ઝાડને પાણી પાય છે. બંને પોતાના શોખથી એમ કરતાં હોય તો તેમાં જરાયે ખોટું નથી.

કાગળ કાતરવા

કાગળ કાતરવાનો ઉદ્યોગ ફુરસદને વખતે સારો છે. બાળકને એ શોખ હોય તો ભલે તેમાં

આગળ વધે. કાગળ કાપવા માટે સારી નાની કાતર હોય તો પાંચ છ વરસનાં બાળકો શોખથી એ કામ કરતાં દેખાય છે. કેટલાંએક તો તેથીયે નાની ઉંમરે આ શોખ ધરાવતાં દેખાય છે.

કાગળ કાપવામાં કોઈ વાર એકદમ ફૂલો કાપવાનું કે એવું બાળકને પ્રથમ બતાવવું નહિ. કાપવામાં પહેલું કામ તો કાતર ઉપર કાબુ મેળવવાનું છે. માટે કાગળનો ઢગલો, કાતર ને કચરો નાખવાની ટોપલી એટલાં સાધનો બાળક આગને મૂકી આપશે ખસી જવું.

આસ્તે આસ્તે બાળક હેતુ પુરઃસર કાપવા તરફ વળશે. તે વખતે જાહેરાતોનાં ચિત્રો બરાબર કાપી લેવાનો ઉદ્યોગ સારો છે. અત્યાર સુધી કાતર જેમ ગમે તેમ ચાલતી હતી તેને બદલે ચિત્રની ફરતી કોર જ કાપી લેવામાં કાતર ઉપર ખૂબ સંયમ વાપરવો પડે છે. આવા કાપેલાં ચિત્રો નોટમાં ચોટીને તેનું આલબમ બનાવવાનું બાળકને બતાવવું. ચિત્રમાં તેની પોતાની જ પસંદગી થવા દેવી.

ત્યાર પછી જુદા જુદા આકારો, કોતરણી વગેરે ઉપર બાળક જશે. પોતાની મેળે ન જાય તો એકાદ વાર બનાવીએ. પણ તે તરફ પોતાની

[illegible] આનંદ [illegible] તેમની [illegible] દિશામાં [illegible] ધ્યાન [illegible].

આ ઉદ્યોગ બાળકોને [illegible] ખુશી રાખી [illegible] છે.

ઘરમાં ચિત્રકામ

[illegible] અને જેથી [illegible] ચિત્રકામ [illegible] ચિત્રકામ [illegible] નથી.

[illegible] ચિત્રકામ [illegible] ચિત્રકામની [illegible] છે.

[illegible]

[illegible]

આપવું, નહિ તો આપણે તેને જરૂર પડે ત્યારે ત્યારે અણી કાઢી આપવી. કાગળ પેન્સિલ પૂરાં પાડવાનું આપણી શક્તિની બહારનું લાગે તો પાટી અને પથ્થરપેનથી કામ લેવું.

છેક શરૂઆતના ચિત્રકામ માટે શક્ય હોય ત્યાં માબાપો મોન્ટીસોરી પદ્ધતિમાં વપરાય છે તેવી ભૌમિતિક લોઢાની આકૃતિઓ વસાવી લે તો ખોટું નથી. એમ નહિ તો વાટકી, બંગડી, ડબ્બાનાં ઢાંકણાં વગેરેની મદદથી બાળક આકૃતિ દોરે તેમ બનાવવું. મહેનતુ ને કારીગર માબાપો જાડા કાર્ડબોર્ડ (પૂંઠાની)ની આકૃતિઓ ઘરમાં જ બનાવી કાઢે તો તે પણ સહેલું છે. આકૃતિ વગર આરંભનું ચિત્રકામ ફિક્કું પડે છે.

આકૃતિની મદદથી ગોળ, ત્રિકોણ, પંચકોણ વગેરેનાં ચિત્રો પાડતાં બાળકને આવડે એટલે તેમાં છૂટે હાથે લીટા પૂરવાનું બનાવવું.

લીટા પૂરવા એટલે આકૃતિની એક બાજુની રેખા ઉપરથી બીજી બાજુની રેખા સુધી લીટીઓ જેમ જેમ આખી આકૃતિ રંગીન લીટીથી ભરી દેવી. આમ જ્યારે લીટા છેક પાસે અને એકધારા દોરાશે ત્યારે આકૃતિમાં પૂરેલો રંગ સુંદર દેખાશે. બાળક પહેલી વાર લીટા કાઢવાને

બદલે આકૃતિમાં લીંટોડા કરે છે અથવા પેન્સિલ ઘસે છે, ને ઘસી ઘસીને રંગનું ધાબું કરે છે; તેનું નામ લીંટા પૂર્યા કહેવાય નહિ. માબાપ આ વાત બરાબર ધ્યાનમા રાખે. બને તો મોન્ટીસોરી શાળામાંથી લીંટા પૂરવાના નમુના મંગાવી લે.

કયા રંગની પેન્સિલથી આકૃતિ પાડવી, અને અંદર કયા રંગથી લીંટા પૂરવા વગેરે બાળકની મુનસફી ઉપર રાખવું. આરંભમા બાળકને એક બે જ પેન્સિલો આપી પછી વધારે રંગો ઉમેરતાં જઇએ તો પણ સારૂં. પેન્સિલના લીંટા સમાંતર અને પાસે પાસે તેમ જ છૂટથી કરતા આવડ્યા પછી બાળકને કાગળ અને પેન્સિલ સાથે છૂટું મૂકી દેવું.

બાળક આકૃતિઓની મદદથી જાતજાતના ઘટનાઓ રચતું દેખાશે. સ્વતંત્ર રીતે પણ તેના આસપાસની દુનિયામાંથી ઘણું તેના [illegible] અનુસાર ચિત્રમા ઉતરતું જશે. તે કેમ [illegible] દેખે છે તે આપણું જોવાનું જ [illegible]

ચિત્રમાં બાળકની ભૂલ કાઢ[illegible] નહિ. તેનું દુનિયાનું અવલોકન જેમ જેમ [illegible] વધતું જશે તથા તેનો હાથ જેમ જેમ [illegible] જશે તેમ તેમ તે [illegible] ચિત્રમા [illegible]

સુધારો કરશે.

બીજું બાળકે સુંદર ચિત્ર કાઢ્યું હોય તો તેનાં ખાસ વખાણ કરવા બેસવું નહિ. આવનાર જનારને બતાવી બતાવી તેનું અનહદ પ્રદર્શન કરવાની પણ જરૂર નથી; તેમ જ ચિત્ર સારું ન હોય તો તે વખોડવાનું પણ આપણું કામ નથી. બીજાં બાળકો તેનાથી વધારે સારું કરતા હોય તો તે બતાવી તેને ભોંઠા પાડવાની કે શરમાવવાની કે પાનો ચડાવવાની પણ જરૂર નથી.

હા, બાળકો બીજાં નાના મોટાનાં ચિત્રો જુએ તે ઠીક છે, પણ તેમ તેને કાઢતાં ન આવડે તે માટે આપણે ફિકર રાખવી નહિ, ને બાળકને પણ ફિકરમાં નાખવું નહિ. બાળકને સાધનો પૂરાં પાડ્યા પછી તેનામાં ચિત્રકારનો જીવ હશે તો તે આગળ વધશે, ને નહિ હોય તો તે છોડી આગળ બીજી દિશામાં ચાલ્યું જશે ને સાધનો સાપે ઉતારેલી કાંચળીની પેઠે ત્યાં પડી રહેશે. ને પડ્યાં રહે તેને માટે શોક પણ ન જ હોય, કારણ બીનજરૂરી વસ્તુ બાળક છોડી દે એ જ યોગ્ય છે. વસ્તુની કિંમત તેના ઉપયોગમાં છે; ઉપયોગી ન હોય તો મફતનો ભાર શા સારુ વેંઢારવો!

ત્રીજું આપણે બાળકને ખાસ શીખવવા બેસવાની પણ જરૂર નથી. આપણને જો ચિત્ર-કામ આવડતું હોય તો આપણે તેની સાથે બેસીને ચિત્રો કાઢીએ ને તેને આપીએ. આપ-ણને ન આવડતાં હોય તો બીજાંનાં ચિત્રો મેળવીને તેને જોવા આપીએ.

આરંભમાં માત્ર પેન્સિલ કેમ પકડાય, આકૃતિ ફરતી પેન્સિલથી આકૃતિ કેમ દોરાય, લીટી કેમ દોરાય, તેટલું જ બતાવવાની જરૂર છે. પછી તો બાળકે પોતાની મેળે જ આગળ વધવાનું છે.

આગળ વધવાને માટે બે વસ્તુ મદદ રૂપ થાય છે: એક કુદરત વચ્ચે ફરીને ઝાડ, પાન, ફૂલ, પક્ષી, પ્રાણીઓ વગેરે જોવાં અને બીજું ચિત્રો જોવાં.

કુદરતમાં ફરવા માટે બાળકને ગામ બહાર વાડીઓમાં, ખેતરોમાં, બાગ બગીચાઓમાં, તળાવ કે નદી કાંઠે, સૂર્યોદય સૂર્યાસ્ત કે ચાંદનીમાં ફરવા લઇ જવું.

ચિત્રો થોડાં ઘરમાં વસાવી શકાય તો વસા-વવાં; ગામમાં ક્યાંઈ ચિત્રસંગ્રહ હોય તો ત્યાં લઈ જઇને બતાવવા. એમાં એટલું જ ધ્યાનમાં રાખ-વાનું કે ચિત્રો બાળકની કક્ષાનાં હોવાં જોઇએ.

બાળકની દુનિયાના વિષયના હોવાં જોઇએ. ચિત્ર સાદું હોય તો વાંધો નહિ પણ અશ્લિલ, અસંસ્કારી કે સુરુચિ વિઘાતક ન જ હોય. બાળકો જે ચિત્રો કાઢે તે સંઘરવાં. તેના પર બને તો રોજની તારીખો નાખવી. બાળક દિન પ્રતિદિન આગળ કેમ વધતું જાય છે તે તેમાંથી જોવાનું મળશે. મહિને દહાડે કે જ્યારે જરા વધારે અવકાશ મળે ત્યારે ચિત્રો એકઠાં કરી તેને તારીખવાર ગોઠવી તેનું આલબમ કરવું. પાછળથી બાળકની પ્રગતિ જોવાનું આલબમ ભારે કિંમતી સાધન થશે. માનસઅભ્યાસની દૃષ્ટિએ તો એક એક ચિત્ર મહામૂલ્ય છે જ. બાળકમાં રસ લેતા થવાનું આ એક ઉત્તમ સાધન છે.

માટીકામ

બાળકોને ગારાનું કંઈ ને કંઈ કરવાનું કેટલું બધું પ્રિય છે તે માબાપો જ કહી શકે છે. પરંતુ હેતુ અથવા કાંઇ પણ ધારણા વિના માત્ર વખત જ કાઢવા માટે બાળકો ગારો ચૂંથ્યા કરે એમાં કશો લાભ હોતો નથી. વળી ગારાની રમત સાથે અગત્યઆનું ભાન ન હોય ને બાળકોમાં ગંદકી પરત્વે બેદરકારી આવે તો તે પણ કામનું નથી. બાળકોની ધૂળ-ગારાની રમતમાં માબા-

[illegible] છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] નથી, [illegible]

[illegible]

[illegible] વળી [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] તેમ [illegible]

[illegible]

[illegible] કામ [illegible]

[illegible]

[illegible] થઈ [illegible], તેવો

[illegible] કરવો.

[illegible], ચિત્રકામ, રેડિયો વગેરે [illegible] શાસ્ત્રો કહેવાય છે. [illegible] તે ઉપયોગી [illegible] ભારે કિંમત છે.

બાળક માટીનો પીંડો લઇ કાંઇ આકાર કરે ને તેને તે ગાય કહી એમ કહે તો તેવા ગાયના ઘાટને જ સાચા સર્જનની કિંમત છે; ભલે બનેલો ઘાટ અધૂરો, અસ્પષ્ટ કે કઢંગો હોય. તેને બદલે આપણે શીખવીને અથવા મદદ આપીને બાળક પાસેથી ઘાટીલી એવી સુંદર ગાય કરાવી લઇએ તો દેખાવમાં તે વધારે સારી દેખાતી હોય છતાં તેમાં બાળકનું પોતાનું સર્જન ન હોવાથી તેની કિંમત થોડી જ છે, માત્ર અનુકરણની કિંમત છે. માટે બાળકોને આવાં કામોમાં તે તે કામનાં સાધનો આપી સાધનોનો વપરાશ બતાવી પછી છૂટાં મૂકવાં, ને બાળક એમાંથી શું શું ઘડી કાઢે છે તે જોતા રહેવું. વધારે વખત ને હોંશ હોય તો તેની હમેશ નોંધ રાખતા રહેવું. દિવસે દિવસે તેની કરામત વધારે સુધરતી જાય છે કે નહિ, નવા નવા ઘાટો તે ઉપજાવે છે કે નહિ એ વગેરે જોતા રહેવું.

વળી આપણને માટીનું કાંઇ ઘડતાં કે બનાવતાં આવડતું હોય તો આપણે બાળકો સાથે કોઇ કોઇ વાર કામ કરવા બેસી જઇએ ને પૂર્ણ સફાઇથી સરસ કામ કરીને બતાવીએ. સ્વચ્છતા, સુઘડતા વગેરે પ્રત્યે આપણા કામમાં જરાં

બેદરકારી ન હોવી જોઇએ. ઉલટું એ દૃષ્ટિએ આપણું કામ દાખલા રૂપ હોય. માટીકામ પછી હાથ ધોવાનું બાળકને કહીએ ને આપણે ગારાવાળા હાથ ઝાટકીને કે ઘસીને સાફ કરીએ અથવા આપણા લૂગડાથી લૂછી નાખીએ તો બાળકને ઉંધો પાઠ આપ્યો કહેવાય.

માટીકામમાં બે ત્રણ કામનો સમાવેશ થઈ શકે છે. પહેલું તો કુંભારકામ. માબાપો ઘરમાં સ્વતંત્ર રીતે અથવા શેરીનાં પાંચ દસ ઘરો સાથે મળીને એક જગ્યાએ બને તો રીતસર કુંભારનો ચાકડો દાખલ કરે તો પણ ખોટું નથી. બીજું પલાળેલી માટીનાં રમકડાં કરવાં કે ઇંટો પાડવી ને પકાવવી, તેનાથી ઘર-ઝુંપડું બાંધવું. વગેરે ઉદ્યોગો પણ સારા છે. ચૂલાને માટે જે રીતે માટી કેળવે છે તેવી કેળવાએલી માટી, અથવા શાળામાં વપરાતી પ્લાસ્ટીસીન જેવી રંગીન માટી મળે છે તે આ કામ માટે વાપરી શકાય. ઘરના માટીકામમાં લીંપવું, ચૂલો તથા કોઠીઓ વગેરે ઘરગથ્થુ ઘાટો બનાવવાનો સમાવેશ થઈ શકે છે. છોકરાઓ પણ લીંપવા ગૂંપવામાં જોડાય તો 'છોકરો થઇને આવું કયાં કરે છે ?' એમ કહેવું નહિ પણ કરવા દેવું. આગળના વખતમાં ઘરમાં

સ્ત્રીઓ રદ્દી કાગળો પલાળીને ખાંડીને તેની ટોપલીઓ ને એવા ઘાટો કરતી, તેનો પણ બાળકને રમકડાં બનાવવામાં ઉપયોગ કરવા દેવો. દરેક માબાપે પોતાની પરિસ્થિતિમાં શું સગવડભર્યું છે તે જોઇને સાધનો વસાવવાં. મુંબઇ જેવા શહેરમાં પ્લાસ્ટીસીન જેવી માટી જ ઠીક પડે, જ્યારે ગામડામાં ત્યાં માફક આવે એવાં સાધનો ઉભાં કરી શકાય.



પ્રકરણ દશમું

કુદરત પરિચય

કુદરત પરિચય

બાળકોને કુદરતનો પરિચય અમૂલ્ય શિક્ષણ છે. કુદરત સૌન્દર્ય અને જ્ઞાનની ખાણ છે. પ્રવાસ દ્વારા, બાગકામ દ્વારા અને પ્રાણીઉછેર દ્વારા આ ખાણ આપણે તેમને બતાવી શકીએ. બાળકો વગર કહ્યે માતાના જેવી કુદરતને ખોળે આળોટશે, તેને નીરખશે ને તેના કોયડાઓ ઓળખશે [illegible] જાણશે એટલે તેઓ જ્ઞાન અને વિજ્ઞાનને માર્ગે જતાં થશે. કુદરતને ખોળે જ તેમની કલ્પનાશક્તિ તંદુરસ્ત રીતે પોષાશે અને તેના ઉપર આ જગતની અનંત મહત્તાની છાપ પડશે. આ દૃષ્ટિએ બાળકો માટેના નીચે [illegible] [illegible] જેવા છે.

(૧) પ્રવાસ

શહેર જોવું

[illegible]

નોકરચાકરને સોંપી દેતાં હશે અને ગરીબ માબાપો નોકરચાકરને અભાવે ફરવા જવાનું બંધ રાખતા હશે. છતાં મુંબઈ જેવાં શહેરોમાં (વસ્તીના પ્રમાણમાં કાંઈ નહિ તો પણ) ઘણાં માબાપોને બાળકોને લઈને ફરવા નીકળતાં જોઈશું. પણ એ લોકો મોટે ભાગે બાળકોની દૃષ્ટિએ ફરવા નીકળેલા હોતાં નથી પણ બાળકોને સાથે લઈને નીકળેલાં હોય છે. બાળકો મોટાંઓ સાથે જાય છે ત્યારે મોટાંઓ ગાડી કે મોટર અમુક જગ્યાએ ઉભી રાખે છે. પછી બાળકો જરા તરા આમ તેમ ફરે છે, અથવા ગાડીમાં જ બેસી રહે છે, અથવા માબાપોની સાથે સાથે ફરે છે.

આ જાતના ફરવા દરમ્યાન બાળકોને [illegible] ખુબખુબ રમવા મળ્યું છે કે [illegible] પણ પલાળવાનું મળ્યું છે કે એવી બાળકોની રમત-ગમત તેમને ગમી છે એવું ક્વચિત જ બને છે. મોટે ભાગે બાળકને [illegible] ફરવું [illegible] લઈ જવામાં આવે છે ને બાળકે [illegible] જેવી રીતે કરવાનું હોય છે.

પણ ધારો કે સાંજે માબાપો બાળકને સમુદ્રને કાંઠે રેતી ઉપર કે બગીચામાં કે ચોપાટી-કે [illegible] ઉપર [illegible] છે અને બાળકને ત્યાં

પુષ્કળ રમવા દે છે. તો પણ મુંબઇ જેવા મોટા શહેરમાં બાળક માટે તેટલું જ ફરવાનું નથી.

બાળકને મહિનામાં એકાદ વાર શાકમારકીટો જોવા લઇ જઇએ તો ત્યાં તેને કેટલાંય વિધવિધ શાકો ઉત્તમ રીતે ગોઠવેલાં જોવા મળે. બાળક પૂછે ત્યારે શાકભાજીનાં નામો આપીએ, તેમ જ નવું જણાતું શાક વેચાતું લઇ ઘરે બાળકને તેના સ્વાદથી વાકેફ પણ કરીએ.

કોઇ વાર ફળ મારકીટમાં લઇ જઇએ. ફળ મારકીટ ફળોના અનેક રંગોથી શોભતી હોય છે અને વાસથી મહેકી રહી હોય છે. મોટાં શહેરોમાં આવી મારકીટો બાળકોનાં સંગ્રહસ્થાનોનું કામ સારી શકે.

કોઈ વાર બંદર ઉપર લઇ જઈ કેટલી જાતનાં વહાણો ત્યાં પડેલાં હોય છે, દરિયામાંથી ગાળ કેમ કાઢે છે વગેરે બતાવી શકાય. વળી વિલાયતની સ્ટીમર કેવી હોય તે બતાવવી શક્ય હોય તો દરિયામા થોડે દૂર ફરવા પણ લઇ જઇ શકાય.

કોઇ વાર બજારને જુદે જુદે રસ્તે નીકળીને બજારમાં કઇ કઇ વસ્તુઓની દુકાનો હોય, કેટલા પ્રકારના દુકાનદારો હોય ને કેટલા વિધવિધ પ્રકારના ખરીદનારાઓ હોય તે બતાવતા ને જોતા [illegible]

શકાય. તે વખતે કાંઇ પણ ખરીદવાનો વિચાર જ ન રાખવો ને બાળકને પણ તે વાત ચોક્કસ કહી દેવી. કારણ કે 'આ લઇએ ને આ લઇએ' એવી વૃત્તિ આવે એટલે શુદ્ધ જોવાની વૃત્તિ ચાલી જાય છે. ને તટસ્થ જોનાર તરીકેની ગમ્મત પણ ઉડી જાય છે.

કોઈ વાર જુદાં જુદાં કારખાનાં જોવા લઇ જઇએ. કોઈ વાર મીલો, કોઇ વાર બેકરી, તો કોઇ વાર પૂલનાં કે એવાં જ મોટાં મોટાં બાંધકામનાં કામો ચાલતાં હોય તે બતાવવા લઇ જઇએ, ને બાળકમાં વૈજ્ઞાનિક તેમ જ એંજીનિયરીંગ રસ જગાડીએ તો કોઇ વાર મોટી લાયબ્રેરીઓ પણ બતાવીએ.

કોઇ વાર દાદર, માહીમ વગેરે પરાંઓમાં જઇને શાકભાજીની કે ફળફૂલોની વાડીઓ હોય તે બતાવવા લઇ જઇએ.

મ્યુઝિયમ કે વિક્ટોરીયા ગાર્ડન્સને તો સંભારી દેવાની બહુ જરૂર જણાતી જ નથી; છતાં બહુ થોડાં માબાપો આવાં સંગ્રહસ્થાનોનો બાળકો માટે ઉપયોગ કરતાં દેખાય છે.

જો આપણે અઠવાડિયામાં એક દિવસ પણ બાળકો માટે ખાસ રાખીએ ને તે દિવસે જાતે જ બાળકો સાથે વાતચીત કરતાં કરતાં તેમને બધું

આવું જોવા લઇ જઇએ તો તેમને ઘણી જોવાની દૃષ્ટિ મળશે, જીવનનો થોડોએક વિશાળ ખ્યાલ આવશે, તેમની વૈજ્ઞાનિક તેમ જ જ્ઞાન મેળવવાની બુદ્ધિ ઘણી સતેજ થશે ને આપણી ને તેમની વચ્ચેનો અંતરનો સંબંધ વધારે ગાઢ ને વધારે નિકટનો થતો જશે. ફરવા જવું ત્યારે જેમ ખરીદવા ન જવું તેમ જ મિત્રો કે સગાં સંબંધીઓને મળવા માટે પણ ન નીકળવું. ફરવા જવું ત્યારે તો ફરવા જ જવું એમ રાખવું.

મુંબઇ જેવા શહેરમાં જે રહેતાં હોય તેઓએ પોતાના શહેરમાં ઉપર આપેલા પ્રકારોમાંથી તેમ જ તેથી જુદું અથવા વિશેષ જે પોતાના ગામમાં બાળકની દૃષ્ટિએ જોવા જેવું હોય ત્યાં ફરવા જવું.

સીમમાં

એક વાર એક ડૉક્ટર સાથે વાત નીકળતાં તેમણે કહ્યું: "ત્રણ ચાર મહિનાના બાળકને પણ ફરવા લઇ જવું જોઇએ. ઝાડપાન હલતાં હોય, ફૂલના સુગંધ મહેકી રહી હોય ને પક્ષીઓ કલરવ કરી રહ્યાં હોય એવી જગ્યાએ બાળકને ફેરવવું જોઇએ."

મેં કહ્યું: 'આ બધું આપણી દૃષ્ટિએ કાવ્યમય ને સુંદર લાગે છે, પણ આટલા નાના

બાળકને તેમાં શું ? તેને તો તેનું ઘર, પારણું ને બાગબગીચો બધું સરખું જ છે ને ! હા, ખુલ્લી હવાથી તેને ફાયદો થાય માટે બહાર લઇ જવું જોઇએ એટલું સાચું."

ડૉકટર કહે: "તમે ભૂલો છો. નાનાં બાળકો ઉપર આવાં દૃશ્યોની, અવાજની વગેરેની બહુ સુંદર અસર થાય છે."

જો ત્રણ ચાર મહિનાનું બાળક પણ કુદરતની અસર લઈ શકે છે ને તેથી તેનું મન પ્રફુલ્લ થાય છે, તો ત્રણ ચાર વરસનાં કે તેથી મોટાં બાળકોને તો કુદરતથી કેટલો લાભ થતો હશે ? આ ઉંમરે તેમની બધી ઇન્દ્રિયો નવું નવું જાણવા–ઓળખવા માગે છે. "આ શું ? આ શું ?" એમ તેઓ કરે છે ને નાની વાતો પણ તેમનું ધ્યાન ખેંચે છે. તે ઉંમરે આપણે તેમને કુદરતનો સીધો પરિચય કરી લેવા કુદરતને ખોળે છૂટાં મૂકવાં જોઇએ. અને સાચે જ આપણે જોઈશું કે આપણે બતાવવા નીકળીએ તે કરતાં તેઓ પોતાની મેળે ઘણું જ વધારે જુએ છે. જંગલમાં પથરાએલાં નાનાં નાનાં ફૂલો પણ તેમની નજર બહાર જતાં નથી. ઝાડ ઉપર પાંદડાંમાં લપાઇને બેઠેલાં પક્ષીઓ, તેમનો અવાજ કે તેમના માળા

તેમના ધ્યાન બહાર હોતા નથી. આ ઉંમરે કુદરતનો સીધો પરિચય ન આપીએ તો પાછળથી મોટી ઉંમરે હાઇસ્કૂલોમાં ને કૉલેજોમાં ગમે તેટલાં કાવ્યો શીખવીએ તો પણ તેના તેઓ વિકૃત ને અવિકસિત આનંદ લેતાં દેખાય, તેમ જ ગમે તેટલું સાયન્સ-વિજ્ઞાન શીખવીએ તો પણ વૈજ્ઞાનિક દૃષ્ટિનો ને શોધખોળની દૃષ્ટિનો કે ઝીણા અવલોકનનો વગેરેનો અભાવ જ દેખાય તો તેમાં શી નવાઇ ?

બાળકોને ફરવા લઇ જવાને માટે આપણે બનતાં સુધી રોજ, અને કંઇ નહિ તો અઠવાડિયામાં એક બે વાર વખત આપવો જ જોઇએ. ફરવાના પણ જે એક બે સ્થળો જ હોય ત્યાં જ ફરવા લઇ જવાય એવું નથી. કુદરત પરિચય માટે બાળકોને શહેરના આસપાસ ફરવા લઇ જવાય. જુદું મેદાન કે ખાડા ટેકરા હોય તો પણ તે જોવાનું એક ફળ છે. બાળકો ત્યાં મોટા પથરા જુએ, જુદી જુદી માટી જુએ, ટેકરા ચડે, ખાડા ઉતરે, ખડ તપાસે, ઝાડ ફૂલ એકઠાં કરે, વનસ્પતિ જુએ, જુદું જુદું મોટું આકાશ જુએ. એ બધું જ રસકારક છે. આસ-પાસ નદી હોય તો તેના કોતર-કાંઠાઓમાં બાળકો

રમે; નદીને કાંઠે કાંઠે થોડેક દૂર ફરવા જાય ને કોડી તપાસે; ખડકોનાં ઝાડ છોડ જુએ. પક્ષીઓ ને પ્રાણીઓ પણ આવી જગ્યાએ જોવા મળે. આસપાસ ખેતરો હોય, વાડીઓ હોય, વાડા હોય, ગાય ભેંશ તેમ જ બકરાં ઘેટાંના વાડા હોય એ બધું જોવા જેવું હોય છે. રીંગણી ઉપર રીંગણાં કેમ હીંચકે, ગાજરાંના વેલા ઉપર ચીભડાં કેમ બેસે, મૂળા ડુંગળી કેમ બહાર દેખાતાં નથી, દૂધીનો છોડ હોય કે વેલો હોય, ઘઉં બાજરાનાં ખેતરો કેવાં લીલાંછમ દેખાય, તેના ઉપર ડુંડી ને ફુંદીઓ કેમ બેસે, વણના ફૂલ કેવાં રૂપાળાં હોય ને કપાસ નીકળે ત્યારે રણુવગડામાં ડોશી દાંત કેમ કાઢે, એ બધું બાળકને મન એક એક અદ્‌ભુત વાત છે. કોઇ વાર સીધા જંગલમાં ને વનમાંયે શક્ય હોય તો લઇ જઇએ. નજીકના એકાદ સ્ટેશનની ટિકીટ કાઢે તો સહેલી સોંઘી સહેજે જંગલમા ઉતરી શકે. ગામડાને તો વગડો દૂર હોતો જ નથી ને હોય તો એકાદ વડ માડું જોડાવે એટલે બસ.

વગડામાં આવળ બાવળનો જંગલી શણગાર પણ આનંદ આપે તેવો છે. ત્યાં જમીન ઉપર અનેક જાતનાં, રંગેરંગનાં, નાનાં મોટાં ફૂલડાં

અને ગામની સીમમાં ફરવા લઈ જવાની આવશ્યકતા છે તેમ જ પરગામ લઈ જવાની પણ જરૂર છે. વર્ષમાં એક બે વાર તો બાળક ગાડીમાં ગાડામાં કે રેલગાડીમાં બેસી બીજે ગામ જાય. આપણા લગ્નાદિ પ્રસંગોએ બાળકોને લઇને આપણે વર્ષમાં એક બે વાર એમ જતાં પણ હઇશું. પણ બાળપ્રવાસ એટલે બાળકો માટે કાઢેલો પ્રવાસ, અને બીજા કામને અંગે બાળકોને થએલો પ્રવાસ એમાં ફેર પડે છે. બેશક, નહિ પ્રવાસ કરતાં આવા પ્રવાસો પણ સારા તો ખરા જ. પણ ખાસ બાળકોને બતાવવા ખાતર કરેલા પ્રવાસો જ વિશેષ લાભદાયી હોય છે, કારણ તે વખતે આપણે બાળકોને પ્રવાસે લઇ જવાના જ કામ ઉપર હોઇએ છીએ, તેથી બાળકો માટે આપણે પૂરતો વખત આપી શકીએ છીએ; જ્યારે લગ્ન વિવાહ વગેરેમાં આપણું તેમ જ બાળકોનું મન બીજા વિષય ઉપર હોય છે.

પ્રવાસ કે મુસાફરી તો આબુની હોય કે મુંબઇ જેવા મોટા શહેરની હોય એમ માનવાનું કાંઇ કારણ નથી. આપણા ગામની નજીકમાં જો મોટો ડુંગરો હોય, જો મોટી નદી હોય, જો દરિયા-કિનારો હોય, જો મોટું શહેર હોય, જો મોટા

શહેરમાં રહેવાવાળાની પાસે નાનાં ગામડાં હોય કે મીઠાગર કે એવું એવું હોય તે આપણાં બાળકોના પ્રવાસ માટેનાં યોગ્ય સ્થળો થઇ શકે છે. મુંબઇની પાસે રહેનારાં જરૂર કોઇ કોઇ વાર બાળકોને મુંબઇની મુસાફરી કરાવે, અમદાવાદની પાસેનાં અમદાવાદની કરાવે ને જૂનાગઢ કે ભાવનગરની પાસેનાં ત્યાંની કરાવે.

પ્રવાસોમાં જોવા જેવું શું એનો નિર્ણય આપણે બાળકોની દૃષ્ટિએ કરવો ઘટે. કુદરતનાં નદી, સરોવર, ડુંગરા, દરિયો વગેરે ખાસ જોવાનાં સ્થળો ગણી શકાય. તેમ જ ઉદ્યોગ હુન્નરનાં સ્થળો પણ તેટલાં જ મહત્ત્વનાં ગણાય. સંઘેડિયો ઘાટ કેમ ઉતારે છે, ઘાંચી તેલ કેમ પીલે છે, કુંભાર કામ કેમ ઘડે છે ને કંસારો હાડાને ટોકી ટોકી કેમ શણગાર કરે છે એ બધી વાતો જોવા જેવી છે. શહેરી બાળકો ગામડામાં જઇ શેરડીનો વાઢ જુએ, ગોળની બનાવટ જુએ, ખેતરમાં કાપણી જુએ, ખળામાં દાણા કેમ સાફ થાય છે તે જુએ. એમ માત્ર કુદરતનાં ને [illegible] સ્થળો ઉપરાંત શહેરનાં ને ગામનાં ઘણું ઘણું જોવાનું નીકળશે. એ દિશામાં આપણું [illegible] એટલે વસ્તુઓ [illegible] [illegible] છે.

આપણે બાળકોને લઇને પ્રવાસે નીકળીએ ત્યારે મુસાફરીની હુશિયારી અને વ્યવસ્થિતપણું પણ કેળવવા જવાની જરૂર છે. સામાન્યતઃ આપણી જનતા હજી મુસાફરીની બાબતમાં હાંફ્લી ફાંફ્લી થઇ જાય છે; આપણો સામાન ઘણી અગવડભરી રીતે આપણે બાંધી લઇએ છીએ; ગાડીમાં પણ તેવી જ રીતે મૂકીએ છીએ; ગાડીમાં એક બીજા પ્રત્યે ઘણો જ અવિનય અને અપમાનભરી રીતે વર્તીએ છીએ. આપણી સ્વાર્થસાધુ અસભ્યતા આપણે જ્યારે બેઠેલાં હોઇએ ને બીજા ચડવા આવે ત્યારે આપણા પૂરતી તો યોગ્ય ગણીએ છીએ, ને જ્યારે આપણે ચડવા જઇએ છીએ ને બીજા તેવી જ અસભ્યતા કે અસહિષ્ણુતા આપણા પ્રત્યે બતાવે છે ત્યારે આપણે તેમના ઉપર ચીડાઇએ છીએ. આપણી મુસાફરીમાં ખરચવાની રીત ને સ્થળે સ્થળે તકરાર કરીને જ વ્યવહાર ચલાવવાની રીત બેહૂદી છે; ને આપણી ગંદકી ને ગંદા રેવાનો તો પાર નથી!

બીજી રીતે જોઇએ તો મુસાફરીમાં ટીકરાક થવા માગનારા આપણે તરત હોલ્ડઑલ સુટકેસ તેમ જ ખાખી સુટ્સ વસાવવા નીકળીએ છીએ; ને જ્યાં ત્યાં રૂમાલ ને પોશાકાદી

વગર ચાલી જ ન શકીએ એવી સ્થિતિમાં આવી પડીએ છીએ.

બાળકોને પ્રવાસે લઈ જઈએ ત્યારે વ્યવસ્થા ને ચાલાકી સાથે જ સ્વાલંબી ને ખડતલ થવાની તક મળે તેવી ગોઠવણ કરવાની જરૂર છે. પ્રવાસમાં નવી પરિસ્થિતિમાં તરત ગોઠવાઇ જવું, ઘરની બધી સગવડોને અભાવે ચલવી લેવું, વગેરે બાબતો શીખવાની આપણે બાળકોને પૂરતી તક આપવી જોઇએ.

(૨) બાગકામ

બાળકને શી ભેટ આપવી એવો ઘણાંઓને પ્રશ્ન થતો હશે. મોટે ભાગે કોઈ ખાવાનું આપતાં હશે; કોઇ ઘરેણાં, કપડાં આપતાં હશે. પણ જો બાળકને આપણે બગીચામાં કામ કરવાનાં નાનાં નાનાં સાધનો આપીએ તો તેને ખૂબ આનંદ થશે. અને કદાચ તમે પણ તેના એ ઉભરાના આનંદથી છલકાઈ જશો.

નાનાં એવાં કોદાળી પાવડા, નાનું એવું દાતરડું, નાની બાલદી ને ઝારી બાળકને આપીએ. પોતાનો બાગ કયાં કરવો તેનું તેને સૂચન કરી દઈએ. બાગ કેમ થાય તેની તેને કલ્પના ન હોય

તો તેની સાથે કામ કરી તેને દિશા સૂચવજો. પછી તેઃ માત્ર તેમાંથી નીકળતાં મીઠાં ફળો જ ચાખવાનું રહેશે. હા, બાળકની દાડમી કે કેળ ઉપરથી તમને દાડમો કે કેળાં નહિ મળે; તેના ઘઉં કે બાજરા ઉપરથી તમને પોંક નહિ મળે; તેના ગુલાબ કે ડોલર ઉપરથી મધુર ફૂલો નહિ મળે. પણ તેનાથીયે વધારે મધુર–વધારે મીઠાં એવાં ફળ ફૂલો તમને જરૂર મળશે.

એક તો આવા કામથી બાળક તંદુરસ્તીમાં ખૂબ સુધરતું માલૂમ પડશે. બીજું, પોતાના પ્રિય ઉદ્યોગમાં મસ્ત રહી બાળક પોતાની માનસિક શક્તિમાં પણ ઘણું તેજ થતું દેખાશે. ત્રીજું, બાળક આગળ એક અદ્‌ભુત દુનિયા ઉઘડશે. કુદરતના એક અદ્‌ભુત ચમત્કારનું તે સાક્ષી બનશે. નાના સરખા સુકાઈ ગએલા દાણા જમીનમાં વેરી દીધા કે ચાર દિવસે બધું લીલુંછમ થઈ જાય, રોજ ને રોજ તે ઉંચું ને ઉંચું થતું જાય, અને દહાડે એના ઉપર ફૂલ બેસે, ફળ બેસે. બધું અદ્‌ભુત છે–સુંદર છે. બાળકને તે અપરિમિત આનંદ આપનારું છે.

બાળકને સોંપી દીધેલા જમીનના કટકામાં એ ગમે તે વાવી જુએ. ઘરમાં જેટલા દાણા હોય–

[illegible] બેસાણી માંગીને ઢોળ, ઘઉં, બાજરો, ખાંડ તે [illegible] [illegible]. [illegible] [illegible] કેમ ઊગે, તેના ઉપર કેવાં [illegible] [illegible], કેવી શીંગો કે ડુંડીઓ કે ફૂલો બેસે, [illegible] [illegible] ને પછી બીજું થાય. એના બાગને [illegible] [illegible]. નિયમો લાગુ પાડવા નહિ. [illegible] ને [illegible] [illegible] [illegible] બાળકને ત્યાં [illegible] [illegible] [illegible] મૂકવું. [illegible] [illegible] ત્યાં [illegible] [illegible] [illegible] ભાગે ત્યાં તેને [illegible] [illegible] [illegible] મૂકવું નહિ. બાળક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] બાલિકા પ્રવૃત્તિ [illegible] [illegible] [illegible] નહિ કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મૂકવું નહિ.

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

(૩) [illegible]

[illegible]

કૃતકૃત્ય માનીએ છીએ. આ બધી ભાવના બાળ-કમાં પણ બીજા રૂપે હોય છે, અને તે તેને વિકસાવવા માગે છે. તે માટે આપણે તેને જરૂર મદદ કરવી ઘટે.

ઘણાંઓએ એમ ભૂલથી માન્યું કે બાળકોને ઢીંગલી પોતીયાંથી રમવા દઈને તથા તેમની ઘર-ઘરની રમતને ઉત્તેજીને આ કાર્ય સધાશે; પણ એ બરાબર નથી. ઢીંગલી કે ઘરઘરની રમત ઉત્તેજવાથી આપણે બાળકને સાચાને અભાવે તરંગથી જીવી લેવાનો રસ્તો માત્ર આપીએ છીએ. તરંગમાં કલ્પેલાં પંચપકવાનોથી કોઈ દિવસ કોઈનું પેટ ભરાયું નથી. તેમ જ તરંગમાં બાળકો તરીકે માની લીધેલાં ઢીંગલાં ઉપર વ્હાલ ઢાલવીને બાળકો પ્રેમ કેળવી શકતાં નથી. બાળકોને વ્હાલ ઢાલવવા માટે સાચી જીવતી વસ્તુઓ આપીએ એ જ જરૂરનું છે. એકાદ બિલાડું કે કુતરું કે બકરું કે પોપટ કે કુકડીનાં બચ્ચાં કે સસલાં વગેરે ઘરમાં રાખવાથી બાળકને અપરંપાર લાભ થાય છે.

એક તો એમાં બાળક વ્હાલ કરે તેનો સામેથી પ્રત્યુત્તર મળી શકે છે. તેથી તેનામાં ખરી સહાનુભૂતિ ને પ્રેમ જન્મે છે. બીજું બાળ-કથી કેવળ પોતાના તરંગ પ્રમાણે વર્તી શકાતું

નથી; સામે જીવતું પ્રાણી હોવાથી બાળકને સાચી વાસ્તવિક દુનિયામાં જ આવવું પડે છે. ત્રીજું, તેને સાચેસાચ ખવરાવવા પીવરાવવામાં, ન્હવરાવવા ધોવરાવવામાં બાળકને રોકાવું પડે છે, તેથી તેનામાં માત્ર કાલ્પનિક ક્રિયા કરીને સાચા કામની અણઘડતા રહેતી નથી; પણ સાચેસાચ જ બધું કરવાનો આનંદ પણ મળે છે, ને તે કામની સુઘડતા પણ તેનામાં આવે છે. ચોથું, બાળકનું ધ્યાન કુદરતી રીતે જ પ્રાણીજીવન તરફ ખેંચાય છે; તેમની ખાસિયતો તે ઝીણી નજરે અવલોકે છે ને ધ્યાનમાં રાખે છે. બાળકની વૈજ્ઞાનિક અવલોકનશક્તિને આ રીતે મદદ મળે છે.

એકંદરે માણસાઇથી માંડીને વૈજ્ઞાનિક સુધીના ઘણા લાભો તેમાંથી જન્મે છે. તેથી જ્યાં જ્યાં શકય હોય ત્યાં ત્યાં માબાપોએ બાળક માટે એકાદ પ્રાણી તો પાળવું જ અને બાળકને પોતાને તેની સારવાર કરવાની તક આપવી. તેના પરત્વેની સાચી જવાબદારી તેને લેવા દેવી. છતાં તે પ્રાણીમાં આખું કુટુંબ રસ લે એ તો જરૂરનું છે જ.



પ્રકરણ અગિયારમું

ઘરમાં સંગ્રહસ્થાન

ઘરમાં સંગ્રહસ્થાન

સર્વોત્તમ સંગ્રહસ્થાન તો સૃષ્ટિ પોતે જ છે. પરંતુ એ સંગ્રહસ્થાન એટલું બધું વિશાળ છે કે આપણે એક દૃષ્ટિમાં માત્ર તેનો સાવ થોડો જ ભાગ જોઈ શકીએ. એટલે આપણા નાના કામ માટે આપણે એક નાનું એવું સંગ્રહસ્થાન રાખવાની જરૂર રહે છે.

આવું સંગ્રહસ્થાન બાળકને સૃષ્ટિના મોટા સંગ્રહસ્થાનની કાંઈક ઓળખાણ કરાવવાનું કામ કરી શકશે. આકર્ષક વસ્તુઓ સંગ્રહવાની બાળકોમાં જે સ્વાભાવિક વૃત્તિ છે તેને વધારે વ્યવસ્થિત કરવાનું અને તે કામને સાચી દિશા આપવાનું કામ આવું સંગ્રહસ્થાન કરે. વળી સંગ્રહસ્થાન બાળક પાસે વસ્તુસંગ્રહના હેતુઓ આકર્ષક રીતે મૂકી શકે. સંગ્રહસ્થાનમાં વર્ગીકરણ મુખ્ય વસ્તુ હોય તેમાં કોઈ પણ કલાત્મક રચનાનું મુખ્ય અંગ બાળક આગળ પ્રત્યક્ષ થાય.

[illegible]

[illegible]

માટે પોતાની પાસે સ્થળાવકાશ કેટલો છે તેનો વિચાર કર્યા પછી સંગ્રહસ્થાન રચવું.

સંગ્રહસ્થાનમાં કલાની દૃષ્ટિ એ એક બીજી અગત્યની વસ્તુ છે. સંગ્રહસ્થાનમાં સંખ્યાની ખાતર તો નહિ જ પણ વસ્તુની ખાતર વસ્તુ પણ ન જ આવવી જોઈએ. ખરેખર સુંદર હોય તે જ સંગ્રહાય. વસ્તુની પસંદગીમાં શુદ્ધ કલાવૃત્તિ જ મુખ્ય હોય. વસ્તુ નૈસર્ગિક છે કે દેશી છે કે ઈટાલિયન છે માટે તે લેવા જેવી જ છે એમ ન હોય. કુદરતમાંથી વસ્તુ વીણીએ પણ તે કલાદૃષ્ટિની ચાળણીએ ચાળીને લઈએ. દેશી છે માટે જ ગાય, ઘોડા ને ઊંટ વગેરેની પ્રાથમિક ને કદરૂપી પ્રતિકૃતિઓ કે ઢીંગલા ઢીંગલી જેવી (vulgar) ગ્રામ્ય કૃતિઓ કે ચિત્રોને સંગ્રહસ્થાનમાં જગા ન જ હોય. આપણું છે માટે સારું જ એ સાચો દેશપ્રેમ નથી; એમાં વિવેકરહિતપણું છે. તેમ જ ઈટાલિયન કે જાપાનીઝ કૃતિઓ હરહમેશ કલાના નમૂના છે એવું માનવાની ભૂલ ન જ કરીએ. ગામના વેરાને ત્યાં મળતા કાચના ગ્લાસેસ અને પ્યાલા રકાબીઓથી ઘણા લોકો પોતાનાં ઘર શણગારે છે, જે તેમનાં કલાપ્રધાન માનસને અપમાન પહોંચે છે. સંગ્રહસ્થાનમાં આવું અસ્થાને છે.

બાળ સંગ્રહસ્થાનને સઘળી કુરૂપ, કઢંગી ને ગ્રામ્ય વસ્તુથી પહેલી તકે બચાવીએ. આપણે ઓછી વસ્તુથી શરમાયા વિના ચલાવી લઇએ. ઓછી કિંમતની વસ્તુથી શરમાવાનું નથી; શરમ માત્ર કલાવિહીન વસ્તુઓ સંગ્રહવામાં છે.

પસંદ કરેલી વસ્તુને જો બરાબર ગોઠવીએ તો જ વસ્તુસંગ્રહને સંગ્રહાલયનું નામ આપવાની યોગ્યતા આવે. ગોઠવણ વિષે વિસ્તારથી કહેવાનું આ સ્થળ નથી.

ગોઠવણમા 'સીમેટ્રી'–નિયમાનુસાર રચનાને સ્થાન છે. છતાં ત્યાં પણ એકનું એકપણું આવીને કંટાળો ન આવે તે જોવાનું છે. આપણે બાળકોમાં આ બન્ને વાત જોઇશું. નિયમબદ્ધતા –'સીમેટ્રી' ન હોય તો તેમને ગમતું નથી તેમ જ તેમને હંમેશનો એક જ નિયમ પણ રુચતો નથી. તેમનું તાજું મન નિયમનતામાં નવીનતા પણ માગે છે.

આગળ કહ્યું હતું કે સંગ્રહસ્થાન વિજ્ઞાનની દૃષ્ટિને પણ સાચવે. પણ વસ્તુ પસંદગી વૈજ્ઞાનિક દૃષ્ટિએ હોવા છતાં તે બાળ દુનિયાની અને કલાત્મક વૃત્તિને પોષે એવી તો હોવી જ જોઇએ. જેમ કે ફૂલ ને પાંદડાંને ચોપડીમાં દબાવીને તેનો

સંગ્રહ થઇ શકે. વળી સંગ્રહમાં પહેલા સ્થૂળ અને પછી ઝીણું વર્ગીકરણ આવી શકે. એમ જ પ્રાણીજીવનનો અને ભૂગર્ભનો પરિચય વગેરે થઇ શકે. પરંતુ તે બધું રમવાના ભોગે નહિ જ. સંગ્રહસ્થાન કદિ પણ વિજ્ઞાનની પ્રયોગશાળાનું રૂપ તો ન જ પકડે.

બાળકને મનુષ્ય કૃતિનો–મનુષ્યના ઉદ્યોગોનો પરિચય આપવા માટે માટીકામના સુંદર નમુના, તાંબાપિત્તળનાં વાસણો, ભરતકામ, કાપડના નમુના વગેરે સંગ્રહસ્થાનમાં પોતાનું સ્થાન મેળવી શકે છે. બાળકો ઉદ્યોગ માગે છે. તેમની આગળ જુદા જુદા ઉદ્યોગોની દિશા ઉઘડે તેની સાથે જ તેમાંથી જન્મતી સુંદર કલાકૃતિઓ તે જુએ એટલા માટે સંગ્રહસ્થાનમાં આ પ્રકારની વસ્તુઓને સ્થાન છે.

આ ઉપરાંત દેશદેશની ઐતિહાસિક તેમ જ ભૌગોલિક દૃષ્ટિએ વસાવવા જેવી વસ્તુઓ (curios) ને પણ અમુક અંશે સ્થાન હોય. પણ નાનાં બાળકો માટે તો તે બધું વિવિધ વિચિત્રતાઓના પરિચય રૂપ માત્ર છે.

પ્રકરણ બારમું

આનંદ વિનોદ

આનંદ વિનોદ

સાંજ પડે કુટુંબનાં બધાં નાનાં મોટાં એકઠાં થઇ એકાદ રમત રમાતી હોય, અથવા નાનાં નાનાં બાળકો માજીની પાસે એકઠાં થયાં હોય ને એકાદ કાગડા ચકલીની વાર્તા ચાલતી હોય, કે મોટાં બાળકો બાપા ફરતાં બેસી ગયાં હોય ને આજે ગામમાં આમ બન્યું ને મુંબઇમાં આમ બન્યું ને એવી વાતો ચાલતી હોય, કે બાની પાસે બેસી એકાદ હાલરડું કે બીજું ગીત સાંભળતાં હોય, એ કુટુંબજીવનનું એક આનંદમય દૃશ્ય છે. પરંતુ દુઃખની વાત એ છે કે આજે ક્યાંક જગ્યાની સંકડાશને કારણે, ક્યાંક મોટાંઓની વધારે પડતી ગંભીરતાને કારણે, ક્યાંક મોટાંઓને વખત ન હોવાથી તો ક્યાંક માતપિતાઓ પાશ્ચાત્યના અનુકરણથી ક્લબ સભાઓ વગેરેમા પડ્યાં હોવાથી આ પ્રકારની રમત ગમતને અવકાશ રહ્યો નથી.

વાર્તા, રમત, ગીતો, સહવાચન, નાટ્યપ્રયોગો અને વાતચીત અમુક પ્રમાણમાં કુટુંબના જ વિષયો છે. બાળકો અને મોટેરાંઓ વચ્ચે સંધાણ કરનારા એ બધા વિષયો છે. કુટુંબમાં કુટુંબપણું લાવનારા વિષયો છે. સવાર પડે કે ઘરનાં માણસો બધાં વીંખાઈને દરેક જણ પોતપોતાને કામે ચડે છે; કોઈને કોઈની સાથે બોલવાની કે ચાલવાની નવરાશ હોતી નથી. આમ છૂટાં પડી ગએલાં બધાં સંધ્યાકાળે ભેગાં મળે ને કોઈ આનંદની પ્રવૃત્તિ ચાલે તે કુટુંબજીવનને પોષક છે, બાળજીવનને ખીલવનાર છે.

વાર્તા

વાર્તા બાળકોની કક્ષા જોઈને કહેવી; બાળક સમજે તેવી સાદી ભાષામાં કહેવી. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ વાર્તા અને ભાષા ઉંચી કક્ષાએ ચડાવવી.

વાર્તાના વસ્તુ પરત્વે થોડો વિચાર કરવો. વધારે પડતી તરંગી વાર્તાઓ તંદુરસ્ત ન ગણાય; તેમ જ સામાજિક સડાનું, હલકટતાનું સંકુચિત સ્વાર્થી યુક્તિ-બુદ્ધિ વગેરેનું શિક્ષણ મળે તેવી વાર્તાઓ છોડી દેવા જેવી ગણાય.

વાર્તા કહીને પછી વાર્તા કહાવવાનો આગ્ર-

જડમાં ન પડવું; તેમ જ વાર્તાનો સાર કહી ઉપદેશ કરવા પણ બેસવું નહિ. વાર્તા પહેલેથી છેલ્લે સુધી સળંગ, યોગ્ય ભાવ, અભિનય ને છટાથી કહેવી.

ફરી ફરીથી તે જ વાર્તા બાળકો માગે તો જ્યાં સુધી માગે ત્યાં સુધી તે જ વાર્તા ચલાવવી. બધી સારી વસ્તુની જેમ વાર્તાની પણ અતિશયતા સારી નથી. બાળક ગમે તે વખતે માગણી કરે કે વાર્તા કરવા બેસવું જ જોઇએ એવું નથી. વાર્તાના કહેવાને વખતે પરવારીને વાર્તા કહેવું એમ જ દલનાથી કહેવું જોઇએ. બેશક એમાં આપણી બુદ્ધિ વાપરી કોઇ વખતે વખતનો ફેરફાર કરવો.

વાર્તાઓ ન આવડતી હોય તો વાર્તાની ચોપડીઓની મદદ લઇ વાર્તા શીખી લેવી. કહેવાની શૈલી અને ભાષા વિષે પણ જાણી લેવું. 'વાર્તાનું શાસ્ત્ર' નામના પુસ્તકમાં આને વિષે ઘણી ઉપયોગી ને રસિક માહિતી મળશે.

રમત

રમત ઘરમાં રમવાની ને બહાર રમવાની બન્ને હોય. માબાપ ભલે ત્યારે જ બાળક રમે એમ તો ન જ થવું જોઇએ. તેમ જ રમતમાં તો માબાપ કે મોટાઓ હોય જ નહિ એવું પણ

આપણું વર્તન ન હોય. એટલું જ નહિ પણ રમતના મેદાનમાં આપણું સ્થાન હોવું જ જોઈએ.

ઘરની રમતો કૌટુંબિક જીવનને પોષે તેવી છે. રજા હોય અથવા કોઈ વાર રાત્રે જમ્યા પછી માબાપ, ભાઈ, બેન, દીકરીઓ, આડોશીપાડોશીઓ બધાં ભેગાં થાય અને કોઈ વાર અંતકડી, કોઈ વાર વરતો ઉખાણાં તો કોઈ વાર [illegible] કે એવી કોઈ રમત થાય તેમ છોકરાઓને [illegible] રમત મળે જ, પણ કુટુંબના આનંદમાં વધારો થાય [illegible] તેમાં બધાંને આનંદ પડે.

મોટાંઓએ સાથે ભળીને આનંદ [illegible] ખાતર રમવું તેમ જ [illegible] બતાવવા ખાતર પણ રમવું [illegible]

નાનાં બાળકો [illegible] સુખીનાને તો રમવા જ [illegible] મોટીબેન કોઈ વાર આપણાં [illegible] [illegible] કે એવું કાંઈક કાંઈક [illegible] એને ખૂબ આનંદ આવે છે.

બાળકોની રમતોમાં સાથે ભાગ [illegible] [illegible] પણ [illegible] આવડે [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ન [illegible] ને [illegible] [illegible]

પ્રતિષ્ઠિત રમતો છોડી બાળકોના સાત તાપલી, માટલી દાર કે કુંડુમાં ભળતું તેમની ઉંમર કે હોદ્દાને કે પ્રતિષ્ઠાને બાધક લાગે. પણ ખરું જોતાં એવું કશું નથી. આપણાં બાળકો સાથે રમવામાં ને શાળાના શિક્ષકોની પ્રતિષ્ઠા ઘટતી નથી તો આપણી તો કેમ જ ઘટે ? છોકરાનાં બાપ થવામાં જે પ્રતિષ્ઠા ઘટે તો જ તેમની સાથે રમવામાં ઘટે.

મોટાંઓએ પ્રત્યક્ષ રમવામાં નહિ તો પણ રમત જોવામાં તો ઘણી વાર ભાગ લેવો જોઇએ. રોજ નહિ તો અઠવાડિયે એકાદ વાર જોઇ ખાત્રી કરી લેવી ઘટે કે રમત સીધે રસ્તે ચાલે છે; તેમાં સ્પર્ધા, ઇર્ષા, અસત્ય કે ગાળાગાળી જેવાં અનિષ્ટ તત્ત્વો ભળ્યાં નથી કે બાળકો યોગ્ય વ્યવસ્થાને શાંતિથી રમતો રમે છે. બાળકોને એકલાં રમવા મોકલી દઇને એ કામ સરતું નથી. આજની આપણી શેરીની કે ધૂળ આઉંડ ઉપરની રમતોમાં આવાં અનિષ્ટ તત્ત્વો દાખલ થઈ ગએલાં છે. તેમાંથી બાળકોને બચાવવા સારૂ માબાપોએ મહેનત લેવી જ ઘટે. અર્થાત્ એ કામમાં શાળા અને ઘરે સહકાર સાધવાનો છે. 'એ બધું માસ્તરો જાણે ને બાળક જાણે, આપણે એમાં કાંઈ જાણતાં નથી,' એમ કહી માબાપ છૂટી ન જ શકે.

સંગીતશાસ્ત્રી રાખીને સંગીત શીખવવું એ બધાં કુટુંબો માટે શક્ય ન જ હોય. પણ ક્યાંઇક સારો સંગીતનો જલસો હોય, સારું ભજન થવાનું હોય તો તે સાંભળવા બાળકોને લઈ જઇએ. ઘરમાં પણ આપણને અથવા આપણાં સગાં-વ્હાલાંમાં કોઇને આવડતું હોય તો તેનું ગાયન કરાવીને બાળકોને સારું સંગીત સંભળાવીએ. સાંભળવાથી જ કાન અને સુરુચિ કેળવાય છે.

ઘરમાં આવી બધી આનંદની વસ્તુને ને રમતગમતને પૂરતો અવકાશ આપવાથી બાળકનું જીવન તો આલ્હાદમય બને જ છે. પણ માબાપોને થોડા જ દિવસોમાં અનુભવ થશે કે આવી પ્રવૃત્તિની આખા કુટુંબ ઉપર, કુટુંબના આખા વાતાવરણ ઉપર, કુટુંબનાં સગાંઓના એક બીજા પ્રત્યેના ભાવ ઉપર પણ એક સુંદર તંદુરસ્ત અસર થાય છે. સ્ત્રી, પુરુષ, બાળકો અને બીજાં સગાંસંબંધીઓ સૌને એક તંતુથી બાંધવાનું કામ આવી એકત્ર મળીને કરેલી પ્રવૃત્તિઓ કરશે એમાં શંકા નથી.

⊙

સંગીત

આપણે સામાન્યતઃ શાસ્ત્રીય સંગીતને ઘરમાંથી હદપાર જ કર્યું છે. અને જે થોડું ઘણું ક્યાંક ક્યાંક રહ્યું છે તે કાંઇક હલકું ને બેહૂદું એવું છે. વાદ્યની પણ એ જ સ્થિતિ છે. સતાર, બીન, સારંગી, દીલરૂબા જેવાં મધુર વાદ્યોને ઘરમાંથી રજા મળી છે, અને હારમોનિયમો જ્યાં ત્યાં રણકે છે. આપણે બાળકોને સંગીત ન શીખવીએ તો પણ સંગીત સંબંધેની તેમનામાં સુરુચિ તો જરૂર કેળવીએ. બસૂરૂં ને બેતાલ ગાયન તેના કાનને જ ખૂંચે અને સુરીલા અને તાલબદ્ધ ગાયનથી સહેજે તે ડોલે. હાલની આપણી રંગભૂમિ ઉપર અથવા સામાન્યતઃ હલકા ધંધાને અંગે પતિત થએલા સંગીતથી શુદ્ધ શાસ્ત્રીય સંગીત કેટલું જુદું છે એનો બાળકને સહેજે ખ્યાલ આવે એવું આપણે કરવું જોઇએ. તે કેમ કરવું ? કોઇ પણ બાબતમાં સુરુચિ કેળવવાનો એક જ રસ્તો છે. તે એ કે તે વસ્તુના ઉત્તમ સંસ્કારી પ્રકારથી બાળકને પરિચિત કરવું. બાળકને કાને હમેશ અથવા જ્યારે તક મળે ત્યારે સારું સંગીત પડતું હોય તો તે સંબંધેની સુરુચિ તેનામાં વિના પ્રયાસે આવે છે.

સંગીતશાસ્ત્રી રાખીને સંગીત શીખવવું એ બધાં કુટુંબો માટે શક્ય ન જ હોય. પણ ક્યાંઇક સારો સંગીનનો જલસો હોય, સારું ભજન થવાનું હોય તો તે સાંભળવા બાળકોને લઈ જઇએ. ઘરમાં પણ આપણને અથવા આપણાં સગાં-વ્હાલાંમાં કોઇને આવડતું હોય તો તેનું ગાયન કરાવીને બાળકોને સારું સંગીત સંભળાવીએ. સાંભળવાથી જ જ્ઞાન અને સુરુચિ કેળવાય છે.

ઘરમાં આવી બધી આનંદની વસ્તુને ને રમતગમતને પૂરતો અવકાશ આપવાથી બાળકનું જીવન તો આલ્હાદમય બને જ છે. પણ માબાપોને થોડા જ દિવસોમાં અનુભવ થશે કે આવી પ્રવૃત્તિની આખા કુટુંબ ઉપર, કુટુંબના આખા વાતાવરણ ઉપર, કુટુંબના સગાંઓના એક બીજા પ્રત્યેના ભાવ ઉપર પણ એક સુંદર તંદુરસ્ત અસર થાય છે. સ્ત્રી, પુરૂષ, બાળકો અને બીજાં સગાંસંબંધીઓ સૌને એક તંતુથી બાંધવાનું કામ આવી એકત્ર મળીને કરેલી પ્રવૃત્તિઓ કરશે એમાં શંકા નથી.

⊙

પ્રકરણ તેરમું

ક્યારે કરશું ?

ક્યારે કરશું ?

આ બધું વાંચીને ઘણુંયે આભાષ કરશે કે આટલું બધું અમે ક્યારે કરશું ? કદાચ કેટલાં-કોએ તો અડધેથી જ શુષ્ક ગણીને વાંચવું છોડી પણ દીધું હશે!

પ્રશ્ન છે કે ક્યારે કરશું.

જવાબ તો એક જ હોય શકે. Where there's a will there's a way—ઇચ્છા હોય તો બધુંય થઈ રહે છે. વખત પણ મળે છે ને પૈસા પણ મળે છે; ધીરજ પણ આવી રહે છે ને દૃષ્ટિ પણ મળે છે.

[illegible]

આપેલાં આપણાં બાળકો માટે આપણે ફુરસદ ન મેળવી શકીએ તે દિવસે જાતદ્રોહ કર્યો છે, સમાજદ્રોહ કર્યો છે એમ જ આપણને લાગવા માંડશે. આપણાં બાળકો સાથે બે ઘડી આનંદ મોજ ન કરી શકયાં તે દિવસ આપણને વ્યર્થ ગયા જેવો લાગશે. બાળકની મૂંઝવણ દૂર કરી તેના વિકાસનો માર્ગ ઉઘાડી જે દિવસે આપણે તેના મૂંઝાતા જીવને શાંતિસુખ આપ્યું હશે તે દિવસ એ આપણા જીવનની એક ધન્ય પળ આપણને લાગશે.

આ બાબતનો સર્વ આધાર આપણી જીવન તરફની દૃષ્ટિ ફરવા ઉપર છે; બાળકો એટલે આપણા ભોગવિલાસનાં ન ટાળી શકાય એવાં કુ-પરિણામો નથી પણ આપણા ઉચ્ચ પ્રેમજીવનનાં અદ્દભુત એવાં સુપરિણામો છે એવી વૃત્તિ થવા ઉપર છે; બાળકો એટલે જગતના મોટા ને મહત્ત્વના વ્યવહારોના પ્રમાણમાં ધ્યાનમાં ન લેવા જેવી વસ્તુઓ એમ નહિ, પણ બાળકો એટલે તો આવતી પેઢીના બીજાંકુરો ને તેમની સંભાળ અને ઉછેરમાં આવતી પેઢીનું ને સમસ્ત મનુષ્યજાતિનું કલ્યાણ રહેલું છે એ ભાવના જાગૃત થવા ઉપર છે.

કયારે કરશું ? આપણાં કામકાજમાંથી

વખત મેળવીને કરશું. આપણી કલબો, આપણી જાહેરસભાઓ, આપણી સમાજસેવા વગેરેમાંથી થોડો થોડો વખત મેળવીને કરશું.

ક્યારે કરશું ? આપણા ગામગપાટાનો વખત બચાવીને કરશું. આપણો બપોરનો આરામનો વખત, ફુરસદ ને ભરત ગૂંથણનો વખત વગેરેમાંથી બચાવીને કરશું. ઘરના કામકાજની સુવ્યવસ્થામાંથી વખત બચાવીને કરશું. કમાવા અથવા જાહેરમાં કામસેવા કરવા જવાના વખતમાંથી વખત કાઢીને કરશું.

બાળકોને યોગ્ય એવા ઉદ્યોગે લગાડવાની આવડત જે આપણે કેળવશું તો અનુભવ થશે કે આપણો ફુરસદનો વખત ઊલટો વધ્યો છે કારણ કે જ્યારે ત્યારે બાળકો આડાં આવતાં મટ્યાં છે. તેઓ પોતાનું કામ શાંતિથી કરતાં થાય એટલે આપણે પણ આપણું કામ શાંતિથી કરી શકીએ.

બાળકોની સાથે તેમની રમતગમતમાં ને આનંદવિનોદમાં આપણે ભાગ લેવા લાગશું એટલે આપણને ખબર પડશે કે આપણને તેમાંથી એવો ઉત્સાહ ને શક્તિ મળે છે, એવો આરામ અને

આનંદ મળે છે કે આપણે આપણાં બીજાં કામો બમણા જોરથી કરી શકીએ. બાળકોને સુખી જીવન આપવાથી આપણું ઘર અને આપણું કુટુંબ એવું સુખી બનશે કે આપણને બીજાં કામકાજો બાજુએ ખસેડ્યાનો દસગણો બદલો મળી ગયાની ખાત્રી થશે.

જરૂર, આપણે આપણી કેટલીએક મહત્ત્વાકાંક્ષા ઉપર અંકુશ મૂકવો પડે. જરૂર, કેટલીએક મોજમજાહો ઉપર પાણી મૂકવું પડે. કેટલાએક શોખના વિષયો જતા કરવા પડે. પણ માબાપોને શું પોતાનાં બાળકો માટે આટલું કરવું અઘરું છે? માબાપોના પ્રેમમાં મને શ્રદ્ધા છે. તે પ્રેમની પાસે બાહ્ય માનમાન્યતા કે મોજશોખ ટકી ન જ શકે એવી મારી ખાત્રી છે. માટે જ આ પુસ્તક લખાયું છે, અને તે જ શ્રદ્ધાથી તે માબાપોના હાથમાં મૂકું છું.